સવારના નવશેકુ પાણી પીવું, જમવામાં મગનો ખોરાક, ઉકાળેલું પાણી, ખાખરા જેવા હલકા પદાર્થ હોય કે ઘઉં, ઘી, ગોળમાંથી કે ગાયના દૂધમાંથી બનતી વાનગી હોય — આ બધું જ આયુર્વેદ છે.

સાદો, સુપાચ્ય ખોરાક અને સાંજે વહેલા જમી લેવું તે પણ આયુર્વેદની જ એક પ્રણાલી છે કે લાઈફ સ્ટાઈલ છે.

હમણા કોરોનાના સમયે આપણે સહુએ અનુભવ કર્યો કે હાથ ધોવા, નાસ લેવી, ગરમ પાણીના કોગળા કરવા, ઈમ્યુનિટી વધે તેવું ભોજન કરવું, ખૂબ ચોખ્ખાઈ રાખવી, નજીક નજીક ન રહેું, તડકાનું નિયમિત સેવન કરવું, ચોખ્ખી હવા લેવી વગેરે દિનચર્યા બિલકુલ આયુર્વેદની જ છે.

અત્યારે આપણે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પરથી દરેક રોગો માટેની આયુર્વેદ દવાઓ કરીએ છીએ અને હવે પંચકર્મ પણ શરૂ કરેલ છે. આપણે ત્યાં આપણે નસ્ય, સ્નેહન, સ્વેદન, હેર પેક, ફેઈસ પેક, શિરોધારા, વિરેચન, અલગ અલગ પ્રકારની બસ્તી વગેરે શરૂ કરેલ છે.

આ દરેક કાર્યો કયા રોગોમાં ઉપયોગી થાય તે વિશે અહિયા જણાવીએ છીએ.

■ **નસ્ય :** શરદી, કફ, એલર્જીની છીંક, માઈગ્રેન, વર્ટીગો, ચહેરાનો લકવા, માથાનો દુઃખાવો, વાયુ, પિત્ત ઉપર ચઢી જવા તે, ચહેરા પરના - આંખ પરના સોજા, ઉંમર દેખાવી, કરચલી પડવી, ચહેરાની કાળાશ, રફનેસ, નાકમાંથી વાસ જતી રહેવી, દુર્ગંધ આવવી, નસકોરા બોલવા વગેરે રોગોમાં ઉપયોગી છે.

■ **સ્નેહન - સ્વેદન :** ત્વચાની કાળાશ, રફનેસ, મેદસ્વિતા, ડાયાબિટીસ, સાંધામાં ઘસારો, સાંધાનો સોજો, ફ્રોઝન શોલ્ડર, ટેનિસ એલ્બો, ગઠિયો વા, ચામડી પર એલર્જી, શીળસ નીકળવું તે, લકવા પર, નસોની નબળાઈ પર, શરીરમાં સુન્નતા આવી જવી અને ઘણા રોગો પર કામ કરે છે.

■ **શિરોધારા :** વાળ માટે અત્યંત લાભદાયી, ખરતા વાળ, ખોડો, ટાલ પડવી, ઉંદરી થવી, ભૂલકણાપણું, ડિપ્રેશન, એન્ઝાઈટી, મનની સુન્નતા, ક્રોધ આવવો, સ્ત્રીઓના મેનોપોઝ વખતે, વગેરેમાં ખૂબ મદદગાર છે.

તમારા દરેક પ્રશ્નોનો ઉકેલ આયુર્વેદમાં છે જ. રોગો મટાડવા ઉપરાંત લાંબું જીવન, નિરોગી જીવન જીવવા માટેનું પણ શાસ્ત્ર છે અને આપણે ત્યાં તે માટેના ઔષધો પણ પ્રાપ્ત કર્યા છે.

***આપ સહુના કોઈપણ પ્રશ્નો હોય તો તે લખી જણાવવા વિનંતી.***

હેર ઓઈલ, મસાજ ઓઈલ, હેર પેક, હેર કલર પેક, ફેસવોશ, શેમ્પુ, મહેંદી, નાના બાળકોની શક્તિની દવા, પથરી માટેના ઉકાળા, ચીકન ગુનિયા ડેન્ગ્યુ માટેના ઉકાળા, સગર્ભા સ્ત્રીઓ માટે ૯ માસ માટેના ઉકાળા, ગર્ભસ્રાવ, ગર્ભપાત ન થાય તે માટેના ઉકાળા અને દવાઓ પ્રાપ્ય છે.

*(વધુ આવતા અંકે....)*

**ડૉ. ગાર્ગીબેન વસાવડા**
**આયુર્વેદ વિભાગ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ**

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : મહિલા ઉત્કર્ષ સમિતિ

## શુક્રવાર, તા. ૧૧-૩-૨૦૨૨ના યોજાયેલ કાર્યક્રમનો અહેવાલ

***કોરોના રાજ બાદ સમિતિના કાર્યક્રમોની ધમાકેદાર શરૂઆત. ૧૦૦ રજિસ્ટ્રેશન અને ૧૧૦ની હાજરી સંગીતના સૂરતાલ સાથે ગરબાની રમઝટ અને સમાજની 'Kutch Organics'નો પરિચય આપતો કાર્યક્રમ ઉજવાયો***

*"કોઈ પણ સમાજની પ્રગતિ, તે સમાજની મહિલાઓની પ્રગતિ જોઈને હું નક્કી કરું છું"* – શ્રી આંબેડકર સાહેબના આ કથન સાથે સૌને મીઠો આવકાર અપાયો હતો.

Women's Day નિમિત્તે સૌ બહેનોએ એકબીજાને શુભ કામનાની આપ-લે કરી હતી. કોરોનાકાળ દરમિયાન ઘણાએ પોતાના સ્વજનો, મિત્રો, સગા-સંબંધીઓને ગુમાવ્યા છે, એ સૌને નવકાર ગણીને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. ઘણા સમય બાદ સૌ બહેનો ઉત્સાહપૂર્વક ભેગા થયા હતા. દરેક ઉંમરની બહેનો ઉમળકાભેર ભાગ લઈ શકે – એ હેતુથી ગરબાનું આયોજન કરાયું હતું. જેમાં બહેનો મન મૂકીને રમ્યા હતા અને પેટ ભરીને વાતો પણ કરી હતી.

સમિતિની પ્રણાલી મુજબ જે કોઈ બહેનો પોતે અર્થોપાર્જન (કમાતી) કરતી હોય, એમની આવડતને સમાજ સુધી પહોંચાડવા માટે દરેક કાર્યક્રમમાં સમિતિ એમને પ્લેટફોર્મ પૂરું પાડે છે. આ વખતે ૯ બહેનોએ પોતાની પ્રોડક્ટ્સ પ્રદર્શિત / વેચાણ કરી હતી. આ આત્મનિર્ભર બહેનો છે :

| | | |
|---|---|---|
| ૧. | કાંતાબેન/સીમાબેન | : ઘરના તાજા નાસ્તા |
| ૨. | મધુરીબેન ડાઘા | : સાંગલીની હળદર |
| ૩. | હીના નીસર | : ગણેશ ચિક્કી |
| ૪. | સોહિની શાહ | : હેન્ડ મેડ જ્વેલરી |
| ૫. | દિપીકા નીસર | : હેન્ડિક્રાફ્ટ |
| ૬. | કલ્પના પાલાણી | : હેન્ડ મેડ જ્વેલરી |
| ૭. | કલ્પનાબેન | : હોમ મેડ નેચરલ શરબત |
| ૮. | યામિની મહેતા | : હેલ્થ / બ્યુટી / હોમ કેર પ્રોડક્ટ્સ |
| ૯. | મનીષા મહેતા | : બાયોમેગ્નેટીક થેરાપી. |

કાર્યક્રમના ઉત્તરાર્ધમાં કેમિકલ ફ્રી અનાજ / કઠોળ / શાકભાજીની જાગૃતિ લાવવાના અભિયાન અંતર્ગત કન્વીનરે (KO ટીમના કાર્યકર હોવાના નાતે પણ) Kutch Organics નો પરિચય આપ્યો હતો અને બહેનોને એમની ફરજ પ્રત્યે સજાગ પણ કર્યા હતા.

આજકાલ બહેનોમાં મેનોપોઝ વખતે બ્લડ પ્રેશર, ડાયાબિટીસ, થાઈરોઈડની સાથે કેન્સર / કિડનીના રોગો જેવા જીવલેણ રોગોનું પ્રમાણ સમાજમાં ખૂબ વધતું રહ્યું છે. એનું કારણ છે : રસાયણયુક્ત ખોરાક. અનાજ / કઠોળ / શાકભાજી ઉપર છંટાતા બેસૂમાર કેમિકલ્સ. જે જમીનને બંજર બનાવીને જ છોડે છે. શાકભાજીને માત્ર ધોવાથી આ કેમિકલ્સમાંથી છુટકારો નથી મળી શકતો કેમકે આ તો જમીનમાંથી જ એના કોષોમાં ઘૂસી ગયા છે. એનો એક જ ઉપાય / પર્યાય છે – કેમિકલ ફ્રી અનાજ / કઠોળ / શાકભાજી.

સામાન્ય રીતે કેમિકલ ફ્રી કે ઓર્ગેનિક શબ્દ આવે એટલે બહેનોના મગજમાં અનેક સવાલો ઉદ્ભવે. આ ખરેખર કેમિકલ ફ્રી હશે ને? ભરોસાપાત્ર હશે? મોંઘુ તો નહીં હોય? પછી નિયમિતપણે મળશે ખરું ને? વગેરે વગેરે.... બહેનોના આ બધા જ પ્રશ્નોના નિરાકરણ માટે જ Kutch Organics નો જન્મ થયો, નિર્માણ થયું. છેલ્લા કેટલાક મહિનાઓથી સમાજના કેટલાક સંનિષ્ઠ કાર્યકરોએ ખૂબ જહેમત ઉઠાવીને, તેની ખરાઈ કરીને, નિઃસ્વાર્થભાવે, કોઈ નફો કર્યા વગર આ કેમિકલ્સ ફ્રી અનાજ - શાકભાજી અને કઠોળ ખેતરથી થાળી સુધી (From Farm to Fork) પહોંચાડવા એક ઝુંબેશ ઉઠાવેલ છે. જે માત્ર જૈનો માટે જ નહીં કે માત્ર કચ્છીઓ માટે જ નહીં પણ અમદાવાદમાં વસતા કોઈ પણ પરિવાર આ સેવાનો લાભ લઈ શકે છે. Kutch Organics means 100% Organic & 0% Profit.

આ ચળવળના પ્રણેતા છે શ્રી હીરેન શાહ (એચ.કે.) અને એમની ટીમ. કન્વીનર શ્રી વિમેષ શાહ અને એવા જ એક એક્ટીવ મેમ્બર CA ચિંતનભાઈ વ્યાસ. જે આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા અને આ વિષય ઉપર જાણકારી આપી હતી. કેમકે તેઓ પોતે કેમિકલ ફ્રી અનાજના પરખનાર / ઉગાડનાર / ઉગાડતા શીખવનાર અને આ બધી જ કેમિકલ ફ્રી ચીજવસ્તુઓને આપણા સુધી પહોંચાડવાની ક્ષમતા ધરાવનાર વ્યક્તિ છે. SS Ravi / Art of Living ના Apex committee member પણ છે.

એમના વક્તવ્યમાં અનાજના પ્રકારો, કેમિકલ ફ્રી અનાજની પરખ, અગત્યતા, ફાયદા, રસાયણયુક્ત અનાજથી થતા રોગો, રસાયણોથી જમીનનું નુકસાન, genetically modified અનાજ / ફળફળાદિ, ભાવિ પેઢી માટે અત્યંત હાનિકારક અને ખેડૂતોની વ્યથા વગેરે વિષયો પર સમજ આપી હતી. Kutch Organics

કેવી રીતે, કયા સિદ્ધાંતો ઉપર કામ કરે છે, એ પણ સમજાવ્યું હતું.

**પરિવારની તંદુરસ્તી માટે કેમિકલ ફ્રી અનાજ ઘરબેઠા K.O. દ્વારા મંગાવતા થઇએ...**

**નિઃસ્વાર્થભાવે કામ કરતા કાર્યકરોને સહકાર આપતા થઇએ...**

**આવનારી પેઢીને ફળદ્રુપ જમીન આપીને જઇએ...**

આ વિચારધારા સાથે બહેનોએ Women's Day નિમિત્તે સંકલ્પ લીધો અને આ ઝુંબેશમાં જોડાયા. Kutch Organics ની એ દિવસ માટેની સ્પેશિયલ સ્કીમનો લાભ લઇને લગભગ ૩૦થી વધુ બહેનોએ ઓર્ડર નોંધાવ્યા હતા અને ઘરબેઠા અનાજ / કઠોળ મેળવ્યા હતા.

આ કાર્યક્રમને સફળ બનાવવા કમિટી મેમ્બર્સે ઘણી જહેમત ઉઠાવી હતી. બહોળી સંખ્યામાં હાજર રહેલ સૌ બહેનોએ આત્મનિર્ભર બહેનો પાસેથી ખરીદી કરીને તેમના ઉત્સાહમાં વધારો કર્યો હતો. શ્રી ચિંતનભાઈ વ્યાસનો પણ આભાર મનાયો હતો.

***સમિતિની પ્રવૃત્તિઓથી વાકેફ રહેવા આપ ચાહો તો સમિતિના WhatsApp Group માં જોડાઈ શકો છો. એના માટેનો નંબર છે : ૮૦૦૦૯ ૭૨૯૬૯***

***સુલુબેન શાહ, કન્વીનર - મહિલા ઉત્કર્ષ સમિતિ***




*કચ્છ ઓર્ગેનિક્સનો પરિચય આપતા શ્રી ચિંતન વ્યાસ*




*કાર્યક્રમનો આનંદ લેતી બહેનો*



*મુક્ત મને ગરબા રમતી બહેનો*



*દાંડિયાની મજા લેતી બહેનો*



*મુક્ત મને ગરબા રમતી બહેનો*







કાર્યક્રમ દરમિયાન પોતાની પ્રોડક્ટ્સ પ્રદર્શિત કરતી આત્મનિર્ભર બહેનો











## ઉચ્ચ શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ

### "સક્ષમ"

માર્ચ ૨૦૨૨થી સક્ષમ એડવાન્સ પ્રોગ્રામની શરૂઆત કરવામાં આવી છે. આ વિદ્યાર્થીઓએ ઓક્ટોબર ૨૦૧૯થી માર્ચ ૨૦૨૦ માં અથવા ઓક્ટોબર ૨૦૨૦ થી ડિસેમ્બર ૨૦૨૧ સુધી તેમનું 'સક્ષમ'નું પ્રથમ વર્ષ પૂર્ણ કર્યું હતું.

સાથે સાથે 'સક્ષમ'માં પહેલી વખત જ સામેલ થતાં ધોરણ ૬ થી ધોરણ ૧૨ સુધીના વિદ્યાર્થીઓની 'સક્ષમ' ફ્રેશ બેચ પણ આ જ મહિનાથી શરૂ કરવામાં આવી છે.

આ બેચ કચ્છી જૈન વિદ્યાર્થીઓ માટે બિલકુલ ફ્રી રાખવામાં આવી છે. તેમજ જે કચ્છી જૈન વિદ્યાર્થીઓએ પાછલા વર્ષે પૈસા ભર્યા હતા તેમને પણ ફી પાછી આપવાનું નક્કી કરી, પરત કરવામાં આવી રહી છે.

તદુપરાંત એપ્રિલ પહેલા અઠવાડિયાથી Parenting Club શરૂ થવા જઈ રહી છે. દરેક ઉંમરના બાળકોના માતા-પિતા આમાં રજિસ્ટ્રેશન કરાવી શકશે. આ પ્રોગ્રામ પણ કચ્છી જૈનો માટે તદ્દન ફ્રી રાખવામાં આવેલ છે. Parenting Clubની અવધિ પણ એક વર્ષની હશે.

*વિસ્તૃત માહિતી માટે સંપર્ક : ધ્રુવ : ૮૭૮૦૪ ૧૧૪૨૮*

ઉચ્ચ સ્તરીય વ્યવસાયીકો દ્વારા સંચાલિત આ કાર્યક્રમોમાં સમાજના વધુમાં વધુ સભ્યો જોડાઈને લાભ લે તેવી આશા.

***કન્વીનર, ઉચ્ચ શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ***

## સાધર્મિક સહાય સમિતિ

સાધર્મિક સહાય સમિતિની તા. ૧૪-૩-૨૨ના રોજ ભવન ખાતે લાભ લેતા લાભાર્થીઓનો રૂબરૂ સંપર્ક કરી અને આપવામાં આવતી સહાયની રકમની યથાર્થતાની પુનઃ વિચારણા કરવા અંગેની વિચારણા કરવામાં આવી. આ મીટિંગમાં શ્રી રમણિકભાઈ ગોસર, શ્રી કે.ડી. શાહ, શ્રી જીતુભાઈ સંઘવી વગેરે હાજર રહ્યા હતા.

## સમય સૂચકતા - કર્મનિષ્ઠા

તા. ૧૪-૦૩-૨૦૨૨ના રોજ શ્રીમતી ચેતનાબેન દિનેશભાઈ નાયક (ઉ.વ. ૬૦) જેઓ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે રૂમ નં.-૩૧૦માં રોકાયા હતા. અચાનક તેમની તબિયત બગડતા અતિથિ ભવનના શ્રી મોદીએ શ્રી નીતિનભાઈ ગાલાને જાણ કરી અને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરેલ. સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થતાં શ્રીમતી ગીતાબેન રાંભિયા ટ્રસ્ટના બચુભાઈ રાંભિયાને તેમના મૃતદેહને તેમના વતન મુંબઈ લઇ જવાની વ્યવસ્થા કરી આપવા માટે જણાવતા તેઓએ એમ્બ્યુલન્સની સગવડ કરી આપેલ.

***કર્તવ્યનિષ્ઠ અને સેવાભાવીને સલામ.***

## મેરેજ બ્યુરો સમિતિ

### સમસ્ત જૈન લગ્નોત્સુક યુવક / યુવતીઓની પસંદગી માટે વોટ્સએપ ગ્રુપ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા સમસ્ત જૈન લગ્નોત્સુક યુવા વર્ગ માટે સમાજની મેરેજ બ્યુરો સમિતિ એક વોટ્સએપ ગ્રુપ ચલાવે છે. જેમાં દર ૧૫ દિવસે (શુક્રવારે) યુવતીઓ માટે યુવકોના બાયોડેટા અને દર ૧૫ દિવસે (શનિવારે) યુવકો માટે યુવતીઓના બાયોડેટા નિયમિત રીતે પોસ્ટ કરવામાં આવે છે.

શનિવાર, તારીખ ૧૨મી માર્ચના રોજ મેરેજ બ્યુરો સમિતિની મીટિંગ મળી હતી. બધા સભ્યો હાજર હતા ત્યારે સમાજના માનદ્ મંત્રી શ્રી રજનીકાંત પારેખ, ખજાનચી શ્રી કે.ડી. શાહ તથા ઉપપ્રમુખ શ્રી હીરેન કે. શાહની હાજરીમાં મુંબઈથી એક મહેમાન શ્રી મનીષ છેડા આવેલ હતા. જેઓએ લગ્નોત્સુક યુવાવર્ગને પસંદગી માટે નડતા પ્રશ્નો ઉપર એક નાની ફિલ્મ બતાવેલ. આ ફિલ્મ જે કોઈને પણ જોવી હોય તો You Tube ઉપર "Expectations" એમ ઉપલબ્ધ છે.

સંબંધિત દરેકને ઉપરોક્ત વોટ્સએપ ગ્રુપનો લાભ લઈ જરૂરી વિગત પ્રાપ્ત કરવા અનુરોધ છે.

***વધુ વિગત માટે મોબાઈલ નંબર : ૯૩૨૦૩ ૧૬૮૬૮ પર સંપર્ક કરશો.***

***ગિરીશ હીરજી દેઢિયા, કન્વીનર - મેરેજ બ્યુરો સમિતિ***

## 'મંગલ મંદિર' : ફેબ્રુઆરી-૨૦૨૨

નીચે મુજબના 'મંગલ મંદિર'ના ગ્રાહક મિત્રોના ફેબ્રુઆરી-૨૦૨૨ માસના અંક પાછા આવેલ છે. જેઓના નવા સરનામા અને મોબાઈલ નંબરની માહિતી ન હોવાથી અત્રે પ્રકાશિત કરેલ છે. જેની નોંધ લઈ નવા સરનામા ફોન નંબર સાથે મોકલી આપવા વિનંતી છે.

૧. શ્રી વિનોદ વાડીલાલ દામજી શાહ - અમદાવાદ
૨. શ્રી સુરેશ જયંતીલાલ કોઠારી - વડોદરા
૩. શ્રી અજય ઉમરશી ધરોડ - રાજકોટ
૪. શ્રીમતી શોભાબેન ચીમનલાલ દંડ - અંકલેશ્વર
૫. શ્રી પ્રેમચંદ સી. મહેતા - ગાંધીધામ
૬. શ્રી અરવિંદ કેશવજી જોશી - મુંબઈ
૭. શ્રી પ્રકાશ હાથીભાઈ શાહ - મુંબઈ
૮. શ્રી તેકચંદ જેઠાલાલ વિસરીયા - મુંબઈ
૯. મે. અભય એક્સપોર્ટ પ્રા.લી. - નવી મુંબઈ
૧૦. શ્રી સંજયભાઈ એન. ગાલા - હૈદ્રાબાદ

# અન્ય સંસ્થા સમાચાર

## અહિંસા પરમોધર્મ – માનવસેવા

ગીતાબેન રાંભિયા સ્મૃતિ અહિંસા ટ્રસ્ટ (અમદાવાદ) સંચાલિત કતલખાને જતાં અબોલ જીવોને રક્ષણ આપવાનું તેમજ માનવસેવા કરનાર ટ્રસ્ટ તરીકેના કાર્ય કરવા માટે જાણીતી સંસ્થા છે.

આ સંસ્થાએ છેલ્લા માસ દરમ્યાન અવારનવાર શહેર તથા ખેડા જીલ્લાના વિસ્તારમાંથી આશરે એકસો વીસ જેટલા અબોલ જીવોને કતલખાનાએ જતા બચાવીને જીવરક્ષાનું કાર્ય કરેલ છે તેમજ અમદાવાદ વિસ્તારમાં લવાયેલ પશુ પક્ષીઓને સંસ્થાના વેટરનરી ડોક્ટરે સારવાર કરેલ. પક્ષી બચાવો અભિયાન અંતર્ગત આશરે ૩૮૦ પક્ષીઓને રક્ષણ આપવાની વ્યવસ્થા કરેલ.

બહારથી આવનાર દર્દીઓને પણ સહાયરૂપે જરૂરી મેડિકલ સારવાર આપવામાં આવેલ.

ગૌરક્ષાના ગૌરક્ષક શ્રીમતી ગીતાબેન રાંભિયાને તેમની માનવસેવા માટે આપેલ બલિદાનને 'પ્રથમ મહિલા શહીદ' તરીકેનું બિરૂદ આપી સન્માનિત કરવા માટે આ સંસ્થાના સંચાલકશ્રી બચુભાઈ રાંભિયાએ સરકારશ્રીને અપીલ કરેલ છે.

## કંસારા જ્ઞાતિનો ગુજરાતમાં ઓ.બી.સી.માં સમાવેશ

કંસારા જ્ઞાતિને ઓ.બી.સી.માં સમાવવા સમાજની છેલ્લા બે દાયકાથી માંગણી કરવામાં આવી રહી છે. આ માંગણી માટે અનામત આવેદન સમિતિ કાર્યરત છે. ઓ.બી.સી.માં કંસારા જ્ઞાતિને મળવાપાત્ર હક્કો મેળવવા માટે કંસારા જ્ઞાતિને જાગૃત કરવા માટે અનુરોધ કરે છે.

## ભાવનગર કચ્છ સમાજ દ્વારા
## કચ્છી મહાનુભાવ પ્રવીણભાઈ ઠક્કરનું અભિવાદન

કચ્છી મહાનુભાવ લોકભારતી ગ્રામ વિદ્યાપીઠના પૂર્વ નિયામક શ્રી પ્રવીણચંદ્ર ઠક્કરનું સમાજના પરિવારજનો અને લોકભારતી સણોસરાના પૂર્વ વિદ્યાર્થીઓની હાજરીમાં અભિવાદન કરવામાં આવ્યું હતું.

માન. મેયરશ્રીએ આ કાર્યક્રમમાં કહ્યું કે કચ્છી લોકોમાં અનેક ખૂબીઓ હોય છે. જ્યાં જ્યાં કચ્છીઓ વસ્યા છે ત્યાં કોઈને કોઈ વિશેષ કામ કરી દેખાડ્યું છે.

ભાવનગર કચ્છ સમાજના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ શાહના માર્ગદર્શનથી યોજાયેલ આ કાર્યક્રમનું સંચાલન સમાજના મંત્રી શ્રી ઈન્દ્રભાઈ ગઢવીએ કર્યું હતું અને સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા શ્રી અશોકભાઈ અંજારિયા, કિરીટસિંહ ગોહીલ, રઘુવીરસિંહ જાડેજા, ઘનશ્યામસિંહ જાડેજા, તુલસીભાઈ પટેલ વગેરેએ જહેમત લીધી હતી.

## માનવ જ્યોત - ભુજ

ઉનાળાની કાળઝાળ ગરમીમાં અબોલા જીવોને તેમજ તરસ્યા પશુ-પક્ષીઓને પીવાનું પાણી મળી રહે એવા ઉદ્દેશ સાથે માનવ જ્યોત સંસ્થા - ભુજ દ્વારા છેલ્લા ૧૯ વર્ષથી જીવદયા ક્ષેત્રે અનોખું કાર્ય દાતાશ્રીઓ અને જીવદયા પ્રેમીઓના સાથ-સહકાર અને સહયોગથી કરવામાં આવી રહ્યું છે. શ્રી જલારામ ચેરિટેબલ ટ્રસ્ટ - દાદર તથા કોટી વૃક્ષ અભિયાન - બીદડા, જીવદયાના આ કાર્યમાં સહકાર આપી રહ્યા છે.



માનવ જ્યોતના કુંડા અને ચકલીઘર કચ્છનાં દરેક શહેરો અને ગામડાંઓ સુધી પહોંચ્યા છે. જીવદયા પ્રેમીઓ કુંડા-ચકલીઘર ઘરોઘર વસાવી રહ્યા છે અને કુંડામાં પાણી ભરી રાખી પોતાના હાથે જીવદયાનું ઉત્તમ કાર્ય કરે છે. દરેક શહેરો ગામોમાં કુંડા - ચકલીઘરો ઠેર ઠેર લટકતા જોવા મળે છે. પહેલાના જમાનાની જેમ લોકોમાં જાગૃતિ આવી છે. લોકો નિત્ય જીવદયાનું કાર્ય કરી રહ્યા છે. તરસ્યા પક્ષીઓ આ કુંડા ઉપર બેસી પાણી પીને પોતાની પ્યાસ બુઝાવે છે.

અનેક સંસ્થાઓ, યુવક મંડળો, મહિલા મંડળો, ટ્રસ્ટો, સંસ્થાઓ જીવદયાની આ પ્રવૃત્તિમાં જોડાયા છે અને કુંડા - ચકલીઘર પોતાનાં ગામ - શહેરોમાં વિતરણ કરી જીવદયાનું કાર્ય કરી રહ્યા છે. ૧૭ વર્ષ પહેલાં માનવ જ્યોત સંસ્થા - ભુજ દ્વારા શરૂ કરવામાં આવેલી આ પ્રવૃત્તિએ કચ્છના સીમાડા ઓળંગ્યા છે. અમદાવાદ, મુંબઈ, કલકત્તા તથા અન્ય શહેરો સુધી હવે આ કુંડા - ચકલીઘર પહોંચ્યા છે.

આ પ્રવૃત્તિ હવે ચારે તરફ ફેલાઈ છે. કુંભારી ભાઈઓ જેટલા પણ કુંડા - ચકલીઘર બનાવે છે, એની અતિ ભારે ડિમાન્ડ રહે છે. માનવ જ્યોત સંસ્થા કુંભારી ભાઈઓ પાસેથી ચકલીઘર - કુંડાઓ - ચણ થાળી મેળવે છે અને જુદા જુદા વિસ્તારોમાં વિતરણ કરે છે.

જીવદયા પ્રેમીઓ આગળ આવ્યા છે. અબોલા જીવો, પશુ-પક્ષીઓનો પાણીનો પોકાર સાંભળી તેમને પાણીની વ્યવસ્થા કરી જીવદયા પ્રેમી લોકો પુણ્યનું કાર્ય કરી રહ્યા છે.

# આંજો કાગર

*આદરણીય શ્રી મહેન્દ્ર સાકરચંદ દોશી સાહેબ,*

જેમ રામનો રાજ્યાભિષેક થાય અને રાજગાદી સંભાળે તેમ આપશ્રી 'મંગલ મંદિર' સામયિક રાજગાદી સંભાળી રહ્યા છો, બિરાજમાન થઇ રહ્યા છો. મારી અઢળક શુભેચ્છા. આપને તંત્રી તરીકે આવકારતા આનંદ અનુભવું છું. આપનું નૂતન કાર્ય યશસ્વી - ગૌરવ પ્રદાન કરે એવી શુભેચ્છા પાઠવું છું.

'મંગલ મંદિર'ના 'માતૃત્વ વિશેષાંક'થી મને અનહદ આનંદ થયો. ગાગરમાં સાગર સમાઈ જાય એટલા લેખો, વાર્તા, કવિતા માણી આનંદ અનુભવ્યો. 'મા'ને કોણ યાદ ન કરે? આ ધરતી પરના સર્વજનોની ઉધાર ઋણ ચડી ગયું છે. કદી પણ ઉતરી શકવાનું નથી, એ સત્ય શાશ્વત છે. માતૃત્વ વિશેષાંક અન્ય વિશેષાંકોની જેમ લાજવાબ છે. ભૂતપૂર્વ તંત્રી શ્રી દિનેશ મહેતા સાહેબને મારા અભિનંદન. સંપાદક મંડળ, સ્ટાફને અભિનંદન.

'મંગલ મંદિર'નો કચ્છી ભાષા વિશેષાંક આવી રહ્યો છે. ખૂબ જાણવાની ઈચ્છા છે. આવશે ત્યારે આપના તંત્રીપદે પ્રકાશિત થનારા કચ્છીભાષા વિશેષાંક અનેરો પ્રભાવ પાડશે એવી આશા સાથે...

***ભૂપેન્દ્ર શેઠ 'નીલમ' - જામનગર***
***મો. ૯૫૧૦૧ ૨૯૪૧૯***

★

### 'મા વિશેષાંક'ની વિશેષતા : મારી નજરે

મહિલા દિવસ પડતા મહિનામાં 'મા વિશેષાંક' આપવો એ જ મંગલ મંદિરની વિશેષતા. હા, અંકથી જાણવા મળ્યું કે સહતંત્રી બદલી રહ્યા છે. આ તકે મારો મંગલ મંદિર સાથે જેટલો નાતો રહ્યો છે એના ઉપરથી એટલું અવશ્ય કહીશ કે માનનીય દિનેશભાઈએ મંગલ મંદિરને એવું તો સંવર્ધિત કર્યું છે કે વાચકોની મેગેઝિન માટેની પ્રીતિ અનેકગણી વધી છે. નવનિયુક્ત તંત્રી આ પરંપરાને જાળવી, વધુ ઊંચાઈએ પહોંચાડશે એવો વિશ્વાસ.

મા વિશેષાંક એક અદ્‌ભુત વિશેષાંક બન્યો છે. મહિલાના એક-એક પાસાને આવરી લેવાય એટલા ઉત્કૃષ્ટ લેખો, નિબંધો, વાર્તાઓ અને જીવનીને સમાવાયા છે. આ પસંદગી જ વિશેષાંકને દસ્તાવેજનું સ્વરૂપ આપવા સક્ષમ છે. અંક વાંચ્યા પછી મહિલાના કોઈ પણ સ્વરૂપ માટે કહેવાનું કાંઈ બાકી રહેતું નથી.

વિદાય લેતા સહતંત્રી શ્રી દિનેશભાઈને તેમના મંગલ મંદિરને ઉચ્ચ આસને પહોંચાડવા બદલ અભિનંદન અને નવનિયુક્ત સહતંત્રી મંગલ મંદિરને નૂતન આયામ આપતા રહે એવી શુભેચ્છા.

***ડૉ. એમ.પી. કાકડિયા - જામનગર***
***મો. ૯૮૨૪૦ ૩૦૨૦૩***

★

### 'મંગલ મંદિર' : અનુપમ 'મા વિશેષાંક'

મંગલ મંદિર સામયિકનો અંક મળ્યો. ખૂબ સમૃદ્ધ.... વિશિષ્ટ છે! મા તો મા જ હોય છે. કોઈ પણ ભાષા કે કોઈ પણ પરિધાનમાં હોય! ...મા વિષય વિશ્વ મહિલા દિન અવસરે પસંદ કરવા બદલ તંત્રી મંડળને અનેક ધન્યવાદ. શ્રી ચંદ્રકાંતભાઈ 'સરલ'ની અનુરોધ... સૂચનને સહર્ષ માન આપી મેં મારો લેખ... 'જગતનું આધારકાર્ડ મા.' મેં મંગલ મંદિરનો અંક પહેલીવાર જોયો. સામયિકમાં લેખ, કાવ્યો, સ્મરણ લેખ, વાર્તા, સર્વ સાહિત્ય સામગ્રી ઘણી સરસ છે. સુંદર સમૃધ્ધ અંક. સરસ આવરણ... ઘણા અભિનંદન.

મારી ઘણી રચનાઓ વાર્તા, કાવ્યો, લેખ, અભ્યાસ લેખ, નાટક ઘણા જાણીતા સામયિકોમાં વર્ષોથી પ્રકાશિત થતા રહ્યા છે. મંગલ મંદિરમાં સર્જક સહભાગી બનવાનો આનંદ છે. ભવિષ્યમાં પણ રહેશે.

***નિર્ઝરી મહેતા - વડોદરા***

★

'મંગલ મંદિર'નો ફેબ્રુઆરી-૨૦૨૨નો અંક નં.-૫૨૫ મળ્યો છે. આભાર. તસવીરો સાથેનું પહેલું ટાઈટલ પેજ આકર્ષક છે. 'મંગલ મંદિર' લોક શિક્ષણનું જે કાર્ય કરે છે તે બદલ અભિનંદન પાઠવીએ છીએ.

***યોગેશ ભટ્ટ - અમરેલી***
***મો. ૯૯૨૪૦ ૧૩૪૬૪***

★

હું, દિનેશભાઈ ગઈકાલે રાત્રે શ્રી કચ્છી વિશ્રામ ગૃહ શાહીબાગ ખાતે રૂમ નં.-૩૧૨માં રોકાયા હતા. બહુ સારી સગવડ મળી. બીજું, અમારો મોબાઈલ ભૂલથી રહી ગયો હતો. તે પણ અમારો કોન્ટેક્ટ કરી પાછો આપ્યો. તમારો બહુ જ આભાર. Thank you so much.

***દિનેશભાઈ ગોસર***
***મો. ૯૮૧૯૪ ૩૦૦૦૪***

★

હું બિપીન મહેતા, રહે. હાલ મીરારોડ (મૂળ ઉમરગામ, જિ. વલસાડ.) આજરોજ (તા. ૮-૨-૨૦૨૨) અમારે કામ અર્થે અમદાવાદ આવવાનું થયું તો શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે ઉતારો કર્યો. અમોએ કચ્છનું મ્યુઝિયમ જોયું તો અમોને ખૂબ સરસ લાગ્યું અને આ બધું ભેગું કરી મ્યુઝિયમ બનાવ્યું. તેથી આપણા ગુજરાતની સંસ્કૃતિનું અમને જ્ઞાન થયું. તે બદલ અમો આ ભાઈઓને ખૂબ ખૂબ આભાર માનીએ છીએ અને અભિનંદન આપીએ છીએ.

***બિપીન મહેતા - મીરા રોડ***

★

*ટ્રસ્ટી શ્રી / મેનેજર શ્રી,*

મારા પત્નીના સિવિલ હોસ્પિટલ ખાતે હાર્ટના ઓપરેશનના અનુસંધાને, આપની સંસ્થા શ્રી કચ્છી વિશ્રામ ગૃહમાં આવીને રહેવાનો અવસર મળ્યો. આપની સંસ્થાની વ્યવસ્થા ખૂબ જ સુંદર રહી. પારીવારીક વાતાવરણથી અમે આનંદિત થયા છીએ. જમવા

રહેવાની ઉત્તમ અને ઘર જેવી સગવડ છે. સ્ટાફ પણ મળતાવડો અને સહકારપૂર્ણ વ્યવહાર કરનાર છે.

સંસ્થા આવું સરસ કાર્ય જરૂરિયાતમંદો માટે કરે છે તે ખરેખર પ્રશંસનીય છે. ઈશ્વર અવિરત તમારા સેવા કાર્યો કરાવતા રહે....

*પિનાકીન ત્રિવેદી - ભાવનગર*
*મો. ૮૧૪૦૧૯૧૯૯૮*

★

It is to inform you that I am coming here (Shri Kutchhi Vishram Gruh) since last 10 years (for medical puspose) and I am fully satisfied.

Specially for Kutchhi people, it is very nice and Canteen etc. – all are well.

***Rameshbhai - Gandhidham***
***M. 98258 95047***

★

आपकी धर्मशाला ''कच्छी विश्राम गृह''की व्यवस्था बहुत ही अच्छी है. व आपके भोजनालय का खाना भी काफी स्वादिष्ट है.

***धनंजय करेडीया (मो. ९९९३७ ८१३१२)***

★

છેલ્લા બંને અંકમાં મારી એક એક કાવ્ય કૃતિ પ્રગટ કરીને મને ઉપકૃત કરનાર સાહિત્યના મર્મજ્ઞ દિનેશ આર. મહેતાને ભાવભીના વંદન. તેમણે વિદાય ટાણે 'મા વિશેષાંક' કરીને સમાજમાં માતૃઋણ અને માતૃપ્રેમને ઉજાગર કરેલ છે. આ અંકની પ્રશંસા કરીએ એટલી ઓછી છે. જાણે, છેલ્લું અતીવ સુંદર સંપાદન કરીને તેમણે હાથ ધોઈ નાખ્યા છે.

*ભૂપેન્દ્ર વ્યાસ 'રંજ' - રાજકોટ*
*મો. ૬૩૫૨૨ ૪૩૬૧૯*

★

'મંગલ મંદિર' માર્ચ-૨૦૨૨ના અંકમાં પ્રસિધ્ધ વિવિધ વિષયની માહિતી ખૂબ જ સુંદર ઉપયોગી જાણકારી આપી ગઈ. ટાઈટલમાં પ્રસિધ્ધ 'લતાદીદી' અને વિશ્વ મહિલા દિવસ પ્રસંગે 'મા વિશેષાંક' પ્રગટ કરી અનેરી નારી શક્તિ સાથે સશક્તિકરણ કરાવેલ છે. ઉપરાંત કચ્છી ભાષા દિન મનાવવાની પહેલ કરીને એપ્રિલ-૨૦૨૨ કચ્છી ભાષા વિશેષાંક (માતૃભાષા)ને આવકારી પ્રસિધ્ધ કરવા બદલ વિશેષ આનંદ થયો. આ સેવા બદલ હાર્દિક અભિનંદન સહ શુભેચ્છા સાથે વિરમું છું.

*દિલીપ આચાર્ય 'દિલકશ'- ભુજ*
*મો. ૯૯૨૫૪ ૨૬૯૮૮*

★

**'મંગલ મંદિર' માસ માર્ચ-૨૦૨૨ વિશેષાંક અને તેના સંપાદક સંબંધી....**

વિશ્વ મહિલા દિવસે જ, 'મા'નું મહિમાગાન કરતો 'મંગલ મંદિર' માસ માર્ચ-૨૦૨૨નો વિશેષાંક મળ્યો. આ અંકમાં 'મા'ના અદ્વિતીય અસ્તિત્વ ઉજાગર કરતા ૩૬ લેખો (લઘુકથાઓ સહિત) અને ૧૮ કાવ્યો સરળ, લાગણીશીલ તેમજ સ-રસપ્રદ શૈલીમાં પ્રસ્તુત થયા છે. સંપાદક - સહતંત્રી સહિત સર્વે સર્જનશીલ 'સ્વજનો'ને એમની રચનાઓ બદલ હાર્દિક અભિનંદન. વિશેષાંકમાં લતા દીદીના જીવનની આછેરી ઝલક પણ 'સોનામાં સુગંધ' સમાન છે. આ અંકમાં સમાજના પ્રમુખશ્રી દ્વારા પ્રસારિત માહિતી (પૃષ્ઠ ૯-૧૦) વિશેષ ધ્યાનાકર્ષક છે. આ સામયિકના સંપાદકશ્રી દિનેશભાઈ મહેતા એમની સામયિક સંબંધી જવાબદારીમાંથી મુક્ત થઈ રહ્યા છે તેની વિગત સાથે એમનો સમાજ સમર્પિત સેવાભાવ અને સંપાદન સામર્થ્યનું વિગતવાર વર્ણન છે. અત્રે એ કહેવું અસ્થાને નહીં ગણાય કે શ્રી દિનેશભાઈએ 'મંગલ મંદિર' ઉપરાંત 'કચ્છશ્રુતિ' અને 'લોહાણા પ્રકાશ' સામયિકો માટે પણ નોંધનીય યોગદાન આપ્યું છે. આશા છે, એમના કોઈ મિત્ર / ભાવક / સાહિત્ય સર્જક આ સામયિકમાં એમનો વિસ્તૃત પરિચય પ્રસ્તુત કરી, એમનું યથોચિત અભિવાદન કરશે. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પ્રમુખશ્રી અને સામયિકના મુખ્ય તંત્રીશ્રીએ દિનેશભાઈની સેવાઓને બિરદાવવા ઉપરાંત, હવે પછી સામયિકના સૂત્રધાર બનતા શ્રી મહેન્દ્રભાઈ દોશીને 'મીઠડો' આવકાર પણ આપ્યો છે. શ્રી મહેન્દ્રભાઈ મારા મિત્ર હોતાં, એમના વિશે પણ કહેવાનું કે.... તેઓશ્રી કચ્છી ભાષાના અઠંગ અભ્યાસી છે. વિદ્વાન ભાષાશાસ્ત્રી છે. કચ્છી ભાષાને બંધારણીય દરજ્જો અપાવવા સતત પ્રયત્નશીલ છે – પ્રવક્તા છે. તેઓશ્રી એમના સમાજના સમર્પિત કાર્યકર્તા છે. 'મંગલ મંદિર' એમના માટે કે તેઓશ્રી 'મંગલ મંદિર' માટે નવા નથી. 'મંગલ મંદિર' સાથે જ્યારે એક સન્માનીય સાહિત્ય સર્જક સંકળાયેલા હતા ત્યારે શ્રી મહેન્દ્રભાઈ એમના સહયોગી હતા. 'મંગલ મંદિર' એમના સિધ્ધહસ્તે અવશ્ય પ્રગતિશીલ રહેશે.

*હંસરાજ કંસારા - દિલ્હી (મો. ૯૫૫૮૩ ૭૬૩૬૬)*
*મુખ્યતંત્રી : 'જ્ઞાતિસેતુ' સામયિક,*
*માનદ્ સલાહકાર : 'કચ્છશ્રુતિ' સામયિક*

*'મંગલ મંદિર'ના નિયમિત વાચકોએ આપેલ પ્રતિભાવ અમારા કાર્યને પ્રેરક બળ પૂરું પાડે છે. તે માટે વાચકોના આભારી છીએ.* *– તંત્રીશ્રી*

**મળેલ પ્રતિભાવો : માર્ચ-૨૦૨૨**

૧. શ્રી યોગેશભાઈ નટુભાઈ ભટ્ટ - અમરેલી
૨. શ્રીમતી ગિરાબેન પિનાકીન ભટ્ટ - રાંદેસર, ગાંધીનગર
૩. શ્રીમતી મંજુલાબેન કે. મહેતા
૪. શ્રી ભૂપેન્દ્રભાઈ વ્યાસ - રાજકોટ
૫. શ્રી કિશોર ટંડેલ - નવસારી
૬. કમલ પુંજાણી
૭. હસમુખભાઈ રામદેપુત્રા - રાજકોટ
૮. ભીખુભાઈ પટેલ - જેતલપુર
૯. અઝીઝ ટંકારવી - ભરૂચ
૧૦. નવીન વાચ્છાણી - રાજકોટ

# તીર્થ દર્શન

## તીર્થ દર્શન-૪

### (૪) શ્રી કદંબગિરી તીર્થ
### (શ્રી આદિશ્વર ભગવાન)



શ્રી શત્રુંજય મહાતીર્થના પંચતીર્થમાં સ્થાન પામેલ કદંબગિરી તીર્થ એક અતિ પ્રાચીન તીર્થ છે. શત્રુંજય ગિરિરાજની બાર કોશની પ્રદક્ષિણામાં કદંબગિરી તીર્થ ગણાય છે. આ ચોવીસીના દ્વિતીય તીર્થંકર ગણધર શ્રી કદંબમુનિ અહીં અનેક મુનિઓ સહિત મોક્ષ પામ્યા હતા. તેથી આ પર્વતનું નામ કદંબગિરી પડ્યું છે. અનેક મુનિવરો પણ અહીંથી મોક્ષ પામ્યા હોવાથી આ સિધ્ધક્ષેત્ર ગણાય છે.

આ તીર્થના મૂળનાયક શ્વેતવર્ણીય ભગવાન આદિશ્વર છે. એમની પ્રતિમાજી અત્યંત ભવ્ય અને આધ્યાત્મિક્તા જગાડનારી છે. લગભગ બે મીટર જેટલી ઊંચાઈની આ પ્રતિમાજી પદ્માસનસ્થ છે. એમની મુખાકૃતિ અત્યંત પ્રશાંત અને પ્રભાવશાળી છે. શાસન સમ્રાટ આ. શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મ.એ આ તીર્થનો ઉદ્ધાર કર્યો હતો. આ પર્વત પર અન્ય પાંચ ભવ્ય મંદિર, પાંચ મેરૂ પર્વત તેમજ અષ્ટાપદની રચના દર્શનીય છે. નૂતન જિનમંદિરોથી પણ ઉપરની ટોચે ઋષભદેવ પ્રભુની પ્રાચીન ચરણપાદુકા બિરાજમાન છે. કદંબ ગણધરની ચરણપાદુકા પણ બિરાજમાન છે. પાલીતાણાથી લગભગ ૧૯ કિ.મી. દૂર આવેલા બોદાનોનેરા ગામની પાસે એકાંત જંગલમાં આ તીર્થ આવેલું છે. તળેટીના આ ગામમાં શ્રી વીરપ્રભુનું વિશાળ મંદિર છે. શેઠશ્રી જિનદાસ ધર્મદાસ ધાર્મિક ટ્રસ્ટ સંચાલિત આ તીર્થમાં ભોજન - નિવાસની સગવડ છે તેમજ ડોળીની વ્યવસ્થા પણ પ્રાપ્ત છે. શ્રી કદંબગિરી તીર્થને શ્રી શત્રુંજયગિરિનું જ એક શિખર માનવામાં આવતું હોવાથી એની પ્રાચીનતા અને મહત્તા વિશેષ છે.

*યોગ્ય સમય આવતા આવતા તો આખી જિંદગી નીકળી જવાની,*
*તેના કરતા તો સમયને યોગ્ય બનાવવાની કોશિશ કરીએ.*

## તીર્થ દર્શન-૫

### (૫) શ્રી તાલધ્વજગિરિ તીર્થ
### (શ્રી સાચા સુમતિનાથ ભગવાન)



પ્રાચીન સમયમાં શ્રી શત્રુંજય તીર્થની એક ટૂંક માનવામાં આવતું શ્રી તાલધ્વજગિરિ તીર્થ આજે શત્રુંજય પંચતીર્થનું એક પાવન તીર્થસ્થળ છે. શત્રુંજી અને તળાજી નદીના સંગમસ્થાન પર આવેલા તળાજા ગામની પાસેનો આ પાવન પર્વત અતિ પ્રાચીન ગણાય છે અને એના પર આવેલી અનેક નાની-મોટી ૩૬ ગુફાઓ એની પ્રાચીનતાની સાક્ષી આપે છે. પ્રથમ તીર્થંકર શ્રી આદિશ્વર ભગવાનના જયેષ્ઠ પુત્ર ભરત ચક્રવર્તી અહીં યાત્રાર્થે આવ્યા હતા અને એમણે અહિંયા એક સુંદર મંદિર બંધાવ્યું હોવાનું કહેવાય છે. ઈ.સ. ૬૪૦માં પ્રસિદ્ધ ચીની યાત્રી હ્યુ-એન-ત્સાંગે આ તીર્થનો ઉલ્લેખ કર્યો છે તેમજ આજનું મંદિર વિક્રમની ૧૨મી સદીમાં રાજા કુમારપાળે બંધાવ્યું હોવાનો ઉલ્લેખ મળે છે.

આ તીર્થની પ્રભુપ્રતિમા ખૂબ ચમત્કારિક મનાય છે. શ્રી સાચા સુમતિનાથ ભગવાનની, શ્યામ વર્ણની, ૭૯ સે.મી.ની પદ્માસનસ્થ પ્રતિમા ગામમાં જમીનમાંથી પ્રગટ થતાં જ રોગચાળો અને અનિષ્ટનું નિવારણ થથાં લોકો આ પ્રતિમાને સાચા સુમતિનાથની પ્રતિમા કહેવા લાગ્યા. વિ.સં. ૧૮૭૨ના વૈશાખ સુદ-૧૩ના દિવસે આ તીર્થના અંતિમ ઉધ્ધાર વખતે સાચા સુમતિનાથજીની પ્રતિમાને અહીં પ્રતિષ્ઠિત કરવામાં આવી અને તે દિવસથી અવિરત અખંડ જ્યોત આજે પણ ચાલુ છે. તીર્થોદ્ધારક શાસનસમ્રાટ આ.શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મ.ની સત્પ્રેરણાથી અહીં શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ ભગવાનનું એક ભવ્ય મંદિર નિર્માણ પામ્યું છે. જેમાં સમ્રાટ કુમારપાળની પણ મૂર્તિ છે. આ પ્રાચીન અને ચમત્કારિક તીર્થની મહત્તા અને એનું પ્રાકૃતિક સૌંદર્ય આત્મસાધનામાં લીન કરે તેવું છે. આ તીર્થમાં ભોજન અને નિવાસની વ્યવસ્થા પણ છે.

**પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ**
**મો. ૯૪૨૭૩ ૯૦૦૦૭**




# કચ્છમાં જૈનોની મોટી પંચતીર્થી સુથરી - જખૌનાં દર્શનીય જિનાલયો



ભરત'કુમાર' પ્રા. ઠાકર

પશ્ચિમ કચ્છના અબડાસા તાલુકામાં આવેલ "મોટી જૈન પંચતીર્થી"માં સાંધાણ અને તેરા ગામોનાં બે જિનાલયોની જાણકારી મેળવી. હવે સુથરી અને જખૌ ગામોનાં બે સુંદર દેરાસરોના દર્શન કરીએ...

## ઘૃતકલ્લોલ પાર્શ્વનાથ : સુથરી

સુથરી કચ્છની મોટી પંચતીર્થીના છ જિનાલયોમાં સૌથી જૂનું અને મુખ્ય તીર્થ હોવાથી સમગ્ર પંચતીર્થી 'સુથરી પંચતીર્થી' એવું નામાભિધાન પણ પામી છે. યાત્રાળુઓ સમય અને સંજોગ હોય તો પાંચેય તીર્થોની સ્પર્શના કરે છે, અન્યથા સુથરીની યાત્રા તો અવશ્ય કરે. જિનાલયની સ્થાપના પૂર્વેથી જ સુથરી તીર્થધામ તરીકે વિખ્યાત છે. અહીંનું ઘૃતકલ્લોલ પાર્શ્વનાથ ભગવાનનું દેવવિમાન જેવું ભવ્ય અને કલાત્મક જિનાલય કચ્છનાં પ્રાચીન જૈન તીર્થો પૈકીનું એક અને મહાતીર્થ સમકક્ષ ગણાય છે.



સુથરી જિનાલય

અહીં વિરાજિત પ્રભુજીની પ્રતિમા પણ ઐતિહાસિક છે, જે વર્ષો પૂર્વે સૌરાષ્ટ્રમાં હાલાર પ્રદેશના ગામ છીકારી (તા. લાલપુર, જિ. જામનગર)માં પ્રતિષ્ઠિત થયેલ હતી. સુથરીના શ્રેષ્ઠીવર્ય મેઘજી ઉડીઆ (અન્ય સંદર્ભ મુજબ ઉદ્દેશી શાહ)ને આ મૂર્તિની પ્રાપ્તિ સંબંધે એવી જનશ્રુતિ છે કે તેમની નબળી આર્થિક સ્થિતિ સમયે દૈવી શક્તિની મદદ મળે છે. છીકારી ગામના દેવરાજ વણિકને અને સુથરીના મેઘજી શાહને એકસરખા સ્વપ્નાનુસાર દેવરાજ વણિક પાર્શ્વનાથની આ પ્રતિમાને પોઠિયા પર સુથરી લાવેલા અને તેની પાસેથી મેઘજી શાહે એ અલૌકિક પ્રતિમાનું પોતાના ઘરે સ્થાપન કરેલું.

જિન ચોવીસીના ૨૩મા તીર્થંકર પાર્શ્વનાથ પ્રભુનાં ૧૦૮ પૈકી એક નામ 'ઘૃતકલ્લોલ' પણ છે. અહીંની પ્રતિમાના એવા નામકરણ અંગે એવી કથા છે કે ગામના શાહ મેઘણ શેઠે યોજેલા જ્ઞાતિભોજન પ્રસંગે વધારે સંખ્યા થઈ જતાં એમણે શ્રાવકશૈલી અનુસાર ઘીના પાત્રમાં પેલી મૂર્તિ પધરાવીને સ્વામિવાત્સલ્યમાં પોતાની લાજ રાખવા વિનંતી કરતાં રસોઈ અખૂટ રહી! ઘી ના ઠામમાંથી પણ સતત ઘી નીકળતું રહ્યું અને અનેકઘણો વપરાશ છતાં ઘી ખૂટ્યું નહીં ત્યારે શ્રાવકસંઘો ખૂબ વિસ્મિત થયા. ઘૃત (ઘી)ના કલ્લોલો (તરંગો)થી સંઘને આનંદ (કલ્લોલ) કરાવ્યો. તેથી એ મૂર્તિ બંને શબ્દોના સંયોજનરૂપે 'ઘૃતકલ્લોલ' તરીકે ઓળખાઈ.


જ્ઞાનસાગરજી મહારાજના ઉપદેશથી સંવત ૧૭૨૧ (સન ૧૬૬૫)માં મેઘજી શેઠે આ પ્રતિમા શ્રીસંઘને સોંપતાં સંઘે સુથરીમાં કાષ્ઠનું ચૈત્ય કરાવી તેમાં બિરાજમાન કરી. સંવત ૧૮૮૩ (સન ૧૮૨૭)માં વર્તમાન નૂતન જિનાલયની શિલારોપણ વિધિ થઈ અને સંવત ૧૮૯૬ (સન ૧૮૪૦)માં વૈશાખ સુદ સાતમના કલ્યાણસાગરસૂરિજીના હસ્તે ઘૃતકલ્લોલ પાર્શ્વનાથની પ્રતિમા પ્રતિષ્ઠિત કરવામાં આવી હતી. ('આર્ય-કલ્યાણ-ગૌતમ સ્મૃતિગ્રંથ' (૧૯૮૩), સં. કલાપ્રભસાગરજી મહારાજ).

આ મનોહારી દેરાસરમાં ૯૭ જિનબિંબો અને ૧૦૯ સિધ્ધચક્રો છે. મંદિર વિશાળ, માળવાળું અને અનેક શિખરોથી શોભાયમાન હોવાથી ખૂબ આકર્ષક લાગે છે. ઉપર કળશથી લઈ ઠેઠ જમીન સુધીના એક જ રંગછટાથી આ મંદિર સુશોભિત થયેલું

છે. ઉપલા માળે કુંથુનાથ ભગવાનના ૩૧ ઇંચ જેટલા મોટા ચૌમુખજી (ચતુર્મુખી પ્રતિમાઓ) પધરાવવામાં આવેલ છે. શિખર પાછળ જિન ચોવીસીના પ્રથમ તીર્થંકર ઋષભદેવ (આદિનાથ)નું બીજું દેરાસર પણ નિર્મિત થયેલું છે. જિનાલય પાસે આનંદ સાધના મંદિર (વ્યાખ્યાન ગૃહ) અને જ્ઞાનમંદિર બનાવાયા છે. આ આલીશાન જિનાલય ઉપરાંત સુથરીમાં જિન ચોવીસીના દ્વિતીય તીર્થંકર અજિતનાથ ભગવાનનું જૂનું નાનું દેરાસર પણ આવેલું છે.

## જખૌનું જૈન દેરાસર

રત્નાકર ચોવીસે કલાક જેના પગ પખાળે છે એવા જખૌ બંદરની ભૂમિ પર નવ દેરાસરો અને વીસ શિખરોથી શોભિત 'મહાવીર સ્વામી જિનાલય' આવેલું છે. આચાર્ય મુક્તિસાગરસૂરિજીના ઉપદેશથી બે શ્રેષ્ઠી બાંધવો જીવરાજ રતનશી અને ભીમશી રતનશી લોડાયાએ પોતાના વતનમાં જિન ચોવીસીના અંતિમ ચોવીસમા તીર્થંકર મહાવીર સ્વામીનું મોટું અને મનોહાર જિનાલય બંધાવીને સંવત ૧૯૦૫ (સન ૧૮૪૮)ના માગશર (કે મહા?) સુદ પાંચમના એની પ્રતિષ્ઠા કરાવેલી.



જખૌ જિનાલય

મંદિરમાં પ્રતિષ્ઠાનો મોટો શિલાલેખ અંકિત છે. મંદિરના ઘુમ્મટમાં કોતરણીવાળું નાનું લોલક તથા પૂતળીઓ છે. આ મંદિર માળવાળું અને તેનું શિખર કોતરણી વિનાનું સાદું છે. એક વિશાળ પ્રાંગણમાં શિખરબધ્ધ નાના મોટા નવ દેરાસરોની ટૂકોથી સુશોભિત જખૌ જિન મંદિરોનો ઝુમખો 'રત્નટૂક' તરીકે ઓળખાય છે.

જિનાલય પરિસરમાં વિવિધ શ્રેષ્ઠીવર્યો દ્વારા સમયાંતરે નવ ટૂકો ઉપર મહાવીર સ્વામી, શાંતિનાથ, સંભવનાથ (ત્રણે સન ૧૮૪૮), સુવિધિનાથ, આદિશ્વર ચોમુખજી, શ્રેયાંસનાથ, નેમિનાથ, સુવ્રતસ્વામી, ગોડી પાર્શ્વનાથ, ચંદ્રપ્રભ (તમામ ૧૮૭૧), ચિંતામણિ પાર્શ્વનાથ, જીરાવલ્લા પાર્શ્વનાથ (બંને ૧૮૯૩), ગૌતમ સ્વામી (૧૯૦૮) અને છેલ્લે શામળિયા પાર્શ્વનાથ (૧૯૩૨) ઇત્યાદિ મૂળ નાયકોનાં અનુપમ કોતરણીવાળા દેરાસરો બંધાવવામાં આવ્યા છે.

૧૭૨ વર્ષ જૂનું મહાવીર સ્વામીનું આ ભવ્ય અને શોભાયમાન જિનાલયને કચ્છના કુશળ કારીગરોની કળા કારીગરીના ઉત્તમ નમૂનારૂપ આ ભવ્ય જિનાલયમાં એકંદરે ૧૦૯ પાષાણ જિન પ્રતિમાઓ બિરાજમાન છે. ઊંચાઇ, વિશાળતા અને ભવ્યતામાં જખૌ જિનચૈત્ય બહુ રમણીય છે. દેરાસર સામે વિશાળ પુસ્તક ભંડાર ધરાવતું જ્ઞાનમંદિર પણ છે. પુષ્કળ દ્રવ્ય ખર્ચીને શેઠ ભીમશી રતનશીએ અનેક હસ્તલિખિત ગ્રંથો લખાવીને એક અજોડ જ્ઞાન ભંડારનું નિર્માણ કર્યું છે, જે આ તીર્થની વિશિષ્ટતા છે.

*'શિવમ્', ૪૦, વૃંદાવન નગર-૧,*
*ખડિયા તળાવ સામે,*
*વૈશાલી સિનેમા રોડ, અંજાર, કચ્છ-૩૭૦ ૧૧૦.*
*ફોન : (૦૨૮૩૬) ૨૪૦૧૩૯, મો. ૯૪૨૭૨ ૨૩૧૫૦*

*શરીરમાં બનતું લોહી, રોટલીની સંખ્યા પર એટલું નિર્ભર નથી જેટલું પાચનશક્તિ પર નિર્ભર છે. પાચનશક્તિ જ જો નબળી છે તો છ રોટલી પણ નકામી છે. પાચનશક્તિ જો મજબૂત છે તો એક રોટલી પણ તાકાતપ્રદ છે. પ્રસન્નતાની અનુભૂતિ રૂપિયાની સંખ્યાને એટલી બંધાયેલી નથી જેટલી સંતુષ્ટ ચિત્તવૃત્તિને બંધાયેલી છે. આ સત્ય આપણી શ્રદ્ધાનો વિષય જેટલો વહેલો બની જાય એટલું આપણા લાભમાં છે.*

*હું પશ્ચિમ તરફની બારી ખૂલતી હોય એવા જ મકાનમાં રહેવાનું પસંદ કરું અને સૂર્યોદય જોવા ન મળતાં દુઃખી થતો રહું એનો કોઈ જ અર્થ નથી ને?*

*હું આખો દિવસ નકારાત્મક વિચારો જ કર્યા કરું અને પછી ફરિયાદ જ કર્યા કરું કે મારું મન પ્રસન્ન નથી રહેતું.*

*કોઈ અર્થ છે ખરો?*




સ્વાસ્થ્ય

# મારા હૃદયના ધબકારા વારંવાર વધી જાય છે : PANIC DISORDER ભાગ-૨


ડૉ. મણિલાલ ગડા
(સિનિયર મનોચિકિત્સક)


ડૉ. દીપ્તિ શાહ (ગડા)
(મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)

આપણે આગળના લેખમાં જાણ્યું કે ૪૮ વર્ષના દર્દીમાં હૃદયના ધબકારા વારંવાર વધી જતા હતા. છાતીમાં દુઃખાવો થતો હતો. પરસેવો ખૂબ થતો હતો, મુંઝારો થતો હતો. હમણાં જ કાંઈ થઈ જશે એમ લાગતું હતું. વારંવાર કરેલી શારીરિક તપાસ (કાર્ડિયોગ્રામ, સ્ટ્રેસ ટેસ્ટ, ૨-ડી ઈકો વગેરે) બધી જ નોર્મલ હતી. આ એક પેનિક ડીસઓર્ડરનો કેસ હતો. પેનિક ડીસઓર્ડરની સારવાર કરતાં ઉપરોક્ત લક્ષણો (વારંવાર હૃદયના ધબકારા, છાતીમાં દુઃખાવો, મુંઝારો વગેરે) દૂર થયા.

આ લેખમાં પેનિક ડીસઓર્ડર વિશે વૈજ્ઞાનિક માહિતી મેળવીએ.

- **વ્યાખ્યા :**

વિશ્વ આરોગ્ય સંસ્થાએ (World Health Organisation – WHO) આવા વારંવારના હૃદયના ધબકારાની બીમારી પેનિક ડીસઓર્ડરને તનાવજનક (Stress related) માનસિક રોગમાં વર્ણન કર્યું છે.

***પેનિક ડીસઓર્ડરના મુખ્ય લક્ષણો નીચે પ્રમાણે છે :***

૧. હૃદયના ધબકારાઓ ઓચિંતા, અચાનક, અણધાર્યા આવે છે.

૨. ધબકારાની માત્રા તીવ્ર હોય છે.

૩. ધબકારા ટૂંક સમય માટે થાય છે. મોટા ભાગના ધબકારાઓ ૩૦ મિનિટથી ઓછા સમય માટે ચાલે છે.

૪. ધબકારાઓ વારંવાર (એકથી વધારે વખત) આવે છે.

૫. લક્ષણોમાં હૃદયના ધબકારા વધી જાય છે, છાતીમાં દુઃખાવો ઉપડે છે, ખૂબ જ પરસેવો થાય છે (પરસેવાથી રેબઝેબ થઈ જવાય છે), શ્વાસ રૂંધાય છે, મુંઝવણ થાય છે, હમણાં જ કાંઈક થઈ જશે, હું મરી જઈશ – એવું દર્દીને લાગ્યા કરે છે. ચક્કર આવે છે.

૬. સારવાર વગર પણ ધબકારાઓ થોડા સમયમાં નોર્મલ થઈ જાય છે પરંતુ ફરીથી ધબકારા વધી જાય છે.

૭. 'હાર્ટ એટેક આવ્યો છે', 'આ ગંભીર સિરીયસ બીમારી છે', 'હમણાં જ મરી જવાશે' – એવું દર્દીને લાગે છે. આ ભયની લાગણીથી વધુ નર્વસ થવાય છે.

૮. ધબકારા વધી જાય ત્યારે તથા વચ્ચેના સમયમાં શારીરિક તપાસ તથા લેબોરેટરી તપાસ, કાર્ડિયોગ્રામ, એન્જિયોગ્રાફી, ૨-ડી ઈકો બધું જ નોર્મલ આવે છે સિવાય કે ધબકારા વધારે હોય છે.

- **વ્યાપ અને વિસ્તાર :**

(અ) સામાન્ય વસ્તીના ૨% લોકોમાં પેનિક ડીસઓર્ડરની બીમારી જોવા મળે છે.

(બ) સર્વેક્ષણ દ્વારા તારણ કરવામાં આવ્યું છે કે કોઈપણ એક સમયે ભારતમાં બે કરોડથી વધુ લોકોમાં આ બીમારી જોવા મળે છે.

(ક) પેનિક ડીસઓર્ડરની બીમારીને લીધે કામધંધા પર અનિયમિત જવાથી નાણાંકીય નુકસાન થાય છે.

(ડ) કૌટુંબિક અને સામાજિક પ્રસંગોમાં હાજરી નહીં આપી શકવાથી સામાજિક દૃષ્ટિએ ઉણા ઉતરાય છે.

(ઇ) સારવાર ન થાય તો પેનિક ડીસઓર્ડરથી હતાશાની બીમારી તથા તેની નકારાત્મક અસર તબિયત પર થાય છે.

આગળના લેખમાં વર્ણવેલ કેસમાં (નવીનભાઈનો કેસ) નાણાંકીય, સામાજિક તથા કૌટુંબિક નકારાત્મક અસરો પેનિક ડીસઓર્ડરને લીધે થયેલ.

- **કારણો :**

**૧. અનુવાંશિક (વારસાગત) કારણો :** પેનિક ડીસઓર્ડર, એ વારસાગત રોગ છે. પેનિક ડીસઓર્ડરના દર્દીના ભાઈ-બહેન, મા-બાપ કે દર્દીના સંતાનોમાં પેનિક ડીસઓર્ડર રોગ હોવાની તથા રોગ થવાની શક્યતા વધુ છે. લોહીનો સંબંધ ધરાવતા પરિવારજનોમાં રોગનું પ્રમાણ વધારે હોય છે.

**૨. મનના અવયવોમાં નકારાત્મક ન્યુરોટ્રાન્સમિટર્સ (રાસાયણિક) ફેરફારો :** છેલ્લા ત્રણ દાયકામાં થયેલા સંશોધનોએ પુરવાર કર્યું છે કે પેનિક ડીસઓર્ડરની બીમારીમાં મગજમાં આવેલા મનના અવયવોમાં કદ, રચના, રસાયણો (ન્યુરોટ્રાન્સમિટર્સ) તથા કાર્ય શક્તિમાં

નકારાત્મક ફેરફારો થાય છે.

પ્રિફ્રન્ટલ કોરટેક્ષમાં થતા નકારાત્મક ફેરફારોને લીધે મુંઝારો થાય છે, ડર લાગે છે, નર્વસ થવાય છે, ચિંતાગ્રસ્ત રહેવાય છે.

થેલામસ, હીપોકેમ્પસ, બ્રેઈન સ્ટેમ, હાઈપોથેલામસમાં થતાં નકારાત્મક ફેરફારોને લીધે ધબકારા વધી જાય છે, ચક્કર આવે છે, શ્વાસ રૂંધાય છે, ખૂબ પરસેવો થાય છે.

૩. **વ્યક્તિત્વના ગુણદોષ (Personality) :** વ્યક્તિના સ્વભાવના ગુણદોષ પેનિક ડીસઓર્ડરમાં મહત્ત્વનું ઘટક છે. (૧) ભાવનાત્મક લાગણીશીલ સ્વભાવ, (૨) નિરાશાજનક લાગણીઓ / ભાવનાને વ્યક્ત કરવાની અણઆવડત તથા આવી અવ્યક્ત લાગણીઓને દાબી દેવાની વૃત્તિ, (૩) યોગ્ય સમયે 'ના' કહેવાની અસમર્થતા, (૪) વાસ્વતમાં હોય તેના કરતા વધારે અપેક્ષાઓ, (૫) અસમાધાનકારક જીદ્દી વલણ, (૬) અન્યો જોડે અયોગ્ય સરખામણીનું વલણ વ્યક્તિને પેનિક ડીસઓર્ડરની બીમારી તરફ ધકેલે છે.

૪. **અણગમતી / નકારાત્મક સામાજિક ઘટનાઓ :** અણગમતા કે નકારાત્મક પ્રસંગો પેનિક ડીસઓર્ડરની બીમારીને પ્રદર્શિત કરે છે. (૧) અંગત સ્વજનનું અકાળ કે આકસ્મિક મૃત્યુ અથવા ગંભીર બીમારી, (૨) માનભંગ કે પ્રતિષ્ઠાભંગનો બનાવ, (૩) પ્રિય પાત્ર સાથે કટુતા, અણબનાવ કે ઝઘડો, (૪) અપેક્ષિત સફળતા ન મળવી, (૫) દીકરા કે દીકરીઓને અપેક્ષિત સફળતા ન મળવી વગેરે પ્રસંગોને લીધે આ બીમારી થવાની શક્યતા વધી જાય છે.

અનુવાંશિક તથા મનના અવયવોમાં ફેરફારો વ્યક્તિને પેનિક ડીસઓર્ડરની બીમારી તરફ દોરે છે. વ્યક્તિત્વના ગુણદોષથી બીમારી થવાની શક્યતા ખૂબ જ વધી જાય છે. અણગમતી સામાજિક ઘટનાઓ વ્યક્તિને પેનિક ડીસઓર્ડરની બીમારી લાવે છે.

- **લક્ષણો :**

વિશ્વ આરોગ્ય સંસ્થા તથા અમેરિકન સાઈકિયાટ્રીક એસોસિએશને પેનિક ડીસઓર્ડરની બીમારીના નીચે પ્રમાણેના લક્ષણો વર્ણવ્યા છે.

૧૩ લક્ષણોમાંથી એકી સમયે ચાર કે તેથી વધારે લક્ષણો હોય તો પેનિક ડીસઓર્ડર બીમારીનું નિદાન કરાય છે.

૧. ગભરામણ થવી / હૃદયના ધબકારા વધી જવા.
૨. છાતીમાં દુખાવો કે મુંઝારો થવો.
૩. પરસેવે રેબઝેબ થવું / ખૂબ પસીનો થવો.
૪. શ્વાસ લેવામાં તકલીફ થવી.
૫. હમણાં કંઈક થઈ જશે / મરી જઈશ એવી લાગણી અનુભવવી.
૬. ચક્કર આવવા / પડી જઈશ એવો ડર લાગવો.
૭. ઉબકા આવવા / પેટમાં અજબની લાગણી થવી.
૮. ધ્રુજારી થવી.
૯. હાથ, પગ કે શરીરમાં ઝણઝણાટી થવી.
૧૦. હાથ, પગ કે શરીર ઠંડું પડવું.
૧૧. ન સમજાય એવી લાગણી / પાગલ થઈ જઈશ એવો ડર.
૧૨. શ્વાસ રૂંધાવો.
૧૩. ગળે ડુમો ભરાવો.

*પેનિક ડીસઓર્ડર બીમારીની સારવાર વિશે હવે પછીના લેખમાં જાણકારી મેળવીશું.*

*(ક્રમશઃ)*

*માતૃભાષા જિં અજ*
*તીં સવારે,*
*તીં પરીએં,*
*તીં હરહંમેશ,*
*તોકે સંભારીયાં*
*ચિતમેં રખાં.*
*તું મા શારદા જી ચાગલી નીંગરી.*

*– ગુલાબ*

## NanoNine® શબ્દ રમત-૧૮૦નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ગ | ર | | ફા | ગ | | મો | ર | લી | | | ગુ |
| રા | સ | ભ | | જ | | જ | ગ | | ગિ | ર | જા |
| સ | બ | | | | દા | ણી | | | રિ | | રો |
| | સ | બ | મ | રી | ન | | પ | મ | રા | ટ | |
| તા | | | લ | ડ | ત | | રિ | | જ | ન | ક |
| લુ | | પ્ર | કા | ર | | આ | કા | ર | | ટ | પ |
| | હા | | ટ | | ક | દ | ર | | રો | ન | |
| આ | મ | ટ | | સો | બ | ત | | શ | મં | | બ |
| ત | | સ | ખા | | ર | | શ | બ | | મ | ના |
| વા | સી | | ત | રૂ | | મ | | રી | સ | | ર |
| ર | | વ | ર | | વિ | ન | ય | | જા | સુ | સ |
| | ક | ર્ણ | | પ | વ | ન | | ડ | ગ | ર | |

## NanoNine® શબ્દ રમત-૧૮૧

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ■ | ૪ | ■ | ૫ | | ૬ | | ■ |
| | ■ | ૭ | | ■ | ૮ | ૯ | | ■ | | ■ | ૧૦ |
| ૧૧ | ૧૨ | ■ | ૧૩ | | ■ | ૧૪ | | ૧૫ | ■ | ૧૬ | |
| ■ | ૧૭ | ૧૮ | ■ | ■ | ૧૯ | | ■ | ૨૦ | | | ■ |
| ૨૧ | ■ | | ■ | ૨૨ | | ■ | ૨૩ | ■ | ■ | ૨૪ | ૨૫ |
| ૨૬ | | | ૨૭ | | ■ | ૨૮ | | ૨૯ | ૩૦ | ■ | |
| | ■ | ૩૧ | | | ■ | ■ | ૩૨ | | | | |
| ■ | ૩૩ | ■ | ■ | ૩૪ | ૩૫ | ■ | | ■ | | ■ | |
| ૩૬ | | ૩૭ | ૩૮ | ■ | ૩૯ | ૪૦ | ■ | ■ | | ■ | ■ |
| | ■ | ૪૧ | | ■ | ૪૨ | | | ૪૩ | ■ | ૪૪ | ૪૫ |
| ૪૬ | ૪૭ | ■ | ૪૮ | ૪૯ | ■ | | ■ | ૫૦ | | ■ | |
| ૫૧ | | | ■ | ૫૨ | | | ■ | ૫૩ | | | ■ |

શબ્દ રમત ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________ ફોન/મો. ______________________

*આપશ્રીના જવાબો તા. ૩૦-૦૪-૨૦૨૨ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલાવવા વિનંતી.*

### આડી ચાવીઓ

૧. સમય, વખત (૪)
૫. નબળું, અશક્ત (૪)
૭. પ્યાલો, પ્રહર, જામફળ (૨)
૮. અંધારું, અજ્ઞાન (૩)
૧૧. અભિપ્રાય (૨)
૧૩. અવસર, અનુકૂળ વખત (૨)
૧૪. જવું, ચાલવું તે (૩)
૧૬. કઠળાઈ, કઠારો, બફારો (૨)
૧૭. ખ્રિસ્તી સાધ્વી (૨)
૧૯. સરિતા, નદી (૨)
૨૦. ડાક, પોસ્ટ (૩)
૨૨. સગુ, વિશ્વાસુ (માણસ) (૨)
૨૪. મેષ, કાજળ, મિષ, બહાનું (૨)
૨૬. રાજકારણીના દાવપેચ (૫)
૨૭. બુદ્ધિ, મતિ, અભિપ્રાય (૨)
૨૮. આકાશ, ગગન (૪)
૨૯. આદર (૨)
૩૧. ઉત્કટ ઈચ્છા, તાલાવેલી (૩)
૩૨. જરૂરી જ ખર્ચ કરવું તે (૫)
૩૪. લજ્જા, શરમ (૨)
૩૬. ચાલાક, હોંશિયાર (૪)
૩૯. પક્ષ, તરફેણ, વગ (૨)
૪૧. તિલ, તળિયું, એક તેલ બી (૨)
૪૨. નબળું, અશક્ત (૪)
૪૪. અંગચેષ્ઠા, નખરા (૨)
૪૬. શરીર, દેહ (૨)
૪૮. અણુ, ધૂળનો કણ, કરતર (૨)
૫૦. મૂગું (૨)
૫૧. રીત, રિવાજ, ધારો (૩)
૫૨. નમસ્કાર, વંદન (૩)
૫૩. વૃદ્ધ, ઘરડું, કઠણ (૩)

### ઊભી ચાવીઓ

૧. અહંકાર, ગર્વ (૩)
૨. શિક્ષા, દંડ (૨)
૩. ખેલ, ક્રીડા (૩)
૪. જ્ઞાન, ચેતના-ચૈતન્ય (૨)
૫. સોગંદ (૩)
૬. જુસ્સો, વેગ, ઉભરો (૨)
૯. મગરની માદા (૩)
૧૦. જીદ, ખોટો આગ્રહ (૨)
૧૨. દેહ, કાયા (૨)
૧૫. દોરડા પર નાચનાર (૨)
૧૬. લેખણ, ચિત્રકાર (૩)
૧૮. તિરસ્કાર, ઘૃણા (૪)
૧૯. સાત (૨)
૨૧. નાખુશ (૩)
૨૨. છત્રી, છત્તર (૪)
૨૩. સાર, તત્ત્વ (૪)
૨૫. સમર્થ, બળવાન (૪)
૨૭. કુસ્તીબાજ, પહેલવાન (૨)
૨૯. ફટકો લાગવો (૨)
૩૦. કલંક વિનાનું, શુદ્ધ (૪)
૩૩. પાણી, તેજ, નૂર (૨)
૩૫. પાવન કરનાર, અગ્નિ (૩)
૩૬. ચણવું તે, ચણવાનું કામ (૪)
૩૭. _____ થોડી ને વેશ ઝાઝા (૨)
૩૮. રંગ (અં) (૩)
૪૦. ખિન્ન, ઉદાસ (૪)
૪૩. મશ્કરી, વિનોદ (૩)
૪૫. _____ રોટી ખાઓ, પ્રભુ કે ગુણ ગાઓ (૨)
૪૭. રગ, રેસો, રસવાહિની (૨)
૪૯. માણસ, પ્રજાજન, જનતા (૨)

*મકાન ગમે તેટલું મોટું હોય, એનો દરવાજો તો નાનો જ હોવાનો! ગાડી ગમે તેટલી લાંબી હોય, એને જોડાયેલું એન્જિન તો નાનું જ હોવાનું! શરીર ગમે તેટલું મોટું હોય, એમાં ધબકી રહેલ હૃદય નાનું જ હોવાનું!*

*જીવનને સદ્‌ગુણોથી હર્યુંભર્યું બનાવી દેવું છે? એક નાનકડા સત્કાર્યથી એની શરૂઆત કરી દો. બની શકે કે સત્કાર્યનો ખૂલતો આ નાનકડો દરવાજો જ તમને સદ્‌ગુણોના વિરાટ મહેલમાં પ્રવેશ કરાવી દે!*

મારી પાસે સંપત્તિ જેમ જેમ વધતી ગઈ છે તેમ તેમ મારા મિત્રોની સંખ્યામાં ઘટાડો અને દુશ્મનોની સંખ્યામાં વધારો થતો જ ગયો છે. સદ્‌ગુણો મારી પાસે જેમ જેમ વધતા જાય છે તેમ તેમ મારા ચાહકોની સંખ્યામાં વધારો અને દુશ્મનોની સંખ્યામાં ઘટાડો થાય તેમ છે એ બાબતમાં મને કોઈ જ શંકા નથી અને છતાં સંપત્તિ ઘટાડવા હું તૈયાર નથી, સદ્‌ગુણો વધારવા હું તત્પર નથી. મારી આ મૂર્ખાઈનું કરવું શું?

★

પ્રભુના મંદિરમાં ૧૦ની નોટ મૂકવા હું તૈયાર તો થઈ ગયો. ખિસ્સામાં હાથ નાખ્યો. એક સાથે ૧૦ની બે નોટ બહાર આવી. એક નોટ ગંદી હતી, બીજી નોટ એકદમ નવીનક્કોર હતી.

પળનીય વાર લગાડ્યા વિના મેં ગંદી નોટ પ્રભુના મંદિરમાં મૂકી દીધી! એમ સમજીને કે 'અહીં તો બધું ય ચાલી જાય!'

હું આટલો બધો નિર્લજ્જ?

★

કસરત કરવાનો મારી પાસે સમય નથી અને છતાં મારે તંદુરસ્તી જાળવવી છે!

પેટ્રોલ પંપ આગળ ગાડીને ઊભી રાખવાની મારી તૈયારી નથી અને છતાં મારે મંજિલે પહોંચવું છે!

ધર્મ મારે કરવો જ નથી અને છતાં સુખ મારે જોઈએ છે! કરુણતા જ છે કે બીજું કાંઈ?

## NanoNine® Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

સુડોકુ ક્રમાંક-૧૧૩૯અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૦-૦૪-૨૦૨૨ સુધીમાં મોકલી આપવા વિનંતી.

સુડોકુ ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મોબાઈલ : ____________________

### ક્રમાંક - ૧૧૩૯

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | 6 | 8 | 4 | |
| | | | 4 | 8 | 1 | | 7 | 9 |
| 3 | | | | | | 5 | | |
| | 8 | 3 | 2 | | 9 | | | |
| | 6 | 1 | | | | 2 | 9 | |
| | | | 3 | | 4 | 7 | 1 | |
| | | 7 | | | | | | 5 |
| 6 | 3 | | 1 | 9 | 5 | | | |
| | 1 | 4 | 7 | | | | | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 7 | | 3 | | | | |
| | | 4 | | | | 5 | | 2 |
| | 9 | 1 | | | 8 | | 6 | |
| | | | 5 | | | | 3 | 8 |
| 4 | 2 | | | | | | 7 | 1 |
| 6 | 3 | | | | 7 | | | |
| | 1 | | 4 | | | 9 | 5 | |
| 7 | | 2 | | | | 8 | | |
| | | | | 5 | | 3 | | |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | 6 | 3 |
| | 6 | | 3 | | 9 | | 4 | |
| | | | 6 | | 8 | 7 | | 9 |
| | | | | 5 | | 6 | | 7 |
| 8 | 7 | 6 | | | | 1 | 5 | 4 |
| 3 | | 4 | | 1 | | | | |
| 6 | | 1 | 2 | | 3 | | | |
| | 9 | | 1 | | 7 | | 2 | |
| 7 | 8 | | | | | | | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 7 | | 5 | 9 | 1 | | |
| 5 | 3 | | 7 | 1 | | | | |
| 8 | | | | 3 | 6 | 7 | 4 | |
| 7 | | | 4 | | | 5 | | |
| | | | | | | | | |
| | | 4 | | | 8 | | | 9 |
| | 2 | 9 | 5 | | | | | 1 |
| | | | | 6 | | | 8 | 3 |
| | | 6 | 3 | | | 9 | | |

### ઉકેલ : ક્રમાંક - ૧૧૩૮

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 4 | 1 | 2 | 6 | 7 | 3 | 5 | 9 |
| 5 | 3 | 2 | 1 | 4 | 9 | 8 | 6 | 7 |
| 7 | 6 | 9 | 8 | 5 | 3 | 4 | 1 | 2 |
| 3 | 9 | 8 | 7 | 1 | 6 | 5 | 2 | 4 |
| 2 | 7 | 6 | 4 | 3 | 5 | 9 | 8 | 1 |
| 1 | 5 | 4 | 9 | 2 | 8 | 6 | 7 | 3 |
| 9 | 8 | 3 | 6 | 7 | 1 | 2 | 4 | 5 |
| 4 | 1 | 5 | 3 | 8 | 2 | 7 | 9 | 6 |
| 6 | 2 | 7 | 5 | 9 | 4 | 1 | 3 | 8 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 5 | 8 | 7 | 2 | 6 | 1 | 9 | 4 |
| 6 | 4 | 7 | 3 | 1 | 9 | 5 | 2 | 8 |
| 1 | 9 | 2 | 4 | 5 | 8 | 3 | 6 | 7 |
| 8 | 7 | 3 | 5 | 9 | 2 | 6 | 4 | 1 |
| 5 | 1 | 4 | 6 | 7 | 3 | 9 | 8 | 2 |
| 9 | 2 | 6 | 8 | 4 | 1 | 7 | 5 | 3 |
| 4 | 6 | 1 | 2 | 3 | 5 | 8 | 7 | 9 |
| 2 | 3 | 5 | 9 | 8 | 7 | 4 | 1 | 6 |
| 7 | 8 | 9 | 1 | 6 | 4 | 2 | 3 | 5 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | 7 | 4 | 5 | 8 | 6 | 3 | 2 | 1 |
| 3 | 8 | 6 | 2 | 1 | 9 | 5 | 7 | 4 |
| 5 | 1 | 2 | 7 | 3 | 4 | 8 | 9 | 6 |
| 7 | 4 | 3 | 8 | 9 | 1 | 2 | 6 | 5 |
| 2 | 5 | 8 | 3 | 6 | 7 | 1 | 4 | 9 |
| 6 | 9 | 1 | 4 | 5 | 2 | 7 | 3 | 8 |
| 8 | 6 | 7 | 1 | 4 | 3 | 9 | 5 | 2 |
| 4 | 3 | 5 | 9 | 2 | 8 | 6 | 1 | 7 |
| 1 | 2 | 9 | 6 | 7 | 5 | 4 | 8 | 3 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 7 | 5 | 2 | 1 | 8 | 9 | 3 | 6 | 4 |
| 4 | 1 | 3 | 7 | 6 | 2 | 5 | 9 | 8 |
| 6 | 8 | 9 | 3 | 4 | 5 | 7 | 2 | 1 |
| 5 | 6 | 1 | 2 | 3 | 4 | 9 | 8 | 7 |
| 9 | 2 | 7 | 5 | 1 | 8 | 4 | 3 | 6 |
| 3 | 4 | 8 | 6 | 9 | 7 | 1 | 5 | 2 |
| 1 | 7 | 6 | 9 | 2 | 3 | 8 | 4 | 5 |
| 8 | 9 | 5 | 4 | 7 | 6 | 2 | 1 | 3 |
| 2 | 3 | 4 | 8 | 5 | 1 | 6 | 7 | 9 |

Nano 9® kitchenware in new avatar
NanoNine® INNOVATIVE KITCHENWARE Bana De Life Aasaan!
Mfg By: Shree Balaji Metal Industries, Vasai.
: (+91) 88792 99950 | E: care@nanonine.in | W: www.nanonine.in
AHMEDABAD: Authorised Distributors: Devam Enterprises : M. 96385 21024, 97245 00513
MUMBAI: Authorised Distributors: Vasant Marketing: (+91) 98206 72501 / KK Associates: (+91) 93234 04736

# વ્યક્તિ વિશેષ

## ડૉ. નીમાબહેન આચાર્ય



**ડૉ. નીમાબહેન આચાર્ય**

"રાજકારણ તો ખોટનો ધંધો છે" – કહેનારા ગાયનેક ડોક્ટરની વિધાનસભાના પ્રથમ મહિલા અધ્યક્ષ બન્યા સુધીની સફર રોચક છે.

કવિવર રવીન્દ્રનાથ ટાગોરનું એક નાનું પાણીદાર મોતી જેવું સુંદર જાણીતું કાવ્ય છે. તેનો મર્મ એવો છે કે અસ્તાચળ જઇ રહેલ સૂર્ય જગતને પ્રશ્ન કરે છે કે, હું તો આથમી રહ્યો છું. હવે મારી અનુપસ્થિતિમાં મારા કાર્યો કોણ કરશે? આ સવાલ સાંભળી સૌ સ્તબ્ધ બની ઊભા રહે છે. ત્યારે કોઈક ખૂણામાંથી નાનકડું એક કોડિયું કહે છે – પ્રભુ, મારી શક્તિ મુજબ અંધારા ઉલેચવાનું જે કાંઈ થઈ શકશે તે હું કરીશ. આ ઉદાહરણ સાથે વાતની શરૂઆત કરતા ડૉ. નીમાબહેને પોતાના જીવનની અમૂલ્ય ક્ષણો શૅર કરી.

લીલાવતી અને શાંતિલાલ ચાંપાનેરીની દીકરી નીમાએ બાળપણથી જ સતત પરિભ્રમણ કર્યું છે. જેના થકી તે સાર્વજનિક જીવન ધોરણને સતેજ જાણી શક્યા છે. ૧૨મી ડિસેમ્બરે આઝાદીના વર્ષે જૈન પરિવારમાં જન્મેલા નીમાબહેન, બે ભાઈ અને ચાર બહેનો સાથે ઉછર્યા. પિતા વ્યવસાયે સ્ટેશન માસ્ટર એટલે નોકરીની બદલી સાથે નીમાબહેનની શિક્ષણ સંસ્થા પણ બદલાતી રહી.

ઢીંગલીઘરમાં ભણતી ત્યારે પણ આ ઢીંગલી ટ્રેનમાં એકલી સ્કૂલે ભણવા જતી. થોડી સમજ કેળવાઇ પછી તો તેઓ ખુદ સ્કૂલે જવા જીદ કરતા. બીમાર હોય તો પણ! અને આવી રીતે સફર - સફરમાં જ તેમના જીવનની ગાડી પાટે ચડી છે. પણ હોંશિયાર તો ખરા જ. એક જ વાર વાંચે અને બધું યાદ રહી જાય. તેમની આ શક્તિની જાણ તેમની સાથે ભણતા મિત્રોને ખબર જ. એટલે જ દરેક મિત્રો નીમાબહેનને વાંચી આવવા કહે અને તેમની પાસેથી સમજીને પાઠ યાદ કરે. પરિવારના લોકો પણ તેની બુદ્ધિમત્તાથી વાકેફ હતા. એટલે તેમણે પસંદ કરેલા મેડિકલ ક્ષેત્રમાં આગળ વધવાની દિશાસૂચક પ્રેરણા આપી. આ એવો વ્યવસાય હતો, જેને નીમાબહેને ખુદ પસંદ કર્યો હતો અને અહીં જ તેમણે પસંદગીના પાત્ર પણ શોધ્યા. જી હા, ડૉ. ભાવેશ આચાર્ય મૂળ ભાભરના પરંતુ અમદાવાદમાં સાથે ભણતા, કૉલેજના ત્રણેક વર્ષ પરિચયમાં રહ્યા. અંતિમ વર્ષમાં બંનેના ઘરમાં વાત કરી અને લગ્નની વાતને બહાલી મળતા તેઓ લોહાણા પરિવારની વહુ બન્યા.

સરળ જીવનશૈલી તેમના ચારિત્ર્યના પાયાની નીપજ હતી. વિદ્યાર્થીકાળમાં જ તેમણે નક્કી કર્યું હતું કે સ્વબળે કારકિર્દી બનાવીશું અને વાલી પર બોજ નાખીશું નહીં. તેમની ઉચ્ચ બૌદ્ધિક કક્ષા પર મને પૂરો ભરોસો હતો અને બંનેએ સાથે મળી ગાંધીધામમાં સ્વતંત્ર હોસ્પિટલ ખોલી. દંપતીનો સરળ અને સેવાભાવ જાહેર જીવનમાં ખૂબ પ્રચલિત બન્યો અને થોડાં જ વર્ષોમાં લોકમસીહા તબીબ બની ગયા. ભાવેશભાઈનું રેડક્રોસ સોસાયટીના ચીફ બનવું અને જાહેર જીવનમાં ઝંપલાવવાનું થયું. હાલમાં તેઓ રેડક્રોસ સોસાયટી ગુજરાતના અધ્યક્ષ છે.

વ્યક્તિ મહદ્ અંશે એમ કોઈ ઇતિહાસનું સર્જન કરશે એવી અભિભાવક ઘટનાનો ખ્યાલ એ વ્યક્તિ ખુદને પણ નથી હોતી. વ્યક્તિનું જીવન જ ક્યારેક ઇતિહાસનું ઘડતરનું કારણ બનતું હોય છે તો ક્યારેક ઇતિહાસ જ એ વ્યક્તિના જીવનનું ઘડતર બનતું હોય છે. ૧૯૭૭થી શરૂ થયેલા નર્સિંગ હોમમાં બીમાર મહિલા સહિત પીડિત મહિલાઓના વિવિધ પ્રશ્નો નીમાબહેન હલ કરતા, તેમણે કુટુંબ સલાહ કેન્દ્ર ખોલ્યું અને જરૂરિયાત વધુ વર્તી એટલે સ્વતંત્ર મહિલા ઉત્કર્ષ કેન્દ્રની શરૂઆત કરી. આ કેન્દ્ર દ્વારા મહિલા પર થતા અત્યાચાર અને તેના પગલે વધતા આપઘાતના કિસ્સાઓ સામે લડવા રવેચીથી ગઢશીશા સુધી આપઘાત નિવારણ રથયાત્રા શરૂ કરી હતી. જોતજોતામાં તેને બહોળો પ્રતિસાદ મળ્યો. એક બે કે હજાર નહીં પરંતુ દસ હજાર મહિલાઓની વાચા અહીં જળવાતી હોય એવું લાગ્યું. યાત્રાને સંબોધન કરવા તત્કાલીન મુખ્યમંત્રી ચીમનભાઈ પટેલના પત્ની ઉર્મિલાબહેનને આમંત્રિત કરવામાં આવ્યા અને આ યાત્રાની નોંધ છેક ગાંધીનગર સુધી લેવાઈ. આ યાત્રા મુખ્યતઃ નીમાબહેનના જીવનનો ટર્નિંગ પોઇન્ટ સાબિત થયો અને તબીબમાંથી રાજકીય નેતા તરીકેની કારકિર્દીને ઘડનાર સાબિત થઈ. જેણે વિધાનસભાના સ્પીકર પદે પહોંચાડ્યા. કુંદનલાલ ધોળકિયા અને ધીરુભાઈ મહેતા પછી કચ્છના ત્રીજા અને ગુજરાતના પ્રથમ મહિલા સ્પીકર બની આ પ્રદેશ અને રાજ્યના ઇતિહાસમાં નામ કાયમ કરી દીધું.

એક સમય એવો હતો, જ્યારે નીમાબહેન દ્રઢપણે માનતા, કે 'શું રાખ્યું છે રાજકારણમાં? તે તો ખોટનો ધંધો કહેવાય.' પરંતુ જ્યારે રાજકીય કારકિર્દીમાં ઝંપલાવ્યું ત્યારે સમજાયું, કે તે માત્ર રાજ કરવા માટેનું પદ નથી. પ્રજાકીય હિત અને પ્રદેશનો વિકાસ એ જ સર્વોપરી છે અને જે લોકશાહી પદ્ધતિમાં આ બાબતોને મુખ્ય ઉદ્દેશ તરીકે લેવામાં ન આવે ત્યારે રાજકીય પાર્ટી ગમે તેટલા વર્ષો સુધી શાસક બનીને રહી હોય છતાંય પ્રજા તેને એક જ રાતમાં બદલી શકે છે. પ્રજાનું આખરી ધ્યેય રાજ્ય નથી સમાજ છે. રાજ્ય સંભવ છે, એક દિવસ ખરી પડશે, પણ સમાજ તો રહેશે જ.

વ્યક્તિને નવી દિશા, નવો ઝોક આપતું હોય છે – વિદ્યાવ્યાસંગી સંસ્કારો, વિશાળ વાંચન, ભાષા પરનું પ્રભુત્વ વગેરે. જેમણે નીમાબહેનને પણ સારી સહાય કરી છે. મુખ્યમંત્રી ચીમનભાઈએ મહિલા કલ્યાણ પ્રવૃત્તિમાં નીમાબહેનની વિશેષ રૂચિને ધ્યાને લઇ, તેમને ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમના અધ્યક્ષ બનાવ્યા હતા. એ સમયે રાજકારણમાં ફાવશે કે કેમ એ તેમના માટે પ્રશ્ન હતો. પણ તેમની ગુણપ્રતિભાએ તેમને રાજકારણના હોનહાર દાવેદાર બનાવી દીધા અને આજે તેઓ વિધાનસભાના સ્પીકરનું પદ શોભાવી રહ્યા છે. આ અંગે તેમણે જણાવ્યું કે, તેમની આ વરણી સમગ્ર કચ્છની અને તમામ મહિલાઓની જીત છે અને સૌને તેનો આનંદ છે. કચ્છના જન પ્રતિનિધિઓને સાથે લઇને તમામ બાકી કામ ઝડપથી કરીશું અને અનેક નવા પ્રકલ્પો કચ્છ માટે લઇ આવવા પ્રયાસ કરવામાં આવશે.

કચ્છે પોણાસો વર્ષના ઇતિહાસમાં બે સાંસદ અને છ વિધાનસભા નિયુક્ત મહિલાઓ આપી છે. છેવાડાનાં પ્રદેશ તરીકે પંકાયેલો આ પ્રદેશ ધરખમ ઇતિહાસ સાચવી બેઠો છે અને સમયાંતરે અહીં મહિલા રત્નોએ પોતાનું તેજ પ્રકાશ્યું છે.

તેઓ કોંગ્રેસમાંથી ભાજપમાં આવેલા ધારાસભ્ય છે. ૧૯૯૫ - અબડાસા, ૨૦૦૨ - અંજારના ધારાસભ્ય કોંગ્રેસની ટિકિટ પરથી જ બન્યા હતા. ત્યારબાદ ભાજપની ટિકિટ પરથી ૨૦૦૭માં અંજારના, ૨૦૧૨ અને ૨૦૧૭માં ભુજના ધારાસભ્ય રહી ચૂક્યા છે. આટલું જ નહીં, તેઓ વિધાનસભાની ખાતરી સમિતિ, અંદાજ સમિતિ, રાજ્ય મહિલા સુરક્ષા સમિતિ, ગુજરાત કાઉન્સિલની ફેમિલી સભ્યપદે પણ તેમણે રાજકીય સેવાઓ આપી છે. છેલ્લા ૨૫ વર્ષથી મહિલા તાલીમ કેન્દ્ર અને સરકાર માન્ય કુટુંબ સલાહ કેન્દ્રનું સંચાલન કરવા સાથે વિશ્વ લોહાણા મહાજન મહિલા સમિતિના પ્રમુખ રહી ચૂકેલા છે.

તેઓ કહે છે, “હું રાજકારણ સાથે સમાજકારણમાં વધારે રસ ધરાવું છું. સમૃદ્ધ અને પ્રગતિશીલ કચ્છ માટે જન કલ્યાણલક્ષી યોજનાઓ અને નિર્ણયો, તેના પરિણામલક્ષી અમલીકરણ દ્વારા પ્રજાહિતની આરાધના કરી છે. હું કોઈ પણ કાર્ય પ્રજાજનો માટે અને સાથે રહેવાના સંકલ્પ સાથે કરૂં છું. ધારાસભ્ય કે સંસદની બેઠક માત્ર પદ શોભાવવા ભરાય તો પ્રદેશની પરિસ્થિતિ જેવી છે તેવી જ રહી જાય.”

“તમારા આટલા વર્ષોની મહેનત રંગ લાવી છે.” મોરારિબાપુએ કહેલા શબ્દો નીમાબહેન માટે નોંધનીય છે. જે પ્રજાકીય પ્રશ્નોના ઉકેલ માટે કામ કરે છે તેને પ્રજા યોગ્ય ન્યાય આપે છે.

રાજકારણીઓ એ છે જેની ઇચ્છા દેશ માટે કંઈ કરે તેવી હોય છે અને રાજનીતિજ્ઞ એ છે જેની ઇચ્છા દેશ માટે કંઈક કરવાની હોય છે.

નીમાબહેન રાજકારણની મધ્યમાં રહ્યા છે પણ કલેવર રાજનીતિજ્ઞનું છે. એટલે તેમણે પોતાનું સર્વ જ આપવાનો પ્રયાસ કર્યો છે. કચ્છનો જેવો અભ્યાસ એમણે કર્યો – એવો બીજા વિસ્તારોનો થાય, તો સંભવ છે કે સૌને લાગે કે પરિસ્થિતિની મર્યાદામાં રહીને સર્વાંગી પ્રગતિ સાધવાનો આપણો પુરુષાર્થ પ્રેરક અને આશાસ્પદ બની શકે છે.

***ડૉ. પૂર્વીબેન ઇશ્વરગીરી ગોસ્વામી - ભુજ, કચ્છ***
***મો. ૯૮૨૫૭ ૯૨૦૪૮***

## આજીવન યુવાન : ડૉ. હેમરાજ શાહ



ડૉ. હેમરાજ શાહ

ઉંમર વધતી જાય તેમ માણસ વૃદ્ધ થતો જાય. તેની માનસિક શક્તિની સાથે સાથે શારીરિક શક્તિઓ પણ ઘટતી જાય. આજના આધુનિક જમાનાની આદતો વચ્ચે વધુમાં વધુ ૬૦ વર્ષની ઉંમર સુધી સામાન્ય વ્યક્તિ જવાબદારીપૂર્વક, સમજદારીપૂર્વક કાર્ય કરી શકે છે. પરંતુ ત્યાર પછી તો તેને વૃદ્ધાવસ્થા ગ્રસી લે છે. તે પોતાના કામો માટે પણ અન્યો ઉપર આધાર રાખતો થઈ જાય છે ત્યારે તેની પાસે બીજા કોઈના કામો કે સામાજિક કાર્યોની અપેક્ષા રાખી શકાય તેમ હોતી નથી. ચારેબાજુ આવા દાખલા જોવા મળે છે. પરંતુ ક્યારેક કોઈ વ્યક્તિ જીવનના અનેક આઘાતો સહીને પણ અડીખમ રહેતા હોય છે. જાણે તેઓ કાલ ઉપર વિજયી થનારા – કાલજયી હોય છે. આવી વ્યક્તિને ઉંમરના પડાવો ક્યારેય અટકાવી શકતા નથી. તેઓ સદા પોતાનું તો ઠીક, પરંતુ સમાજનું કાર્ય કરવા માટે તત્પર હોય છે. જાણે તેઓ આજીવન યુવાન રહેવા સર્જાયા હોય છે.

આવું જ એક નામ છે – કચ્છના સામખિયાળીમાં જન્મેલા અને મુંબઈ-મહારાષ્ટ્રને કર્મભૂમિ બનાવનારા **ડૉ. હેમરાજ શાહ**નું. ૨૨મી માર્ચ, ૨૦૨૨ના રોજ તેઓએ જીવનના ૮૧ વર્ષ પૂરા કરીને ૮૨મા વર્ષમાં પદાર્પણ કર્યું. પરંતુ જીવનના આઠ દાયકા તડકા - છાયા અનુભવ્યા હોવા છતાં તેમના મનોબળ પર એક ઘસરકો સુદ્ધાં પડ્યો નથી. તેઓ આજે પણ જાણે ૩૦-૩૫ વર્ષના યુવાન હોય તેમ ઉત્સાહથી કાર્ય કર્યે જાય છે.

૮૧ વર્ષના સુદીર્ઘ કાળમાં તેમણે અનેક કૌટુંબિક અને

વ્યવસાયીક મુશ્કેલીઓ સહન કરી હોવા છતાં આ સદા યુવાન કહી શકાય તેવી વ્યક્તિ કોઈ અજાણ જોશભેર જીવન જીવી રહી છે. તે જોઈને પોતાના દુઃખ નીચે દટાયેલા લોકોને પ્રેરણાના પીયુષ મળી શકે તેમ છે. તેમનું જીવન પણ અન્યો માટે, ખાસ કરીને યુવાનો માટે એક પ્રોત્સાહક ઉદાહરણ સમું છે. ખૂબ નાની ઉંમરમાં માતા-પિતાની શીતલ છાયા ગુમાવનારા, મોટાભાઈની આંગળી પકડીને મુંબઈમાં પગ મૂકનારી વ્યક્તિ આજે જાણે એક નામ મટીને એક સંસ્થા બની ગઈ છે. માતા-પિતાના ચહેરા પણ હેમરાજભાઈએ જોયા હોવાનું યાદ નથી. પરંતુ ભાઈ-ભાભી, દાદીમા, મોટીબેનો વગેરેના ભરપૂર પ્રેમને કારણે તેમનું બાળપણ હર્યુંભર્યું રહ્યું હતું. મોટાભાઈ સાથે તેઓ મુંબઇ આવ્યા. હોસ્ટેલમાં રહીને ભણ્યા. કોલેજના પગથિયા ચડ્યા પરંતુ ત્યાં સંજોગોવશાત્ પૂરતું ભણી ન શક્યા. લગ્ન પછી સતત સાથ નિભાવનાર પત્ની કેસરબેનનું અકસ્માતમાં અચાનક અવસાન થયું. વહાલી પુત્રી રેખાનું કેન્સરની બીમારીથી અવસાન થયું. આવા અનેક કૌટુંબિક આઘાતો તેમણે સહન કર્યા છે. વ્યવસાયમાં પણ અનેક ચડતી પડતી તેમણે જોઈ છે. પરંતુ ચહેરા ઉપર કે વર્તનમાં તેઓ ક્યાંય તે દર્શાવતા નથી પરંતુ હૃદયમાં ઊંડે ઊંડે આઘાતોને ધરબી દીધા છે. અત્યારે બે દીકરા ઉદય અને અરવિંદના પરિવાર સાથે હેમરાજભાઈ પોતાના જખ્મો ભૂલી જવાની કોશિશ કરે છે.

પોતાની અંગત તકલીફોને કોરાણે મૂકીને તેઓ હોંશભેર સામાજિક કાર્યો કરી રહ્યા છે. 'કચ્છ શક્તિ'ની એક દૈનિકમાંથી વાર્ષિક મેગેઝિન તરફની સફર, 'કચ્છ શક્તિ એવોર્ડ'ની સફર તેઓ હજુ પણ ખેડી રહ્યા છે. એક પત્રકાર, લેખક તરીકેની ઉત્કૃષ્ટ કામગીરી કરી છે. તેઓ 'જન્મભૂમિ' અને 'મુંબઈ સમાચાર' દૈનિકમાં છેલ્લા ૧૫ વર્ષથી સાંપ્રત બાબતો વિશે કોલમ લખી રહ્યા છે. તેમણે પોતે બાવન જેટલા પુસ્તકો લખ્યા છે. મહારાષ્ટ્ર ગુજરાતી સમાજ મહામંડળની રચના અને તેની કામગીરી, મહારાષ્ટ્ર ગૌરવ ઍવોર્ડ, ગુજરાત ગૌરવ ઍવોર્ડ, સ્વર્ણિમ ગુજરાત અને મહારાષ્ટ્ર ઍવોર્ડ એનાયત કરવાની કામગીરી તેઓએ અત્યાર સુધી સુપેરે બજાવી છે. તેમના પ્રયત્નોથી જ મુંબઇના અંધેરી જેવા વિસ્તારમાં 'ગુજરાતી સમાજ ભવન'નું નિર્માણ પણ થયું છે. તેમના ભાષા અને સાહિત્ય પ્રેમના કારણે મહારાષ્ટ્ર ગુજરાતી સાહિત્ય અકાદમી ઊભી થઈ છે અને અત્યારે સુંદર રીતે કાર્ય કરી રહી છે. તેમણે પ્રયત્ન કરીને 'વિશ્વ ગુજરાતી દિન'ની ઉજવણી પણ શરૂ કરાવી છે. સાથે સાથે વિશ્વ કચ્છી દિનની ઉજવણી પણ વૈશ્વિક રીતે થાય તે માટે પણ આ ઉંમરે પ્રયત્નશીલ રહે છે. સાહિત્યના પ્રસાર માટે પણ તેઓ વિવિધ પ્રકારે પ્રયત્ન કરે છે. નિબંધ સ્પર્ધા, વાર્તા સ્પર્ધા જેવી સ્પર્ધાઓ યોજીને નવોદિતોને પ્રોત્સાહિત કરે છે. તેમણે મહારાષ્ટ્રમાં વસતી ગુજરાતી જ્ઞાતિઓ લુહાર, સઈ-સુથાર, હજામ, વાણંદ, ઘાંચી, કુરેશી, મણિયાર, પરજીયા, સોની, પંચાલ, સુથાર વગેરે અન્ય પછાત જ્ઞાતિઓનો સમાવેશ ઓ.બી.સી. તરીકે કરાવ્યો છે.

વિવિધ ક્ષેત્રની વ્યક્તિઓનું સન્માન કરીને જ તેઓ સંતોષ નથી માનતા. પરંતુ તેમણે વિવિધ પ્રકારના કાર્યક્રમોનું આયોજન પણ કર્યું છે. કાકાસાહેબ કાલેલકરની ૮૫મી જન્મ જયંતિએ વિશિષ્ટ કાર્યક્રમ પણ તેમણે યોજ્યો હતો. જેમાં હિંદી, મરાઠી, ગુજરાતી ભાષાના નામાંકિત સાહિત્યકારો ઉપસ્થિત રહ્યા હતા. સંગીતકાર કલ્યાણજી આણંદજીના જાહેર સત્કારનો કાર્યક્રમ પણ તેમણે સફળતાથી યોજ્યો હતો. કચ્છમાં દુકાળ પડતાં માદરે વતનના લોકોને સહાયભૂત થવા માટે દુષ્કાળ રાહત ફંડ પણ એકત્ર કર્યું હતું. શિક્ષણ માટે તેમના મનમાં અપાર પ્રેમ. આથી તેજસ્વી વિદ્યાર્થીઓનું તેઓ દર વર્ષે નિયમિત સન્માન કરતા. કચ્છના મહાન સાહિત્યકાર દુલેરાય કારાણીજીનો અમૃત મહોત્સવ પણ ધામધૂમથી તેમની દેખરેખ હેઠળ યોજાયો હતો. પૂ. પ્રમુખસ્વામી મહારાજ, સામ પીત્રોડા વગેરેના સન્માનના કાર્યક્રમો પણ ખૂબ સુંદર રીતે યોજાયા હતા. ભુજમાં કિશોરકુમાર નાઇટનો કાર્યક્રમ પણ યોજાયો હતો.

સામાજિક કાર્યો ઉપરાંત તેઓએ રાજકારણમાં પણ પોતાનું નામ કાઢ્યું છે. તેમણે નેશનાલિસ્ટ કોંગ્રેસમાં મહામંત્રીનું પદ શોભાવ્યું હતું. શિવસેનામાં પણ તેઓએ પ્રવક્તા તરીકેની અને રાષ્ટ્રીય સંગઠન તરીકેની ફરજ બજાવી છે. રાજકારણમાં તેઓ પોતાની કોઈ મહત્ત્વાકાંક્ષા માટે નહીં પરંતુ તેના થકી લોકોના કામ કરી શકાય તે ભાવનાથી જોડાયા છે. આજે જીવનના આઠ દાયકા પછી પણ તેઓ આ માટે જ કાર્ય કરી રહ્યા છે.


આ ઉપરાંત 'કચ્છ શક્તિ' દૈનિકના તંત્રી તરીકે ભારતના સૌથી યુવાન વયે તંત્રી બનેલા હેમરાજભાઈને વર્લ્ડ રેકોર્ડ ઓફ ઇન્ડિયામાં સ્થાન મળ્યું છે. આ ઉપરાંત તેમના વિશેના પુસ્તક 'સાધનાનું સાતત્ય : હેમરાજ શાહ'ને એક જ વ્યક્તિ વિશેના ૧૦૦થી વધુ લેખો બદલ વર્લ્ડ રેકોર્ડ ઇન્ડિયામાં સ્થાન મળ્યું છે.

તેમના માનવતા અને વિવિધ સામાજિક કાર્યો માટે કેનેડાની બ્રોમ્પ્ટન ઇન્ટરનેશનલ યુનિવર્સિટી તરફથી ડૉક્ટરેટની ડિગ્રી પણ એનાયત કરવામાં આવી છે. ઇંદોરમાં યોજાયેલા કાર્યક્રમમાં આ ડિગ્રી ઉપરાંત તેમને 'રાષ્ટ્ર પ્રેરણા ઍવોર્ડ'થી પણ સન્માનિત કરાયા છે. તેમને ગોવા ખાતે ગ્લોબલ સ્કોલર ફાઉન્ડેશન તરફથી 'ભારતીય સમાજ રત્ન' ઍવોર્ડ પણ મળ્યો છે. દિલ્હીની મેજીક બુક ઓફ રેકોર્ડ તરફથી પણ તેમને 'લાઇફટાઇમ એચિવમેન્ટ' ઍવોર્ડથી નવાજાયા છે.

સતત કાર્યરત રહેવાની તેમની આદત જ તેમને અનેકવિધ સન્માનના લાયક બનાવે છે અને તેથી જ તેમને ૮૨ વર્ષના નવયુવાન કહેવા પડે છે. ■




# માતૃભાષા જિં અજ



મહેન્દ્ર દોશી

કચ્છના ભાષાકીય ઇતિહાસમાં 'કચ્છી'ને (બંધારણીય) માન્યતા મેળવવા માટેના પ્રયત્ન છેલ્લા દાયકાથી કરવામાં આવી રહ્યા છે. કચ્છી બોલનાર ભાષક, વિશ્વના કોઈપણ ખૂણામાં વસતા હોય પણ 'મા બૂલી કચ્છી' ભાષાને જીવંત રાખવા, ટકાવી રાખવા માટે ભાષા-પ્રેમીઓ 'કચ્છી'ને બંધારણીય મોભો મળે તે માટે ઝંખી રહ્યા છે.

કોઈપણ પ્રદેશની સંસ્કૃતિનું પ્રતિબિંબ તેમની ભાષાના માધ્યમથી અભિવ્યક્ત થાય છે. 'કચ્છ'ની સંસ્કૃતિને જીવંત રાખવી હોય તો તેમની 'મા-બોલી'ને બંધારણીય દરજ્જો 'મોભો' હોવો અનિવાર્ય છે. 'કચ્છી'ને બંધારણીય મોભો મળે તો જ બંધારણીય લાભો મળી શકે, તો જ 'કચ્છી' રાષ્ટ્રીય સ્તરે ટકી શકે, જીવંત રહી શકે. કચ્છીને આ મોભો મેળવવા માટેના કરવામાં આવતા પ્રયત્નમાં સૌપ્રથમ ગુજરાત સરકારે 'કચ્છી' માટે કરેલ આદેશમાં સુધારો કરવો પડશે. ગુજરાત સરકારે 'કચ્છી'ને સ્થાનિક અસ્તિત્વના આધારે સ્વતંત્ર ભાષા તરીકે સ્વીકારીને 'કચ્છી'ને 'બોલી' (Dialect) માં વર્ગીકૃત કરેલ છે. ગુજરાત સરકારના આદેશમાં 'બોલી' અને 'ભાષા' (Dialect - Language) એમ બંને વર્ગમાં વર્ગીકૃત કરવામાં આવેલ હોવાથી 'કચ્છી'ને બંધારણના આઠમા ખંડના આર્ટીકલ ૩૫૧ હેઠળના લાભથી વંચિત છે.

'કચ્છી'ને વૈકલ્પિક ભાષા તરીકે બંધારણના આઠમા ખંડની જોગવાઈ હેઠળનો લાભ મેળવવા માટેની કાર્યવાહી કરતાં પહેલા, 'કચ્છી'ને ગુજરાત સરકારે 'બોલી'માં વર્ગીકૃત કરેલ છે, જે આદેશમાં સુધારો કરવો પડે. અને આ માટે, ગુજરાત રાજ્યની માન્યભાષા 'ગુજરાતી' એ 'કચ્છી'ના સ્વરૂપ અને સંરચના ભિન્ન છે એવું પ્રમાણિત કરવું પડે. આ માટે સક્ષમ ઓથોરીટી ગુજરાતની, કચ્છી સાહિત્ય અકાદમી અને ગુજરાત સાહિત્ય પરિષદ ગણાય. કચ્છી સાહિત્ય અકાદમી, એ ગુજરાતી સાહિત્ય અકાદમીથી અલગ સ્ટેટસ ધરાવતી હોવાથી, આપોઆપ બંને ભાષા ભિન્ન - અલગ છે એવું પ્રમાણિત થઈ જાય છે. જ્યારે ગુજરાતી સાહિત્ય પરિષદને 'કચ્છી ભાષા'ને પ્રમાણિત કરવા માટે ગુજરાતી સાહિત્ય પરિષદના ૩૨મા જ્ઞાનસત્રમાં ઠરાવ લાવવા માટે વિનંતી કરવામાં આવેલ અને ગુજરાતી સાહિત્ય પરિષદે ઠરાવ પસાર કરવાની સામાન્ય સભામાં પ્રમુખશ્રી પ્રકાશભાઈ શાહે જાહેરાત કરેલ છે (તા. ૨૬-૧૨-૨૦૨૧, ભુજ).

ભારતના બંધારણના આઠમા ખંડના આર્ટીકલ ૩૫૧ હેઠળના લાભ મેળવવા માટે ગુજરાત સરકારને આવેદનપત્ર આપવામાં આવેલ છે. સકારાત્મક વલણ સરકાર અપનાવીને સરકારશ્રીની ભલામણ સહ કચ્છી ભાષાની માંગણીને યોગ્ય પથ દ્વારા રાષ્ટ્રપતિશ્રીની નિયુક્ત કરેલ કમિટીને મોકલાવવાની કાર્યવાહીમાં કચ્છી ભાષકો તથા ચૂંટાયેલ સાંસદો આ કાર્યમાં રસ લઈને આગળ આવે તો લાંબા સમયથી 'કચ્છી'ને વૈકલ્પિક ભાષા તરીકે માન્યતા મળે તે માંગણી ચોક્કસ ફળીભૂત થાય.

## કહાન સેં નેડો

(રાગ : કરાઈડો)

કહાન સેં નેડો, કહાન સેં નેડો, કહાન સેં નેડો,
લગો મુંજો કહાન સેં નેડો.

કિં છડિયાં હીનજો કેડો રે
લગો મુંજો કહાન સેં નેડો. – ટેક

મોરલી સુણંધે મુંજો, મનડે વિંધઈ વયો,
ભરિદેની ભૂલી આઉં, જલજો બેડો.
– લગો૦ ૧.

હિનડે સંસારિયેમેં, બદો ન લગેડે સારો,
જોરાવર જગજે જીવન, જાદવ જેડો.
– લગો૦ ૨.


રૂપતાં નિહારી ચંગો, અખિયેંમેં રખી ગીડો,
ચિત્તડેમેં ખુતો એંજા, પાગજો છેડો.
– લગો૦ ૩.

બ્રહ્માનંદ જોડે વલો, જેંતે હોય તેંતે હલો,
ભલો ભલો આઉં રખંદી, જીવજે ભેડો.
– લગો૦ ૪.

***– કવિ બ્રહ્માનંદ***




# 'કચ્છી બોલી' - સ્વતંત્ર ભાષા



મહેન્દ્ર દોશી

'કચ્છી' ભાષામાં ગુજરાત, સૌરાષ્ટ્ર, રાજસ્થાન, સિંધની સંસ્કૃતિનો ત્રિવેણી સંગમ છે અને આથી જ 'કચ્છી'ને પાણિનીએ વાણીભંગિયામાં 'વાચ્છકં જલ્પિત' એટલે કે 'કચ્છીઓના બોલવાની વિશિષ્ટ રીત' કહીને બિરદાવેલ છે (પાણિનીકાલીન ભારત, પૃ.-૬૬, વાસુદેવ અગ્રવાલ). કચ્છના મેઘાણી શ્રી દુલેરાય કારાણી :

*'મોતીડા અમોલ એડી બાબાણી બોલીની*
*જગમેં જુડે ન જોડ જાડેજી જુબાનજી*
*કચ્છડો વંકો, કચ્છી વંકી, જગમેં જે જે જર જીકં*
*વંકી કચ્છી વતનજી વાણી ઈ કચ્છડે જો પાણી.*

*(કાવ્યકુંજ)*

જ્યારે 'કચ્છી'ને 'પ્રાણવાન પ્રાંતબોલી'નું બિરૂદ ઝવેરચંદભાઈ મેઘાણીએ આપ્યું (કલમ કિતાબ)

## ● કચ્છી બોલીનો પરિચય :

કચ્છ પ્રદેશ મૂળ ભૂતપૂર્વ દેશી રાજ્ય હતું. રજવાડાના વિલીનીકરણ થયા બાદ આ વિસ્તારનો સમાવેશ ગુજરાત રાજ્યમાં કરવામાં આવ્યો. ભૌગોલિક દૃષ્ટિએ ગુજરાત રાજ્યનો સૌથી મોટો જિલ્લો છે.

## ● કચ્છ પ્રદેશનું ભૌગોલિક ક્ષેત્ર :

કચ્છ પ્રદેશ ભારતના પશ્ચિમ કિનારે ૨૨'.૪૪'.૮', ઉત્તરે ૨૩'.૨૧'.૩૦' અક્ષાંશ અને ૬૮'.૦૯' પૂર્વ રેખાંશથી ૭૧'.૫૪' પૂર્વ રેખાંશ (આશરે) વચ્ચે આવેલો સરહદી પ્રદેશ છે.

આ પ્રદેશની સરહદે સીરક્રીક, પૂર્વ-પશ્ચિમે સિંધ (પાકિસ્તાન), ઉત્તર પૂર્વમાં રાજસ્થાન, પૂર્વ પશ્ચિમમાં બનાસકાંઠા, પાટણ, મહેસાણા અને દક્ષિણ પૂર્વમાં અરબી સમુદ્ર આવેલ છે.

આ પ્રદેશનું ક્ષેત્રફળ આશરે ૪૫,૬૫૨ ચો.કિ.મી. છે અને લંબાઈ ૨૫ કિ.મી., પહોળાઈ ૨૪થી ૭૨ કિ.મી.ની છે.

કચ્છ પ્રદેશ દસ તાલુકામાં વિભાજિત છે : ભુજ, માંડવી, મુંદ્રા, અંજાર, ભચાઉ, રાપર, નખત્રાણા, અબડાસા, વાગડ અને ગાંધીધામ. દક્ષિણના કિનારા મેદાન કાઠી કે 'કંઠી' તરીકે ઓળખાવાય છે. કચ્છ પ્રદેશનો ભૂમિ વિસ્તાર ૨૧,૨૨૦ કિ.મી.માં પથરાયેલ છે. કચ્છના નાના અને મોટા રણનો કુલ વિસ્તાર ૨૧,૩૬૦ કિ.મી.માં પથરાયેલ છે.

## ● કચ્છી બોલીનો મોભો (Status) :

Kutchhi is not a standard language recognized by a linguistic survey of India. But it is a local importance entities, it is to be created as a seperate language (Gujarat Gazzetters – 1971)

## ● કચ્છી બોલીનો ભાષા - ફલક વિસ્તાર :

કચ્છી બોલી મુખ્યત્વે ગુજરાત રાજ્યના કચ્છ પ્રદેશમાં બોલાય છે. આ ઉપરાંત ઉત્તરમાં સિંધી, પૂર્વમાં ગુજરાતી, દક્ષિણમાં કાઠિયાવાડી (સૌરાષ્ટ્ર) અને ઉત્તર પૂર્વમાં મારવાડી (રાજસ્થાન)ની ભાષાઓ સાથે સંપર્ક ધરાવે છે.

કચ્છી બોલીના ભાષકો કચ્છ વિસ્તાર ઉપરાંત મુંબઈ - પૂર્વ આફ્રિકા, દક્ષિણ આફ્રિકા, ટાંગાનિકા, યુગાન્ડા, કેન્યા, માલ-મલાવી, જંગબાર, મોઝામ્બિક, પાકિસ્તાન, કરાંચી સિંધના આંતરીક ગ્રામ્ય વિસ્તારમાં આ બોલીના ભાષકો છે.

## ● કચ્છી બોલીનો ઇતિહાસ અને કચ્છી બોલીના ઉદ્‌ગમનો સમયના સંભવિત સ્રોત :

કચ્છી બોલીના ઉદ્‌ગમનો સમય અને સ્વરૂપ જાણવું મુશ્કેલ જ નહીં પણ અશક્ય છે. આથી કચ્છ પ્રદેશના ભાષાકીય ઈતિહાસના પાના ઉથલાવીએ તો ઐતિહાસિક ઘટના ક્રમાનુસાર બે તબક્કામાં વિભાજિત કરીને જે તે સમયમાં બોલાતી સ્થાનિક ભાષાની વિકાસ રેખાના આધારે કચ્છી બોલીના સમયની જાણકારી મેળવી શકાય.

પ્રથમ પ્રાચીનતમ સમય : 'કચ્છી' બોલી સ્વરૂપ અંગેનું અભ્યાસલક્ષી સાહિત્ય બહુ જ ઓછી સંખ્યામાં ઉપલબ્ધ છે. કચ્છમાંથી મળી આવેલ ક્ષત્રપોના શાસનકાળના પાળિયા પર અંકિત ભાષા, અશોકની ધર્મલિપિમાં લખાયેલા છે અને આ ભાષા આ સમયની કચ્છમાં રાષ્ટ્રભાષા (રાજભાષા) હતી. આનો સમય ઈ.સ.ની પહેલી સદી ગણાવી શકાય.

- **પ્રાચીનતમ સમયનો ભાષાકીય વિકાસનો બીજો તબક્કો :**

કચ્છ પ્રદેશની ભૌગોલિક રચના ઉત્તર સરહદની બાજુ 'સિંધ' અને ગુજરાતની સરહદ સાથે જોડાયેલી છે. 'સિંધ' પ્રદેશમાંથી સૌપ્રથમ જતકોમ / જાતિએ આશરે ૭મી સદીમાં આવી અને કચ્છ પ્રદેશમાં વસવાટ કર્યો. આજ સમયમાં ગુંતલી-ગઢના ખંડિયારના દસ્તાવેજની નોંધમાં જણાવ્યા અનુસાર 'મોડ' અને 'મનાઈ' બે ભાઈઓએ લાખા ધુરારના દેહાંત બાદ તેમની રાજગાદીના વારસ તરીકે મનાઈને ન સ્વીકારતા, તેમણે તેમના ભાઈ 'ઉન્નડ'નો વધ કરી અને પોતાના ભાઈ 'મોડ' સાથે મામા - વાધમ ચાવડાને આશ્રયે આવીને રહ્યા. ત્યારબાદ તેમણે કપટથી મામાનો વધ કરીને મામાની જાગીર હડપી લીધી અને લખપત પાસે ધરૂડ નદીના કાંઠે પાટગઢ પર કબજો કરી અને ગુંતલીમાં સ્વતંત્ર રાજ્યની સ્થાપના કરી.

આજ સમયમાં એક બીજી ઘટના પણ નોંધનીય બની. સિંધના નગર સમૈં (ઠઠ્ઠા)ના રાજકુમારો પણ આ પ્રદેશમાં આવીને વસવાટ કર્યો. તેઓની ભાષા પણ સિંધી હતી. આ ઘટના ભાષાકીય દૃષ્ટિએ મહત્ત્વની ગણાય કારણકે સ્થાનિક ભાષા સાથે અપભ્રંશ મિશ્રિત ભાષા અને સિંધી ભાષા પરસ્પર સંપર્કમાં આવવાથી બંને ભાષાઓ વચ્ચેના પરસ્પર દૈનિક વ્યવહાર થવાને કારણે સ્થાનિક ભાષા પર પ્રભાવ પડ્યો. મનાઈએ પોતાના રાજ્યનો વહીવટ સરળતાથી ચાલે તે માટે તેમણે સ્થાનિક ભાષાની સાથા આગંતુક પ્રજાની ભાષાના સમન્વયથી ઉદ્‌ભવેલી મિશ્રિત ભાષાનો સ્વીકાર કરી અને આગંતુક ભાષાને રાજકીય મોભો આપ્યો (આ આગંતુક પ્રજાની ઘટનાને મા. કે.કા. શાસ્ત્રીજી સમર્થન કરે છે.)

આ ઘટના બાદ કચ્છના ઇતિહાસની ગેઝેટિયર્સમાં નોંધાયેલ નોંધ અનુસાર કચ્છી ભાષાના વિકાસના સુવર્ણયુગની સ્થાપના થઇ. પાટગઢના રાજા લખિયારે વીરમ ચાવડાની પુત્રી બૌધ્ધિ સાથે લાખાના લગ્ન કરાવ્યા. પરિણામે કચ્છ સૌરાષ્ટ્ર વચ્ચે રાજકીય સંબંધો સ્થાપિત થયા અને જાડેજા વંશનો ઉદ્‌ગમ થયો.

જાડેજા શાસનની સ્થાપના થયા પહેલા ૭મી સદીથી નવમી સદી સુધીમાં આ વિસ્તારમાં સ્થાનિક પ્રાકૃત અને અપભ્રંશનું ચલણ હતું અને નવમી સદીથી અગિયારમી સદીમાં વાચ્રડ અપભ્રંશ અસ્તિત્વમાં હતી. કચ્છીનું પ્રાદેશિક કાઠું પંજાબની 'લહંદા' નજીકનું હોવાને કારણે બંને બોલીના સ્વરૂપ વચ્ચે ઘણું સામ્ય હતું. સિંધમાંથી આવેલી 'સિંધી'ની ઉપબોલી વાચ્રડ અપભ્રંશ અને સ્થાનિક ભાષા ગાઢ રીતે સંકળાયેલી હોવાથી તેની સંયુક્ત અસર 'જાડેજી કચ્છી' પર પડી. જાડેજાઓ એટલે કે મૂળ સમા - રાજપૂતોએ સ્થાનિક લોકબોલી તરીકે તેનો વિકાસ કર્યો અને 'જાડેજી કચ્છી' નામ આપી લોકભોગ્ય કરી.

જાડેજી શાસને લગભગ આઠસો વર્ષ શાસન કર્યું. ત્યારબાદ ૧૦૬૫થી ૧૨૦૩ના સમય દરમ્યાન ગુજરાતમાં સોલંકી શાસન આવ્યું. આ સમયમાં ભાષાકીય માળખું શોરેસેની અપભ્રંશ જેવું હતું અને એમાંથી મારૂ-ગૂર્જર ભાષાનો ઉદ્‌ભવ થયો. ગૂર્જર અપભ્રંશના ભૌગોલિક એકમોમાંથી રાજસ્થાની અને શોરસેનીના બ્રુહતભંગની સંયુક્ત અસર કચ્છી પર તેમની સાથેના સંપર્ક થવાને કારણે પડી. પરિણામે કચ્છી મિશ્રિત બોલીના કેટલાંક વિશિષ્ટ લક્ષણો આ સમયમાં સફળ થયા અને કચ્છી જાડેજીનું સ્વતંત્ર અને સ્વાયત્તપણે ભાષાનું પ્રગટીકરણ થયું હશે એવું અનુમાન આ ઐતિહાસિક ભાષાકીય ઘટનાઓના આધારે કરી શકાય.

૧૬૦૨માં જાડેજા ખેંગારની બીકથી જામ રાવળે કચ્છમાંથી ભાગીને જામનગરમાં સત્તા સ્થાપી. તેમણે રાજ્યનો વહીવટ લોકભોગ્ય અને સુવ્યવસ્થિત અને સુગ્રથિત કરવા માટે વ્યવહારમાં જાડેજી કચ્છી અને ગૂર્જર અપભ્રંશને પ્રોત્સાહન આપ્યું. પરિણામે આ બંને ભાષાના ભાષકો દૈનિક વ્યવહારમાં ઉપયોગ થવા લાગ્યો.

સંક્ષિપ્તમાં, સાતમી સદીથી સોળ-સત્તરના સૈકા સુધીના આટલા લાંબા સમયની ઘટેલી મહત્ત્વની ભાષાકીય ઘટના આધારિત એ ફલીત થાય છે કે આ સમય દરમ્યાન સિંધી ભાષાનું સાતત્યપૂર્ણ પ્રભુત્વ કચ્છી બોલી પર રહ્યું છે. સાતમી સદીમાં સિંધી મિશ્રીત કચ્છી નવની સદીમાં વ્રાચડ અપભ્રંશની અસર યુક્ત મિશ્રિત ભાષામાંથી કચ્છી તથા મનાઈના શાસન (૧૦મી સદી)માં સિંધીને રાજ્ય આશ્રય આપવા ઉપરાંત રાજ્યના વહીવટી કાર્ય માટે સિંધી અને સ્થાનિક લોકબોલીનો ઉપયોગ કરવા માટે મનાઈએ કરેલા આદેશના પરિણામે કચ્છી સિંધી મિશ્રિત કચ્છી બોલીના સમાન લક્ષણો ઉદ્‌ભવ્યા, જે બંને ભાષાઓ વચ્ચે ગાઢ સંબંધ હોવાનું સૂચક છે. બંને ભાષાના આદાન પ્રદાનને કારણે સ્થાનિક કચ્છી ભાષાના ધ્વનિ અને વિનિઘટકોમાં પરિવર્તન થયા. આ પરિવર્તનની સીધી અસર સિંધ પ્રદેશની ભાષા અને કચ્છ પ્રદેશની સ્થાનિક કચ્છી ભાષાના ધ્વનિ અને ધ્વનિ ઘટકોના પરિવર્તન થયા. આ પરિવર્તનની સીધી અસર સિંધ પ્રદેશની સિંધી ભાષા અને કચ્છ પ્રદેશની સ્થાનિક કચ્છી ભાષાના ધ્વનિ અને ધ્વનિ ઘટકો તેમજ ભાષાના ઉચ્ચારણ પર પડી અને તેના કારણે બંને ભાષાના ધ્વનિ - ધ્વનિ ઘટકો તેમજ ઉચ્ચારણમાં ખાસ કરીને બંને ભાષાના સ્વતંત્ર ધ્વનિ ઘટકોમાં ઘણી સમાનતા આવી છે. જ્યારે બંને ભાષાના વ્યંજનમાં સિંધીના વ્યંજનની સંખ્યા કચ્છીના વ્યંજનો કરતા વધારે છે. જે ઓછા હોવાનું કારણ પંડિત પ્રબોધભાઈ જોષી સિંધી ભાષાના કેટલાક વ્યંજનોના થોડા અંશો કચ્છીમાં આવતા વિલય થયો (Unconditional merger) હોવાનું જણાવે છે.

- **કચ્છી બોલીના વિકાસનો બીજો તબક્કો :**
  *(કચ્છી બોલીનું સ્વરૂપ અને તેના વિકાસની રેખાનું આલેખન)*

બીજા વિશ્વયુધ્ધ વિશ્વમાં વિશિષ્ટ પ્રકારની ભાષાકીય

પરિસ્થિતિ સર્જાઈ. ભાષામાં વિશ્વવ્યાપી સાર્વભૌમિકતાએ સ્થાન લીધું. પરિણામે વિશ્વની ભાષાઓમાં ત્રણ પ્રકારે ભાષાકીય પરિવર્તન થવા પામ્યા : (૧) ઐતિહાસિક ઘટનાઓને કારણે સર્જાયેલી સમસ્યા (Historical events). (૨) એક દેશમાંથી બીજા દેશમાં પ્રજાનું સ્થળાંતર થવાને કારણે સર્જાયેલી ભાષાકીય સમસ્યા (Demographical). (૩) ભાષાકીય કાયદા અને નીતિ (Law and Policies).

કચ્છી ભાષા સાર્વભૌમિકતાને કારણે બે સ્તરે ભાષા પ્રભાવિત થઈ : રાષ્ટ્રીય સ્તરે અને પ્રાદેશિક સ્તરે. રાષ્ટ્રીય સ્તરે હિંદુસ્તાન અને પાકિસ્તાનના વિભાજનને કારણે બંને દેશની ભાષા અલગ પડી. સમાજ અને સંસ્કૃતિ અને રાજકીય સંબંધો અલગ થયા. ભારતની રાષ્ટ્રભાષા હિંદી અને પાકિસ્તાનની ઉર્દુ ભાષાને બંધારણીય મોભો આપવામાં આવ્યો.

હિંદુસ્તાન - પાકિસ્તાનના વિભાજન થવાથી પડોશી દેશમાંથી લોકોને સ્થળાંતર કરવાની ફરજ પડી. પડોશી દેશ સિંધમાંથી સિંધી બોલનાર ભાષા સમાજ પોતાના વતનની ભાષા સાથે અન્ય રાજયના ભાષા સમાજમાં આવીને વસવાટ કરવાની ફરજ પડી (મુખ્યત્વે મહારાષ્ટ્ર - ગુજરાત). આગંતુક ભાષકે દૈનિક વ્યવહારમાં ઘરમાં સિંધીભાષા અને બહાર જે તે વિસ્તારમાં બોલાતી સ્થાનિક ભાષા સાથે (Native Language) વારાફરથી (Alternately) ઉપયોગ કરવાની શરૂઆત થઈ. કચ્છ વિસ્તારમાં મૂળ સિંધી ભાષા (તળપદી સિંધી) અને કચ્છના વિસ્તારમાં બોલાતી સ્થાનિક સાથે દૈનિક વ્યવહારમાં વપરાશ થવાને કારણે ભાષા મિશ્રિત કચ્છી બની. આ ભાષાકીય પરિવર્તન, એ કાલ્પનિક જોડાણ નથી પણ ભાષાકીય પરિવર્તનના ભાગરૂપે સર્જાયેલી પરિસ્થિતિની નીપજ છે.

આ ભાષાકીય પરિવર્તનની પ્રક્રિયાનું વર્તમાન સમીકરણ : મૂળ સિંધી (તળપદી સિંધી) — સિંધી — કચ્છી — તેના પરિણામે ઉદ્ભવેલ વર્તમાન દ્વૈ-ભાષિક કચ્છી એવું કહી શકાય. આ ભાષાકીય પરિવર્તનની સહજ પ્રક્રિયામાં બે અલગ અલગ ભાષાના ભાષકો વૈકલ્પિકપણે ભાષા પરના સંપૂર્ણ પ્રાવિણ્ય સાથે વારાફરતી ઉપયોગ ભાષા કરી શકતા હોવાથી બોલાતી ભાષા દ્વૈ-ભાષિક ભાષા તરીકે ઓળખાવાઈ.

આ કચ્છીનું વર્તમાન સ્વરૂપ દ્વૈ-ભાષિક હોવાનું સમર્થન કરતાં બે શોધ નિબંધ 'વાઘેરી-બોલી' ઓખામંડળ વિસ્તારમાં બોલાતી 'વાઘેરીની બોલી' તેમજ 'હાલારી કચ્છી' જામનગર વિસ્તારના હાલાર વિસ્તારમાં બોલાતી બોલી વર્તમાન કચ્છી દ્વૈ-ભાષિય હોવાનું પુરવાર કરે છે (ભાષાકીય ધ્વનિ અને ધ્વનિ ઘટકો, સ્વરૂપ અને વ્યાકરણની સમાનતાનો તુલનાત્મક અભ્યાસ અત્રે આપેલ નથી). ■

## હજારો વર્ગખંડમાં માતૃભાષા ગેરહાજર છે

છેલ્લા દાયકાથી 'માતૃભાષા' (Mother Tongue) શબ્દ ખૂબ જ પ્રચલિત અને ચલણી બન્યો છે. ભાષાની પરિભાષામાં સ્થાનિક ભાષા અને માતૃભાષાના (native language / mother tongue speaker) ભાષકોનો પારિભાષિક અર્થ પ્રવૃત્તિ અને કાર્યના સંદર્ભે કરવામાં આવે છે. અપવાદ, ભાષકની જન્મ સમયની ભાષા જે પ્રવર્તમાન હોય તે ભાષાનો ભાષક દૈનિક વ્યવહારમાં ઉપયોગ કરે તે ભાષા તેની માતૃભાષા ન પણ હોય. છતાં પણ પ્રવર્તમાન સ્થાનિક ભાષા (native language)ને ભાષક અવગત કરી અને તેનો સ્થાનિક ભાષા તરીકે દૈનિક વ્યવહારમાં પ્રભુત્વપૂર્વક ઉપયોગ કરી શકે તેને ભાષકની માતૃભાષા (mother tongue) તરીકે ઓળખ આપી શકાય. આ સિવાય, જ્યારે કોઈપણ રાજ્યમાં બોલાતી અને રાજ્ય સરકારે માન્ય કરેલ ભાષાને (Standard Language) પણ 'માતૃભાષા' (mother tongue) તરીકે દરજ્જો આપી શકાય. આમ, રાજ્ય સરકારે માન્ય કરેલ ભાષાને અને ભાષકના જન્મ સમયની સ્થાનિક ભાષાને દૈનિક વ્યવહારમાં ઉપયોગ કરતાં ભાષકની ભાષાને પણ ભાષાકીય પરિભાષામાં 'માતૃભાષા' (mother tongue) તરીકે ઓળખવામાં આવે છે.

આ પરિભાષાને આધારે એવું કહી શકાય કે કચ્છ વિસ્તારમાં જે તે વિસ્તારમાં બોલાતી સ્થાનિક ભાષાના (native language) ભાષકોની ભાષાને ભાષકોની માતૃભાષા (mother tongue)નો દરજ્જો - મોભો - સ્ટેટસ આપી શકાય. આથી, આ ભાષાકીય પરિભાષાને આધારે કચ્છ વિસ્તારમાં બોલાતી સ્થાનિક 'કચ્છી'નો 'માતૃભાષા'માં સમાવેશ કરી શકાય.

'કચ્છી'ને માતૃભાષા તરીકે ઓળખાવવામાં આવતી નથી કારણકે —

૧. કચ્છીને મળવું જોઈએ એવું મહત્ત્વ શિક્ષણ ક્ષેત્રે આપવામાં આવતું નથી.

૨. કચ્છ પ્રદેશ વિસ્તારની પ્રજા કચ્છીને સ્વભાષા તરીકે અભિમાન ધરાવતી નથી.


૩. ગુજરાત સરકાર કચ્છી માટે વિધેયાત્મક ભાષા જાતિ નક્કી કરી શકતી નથી.

આ કારણોસર કચ્છ પ્રદેશના હજારો વર્ગખંડમાં 'માતૃભાષા' ગેરહાજર છે. આ હકીકતને જાણવા અને સમજવા અને સમજ્યા પછી તેને સ્વીકાર કરવા માટે સ્થાનિક ભાષાના ભાષકોએ ઉદારતા દાખવવા માટે માતૃભાષા દિન નિમિત્તે કચ્છી માતૃભાષા દિન તરીકે ઉજવવાની શરૂઆત કરવી જોઈએ.

*મહેન્દ્ર સાકરચંદ દોશી - અમદાવાદ*
*મો. ૯૪૨૮૦ ૨૦૫૦૧*




# ‘કચ્છી બોલી’ની ઉપબોલીઓ તથા ભગિની બોલીઓ



મહેન્દ્ર દોશી

‘બોલી વિજ્ઞાન’માં કચ્છી બોલીને પ્રાદેશિક બોલીમાં વર્ગીકૃત કરવામાં આવે છે. બોલીનું દરેક ભાષા સમાજનો ભૌગોલિક અને સામાજિક જુથ વચ્ચે વાગ્-વ્યવહારની રેખાઓ ક્ષીણ હોય છે. આવી રેખાઓ જે તે ભાષા - સમાજની બોલીભેદની સંભવિત સીમા બની જાય છે. આમ તો, ભાષા સમાજના પેટાળમાં જ બોલીભેદ ગોઠવાયેલો હોય છે અને આથી જુદા જુદા ભૌગોલિક અને સામાજિક સ્તરના બોલીભેદો અલગ અલગ ભાષા સમાજના હોવાથી ભાવકની ભાષામાં / બોલીમાં ભેદકતા જુદા જુદા સ્વરૂપે જોવા મળે છે. જો કે ભાષાનું ધારકબળ તો સમાજ જ ગણાય, જેના પર દરેક ભાષા સમાજની પોતાની બોલીના વિકાસનું મંડાણ થતું હોય છે અને દરેક વિસ્તારની બોલીના સ્થળ પરિમાણો ભેદક - પ્રભેદો ભાષાભેદને એક વિસ્તારની બોલીને એક છેડેથી બીજા છેડે લઈ જાય છે. આ સાતત્યપૂર્ણ પ્રક્રિયાને પ્રદેશની સીમા પર સમભાષિક વિસ્તાર (Isogosal Line) તરીકે ઓળખવામાં આવે છે (આ પ્રક્રિયાને વ્યવહારૂ ભાષામાં ‘બાર ગાઉએ બોલી બદલાય’ કહેવામાં આવે છે.) આ પ્રક્રિયાના પ્રભાવથી જે તે વિસ્તાર કે પ્રદેશની બોલીમાં ભેદ કે પ્રભેદો થવા પામે છે, તેને જે તે વિસ્તાર કે પ્રદેશના ‘લેબલ’ અથવા તો પોતાની અલગ ઓળખ (Label or Identity) આપી, બોલીને અલગ નામ આપી ઓળખ આપવામાં આવે છે.

સામાન્ય રીતે બોલીભેદ પ્રભેદો જુદા જુદા કારણોને આધીન થતા હોય છે. જેમાં પ્રદેશની સીમા પર સમભાવિકતાના કારણે બોલીમાં થતાં પરિવર્તન ધીમી ગતિએ નિરંતર અપ્રત્યક્ષ અને સાતત્યપૂર્ણ હોય છે. આવા પ્રભેદો, પરિવર્તનના લક્ષણોની પ્રક્રિયાને તપાસવા માટે બોલીને ‘between the dialect’ અને ‘within the dialect’ના ત્રણ સ્તરે, વિન્યાત્મક, રૂપતંત્રીય અને વાક્યવિન્યાસાત્મક બોલીના ઘટકોમાં થતાં પરિવર્તનનું વિશ્લેષણ કરવું પડે અને ત્યારબાદ તેના આધારે બે અલગ સીમા પર બોલાતી બોલી અથવા તો બે સીમા વચ્ચે બોલાતી બોલીઓમાં થયેલ પરિવર્તન અથવા તો બોલીમાં દેખાતા ભિન્ન લક્ષણોને આધારે બોલીમાં આવેલ ભિન્નતા અને ભેદકતાની જાણકારી પ્રાપ્ત થાય છે. એટલું જ નહીં, પણ તેના આધારે બોલીને ‘ઉપબોલી’, ‘ભગિની બોલી’ કે ‘Speech of variety’ એવા વર્ગમાં વર્ગીકૃત કરી શકાય.

ગુજરાતના કચ્છ પ્રદેશ વિસ્તારમાં બોલાતી કચ્છીની ઉપબોલી ભગિની બોલી કે Speech of variety ના વર્ગમાં વર્ગીકરણ બે પરિસ્થિતિને આધીન કરી શકાય : (૧) ભૌગોલિક પરિસ્થિતિનું અને (૨) પ્રદેશની સીમા પર સમભાષાંશ સીમારેખા પર બોલાતી બોલી.

૧. કચ્છ પ્રદેશની ભૌગોલિક પરિસ્થિતિમાં ત્રણ સરહદી વિસ્તારનો સમાવેશ થાય છે :

| | | |
|---|---|---|
| (૧) ઉત્તર સરહદ | – | બન્ની કચ્છી |
| (૨) પશ્ચિમ વિસ્તાર | – | વાગડી કચ્છી |
| (૩) પૂર્વ કચ્છ | – | માંડવી કચ્છી. |

આ બોલીનો ઉપબોલીમાં સમાવેશ થાય છે.

### ૧. ઉત્તર સરહદ – બન્ની કચ્છી :

કચ્છની ઉત્તર સરહદે બોલાતી બોલીને વિસ્તારના આધારે નામાંકિત ‘બન્ની બોલી’ તરીકે ઓળખવામાં આવે છે. કચ્છી બોલીના ધ્વનિઘટકો કરતાં કેટલાક ધ્વનિઓ અલગ પડે છે. જેના આધારે આ વિસ્તારમાં બોલાતી બોલીનો સમાવેશ ‘ઉપબોલી’માં કરવામાં આવેલ છે.

ભિન્ન વિસ્તારની બોલીના અલગ પડના ધ્વનિઘટકો :

| | *બન્ની વિસ્તાર* | *કુલ* |
|---|---|---|
| ૧. અનઃ સ્ફોટક વ્યંજન | b d j g | ૪ |
| ૨. અનુનાસિકો | m n n n n | ૫ |

### ૨. વાગડી કચ્છી - પશ્ચિમ વિસ્તાર (બિનકચ્છી વિસ્તાર)

પૂર્વ કચ્છ વિસ્તારમાં બોલાતી કચ્છી ગુજરાતી મિશ્રણ યુક્ત ભાષા છે. કચ્છી બોલી કરતાં કેટલાક શબ્દોમાં જીંય, તીંય, જુકો, તુકો જેવા શબ્દો વપરાય છે. શબ્દ આવતા ‘ઓ’ સ્વર પહેલાં ‘આ’ સ્વરનું ઉચ્ચારણ થાય છે અને પૂર્વે આવતા ‘આ’નો લોપ થઈને તેનું ‘અ’ જેવું ઉચ્ચારણ થતું સંભળાય છે.

અકાય – આકાય, અકાસ – આકાસ, અચાર – આચાર, પવર – પાવર. ‘અ’ સ્વરનું ભારયુક્ત ઉચ્ચારણ અબડાસા અને

ઓસવાલી કચ્છીમાં 'સિંધી'ની અસરને કારણે થતાં હોવાનું અનુમાન શ્રી પ્રતાપરાય ત્રિવેદી કરે છે.

દેખાણજી – ઈનીઅજી, તિશીમજી – ભુછડીર.

ધ્વનિ ઘટકની દૃષ્ટિએ આ વિસ્તારમાં બોલાતી કચ્છી બોલી કરતાં અલગ અંતઃસ્ફોટક અને અનુનાસિકોને કારણે ભિન્ન પડે છે.

| | | *વાગડી વિસ્તારની બોલી* | *કુલ* |
|---|---|---|---|
| ૧. | અનઃ સ્ફોટક વ્યંજન | b | ૧ |
| ૨. | અનુનાસિકો | m n n | ૩ |

શ્રી કે. કા. શાસ્ત્રી આ વિસ્તારની બોલીને 'અ-કચ્છી' બોલી તરીકે ઓળખાવે છે.

**૩. માંડવી કચ્છી – પશ્ચિમ કચ્છ વિસ્તારમાં બોલાતી બોલી :**

આ વિસ્તારમાં કચ્છી ભાષકોની સંખ્યા પ્રમાણમાં વધુ જોવા મળે છે. 'સિંધ'માંથી કચ્છમાં આવીને વસનાર પ્રજા મુખ્યત્વે ઓસવાલ વણિકો, ભાટિયા, રાજપુતો, મેમણ, ખત્રી ઈત્યાદિ જ્ઞાતિઓનો સમાવેશ થાય છે.

પશ્ચિમ મારવાડમાંથી આવેલ પ્રજા પણ કચ્છી બોલીના ભાષક છે. ખારવા અને કાયસ્થી જ્ઞાતિના ભાષકોની બોલીમાં રાજસ્થાની ભાષાની છાંટ વર્તાય છે.

આ સિવાયના કચ્છી ભાષાની બોલીનું પ્રાચીન સ્વરૂપ જાડેજી રાજપૂતોની ભાષામાં જોવા મળે છે. આ બોલીને 'બાબાણી બોલી', 'જાડેજી કચ્છી' તરીકે પણ ઓળખાવાય છે.

આ વિસ્તારમાં બોલાતી બોલીના વિશિષ્ટ વિનિઘટકો :

| | | *પશ્ચિમ વિસ્તાર - માંડવી કચ્છી* | *કુલ* |
|---|---|---|---|
| ૧. | અનઃ સ્ફોટક વિનિઘટકો | b, d | ૨ |
| ૨. | અનુનાસિકો | m n n n | ૪ |

- **સમભાષાંશ સીમા રેખા અને સમાન / સમતુલ્ય બોલીઓ (Isoglossal Line અને homogeneous) :**

આ કારણોના આધારે આ વર્ગમાં સમાવેશ થતી બોલીઓ કચ્છ પ્રદેશની ત્રણેય સરહદી સીમાની અંદર બોલાતી બોલીનો સમાવેશ સમભાષાંશ ભાષક અને સજાતીય (Isoglosal Line & homogenious) ભાષાના ભાષકોની બોલીમાં ભિન્નતા - વિવિધતા કે પરિવર્તન મોટાભાગે જ્ઞાતિ / જાતિની પોતાની વિશિષ્ટતા, ભાતીગળ, સામાજિક, સાંસ્કૃતિક પરિસ્થિતિ અને વ્યવહાર અલગ અલગ હોવાને કારણે તેની અસર સ્થાનિક કચ્છી પર થતાં 'કચ્છી' કરતાં બાહ્ય સંરચના અલગ લાગે છે. આ ભિન્નતા કે પરિવર્તન 'Speech of variety' છે, જે કચ્છી બોલીની ઉપબોલી કે ભગિની બોલી નથી.

ભારત સરકાર સંચાલિત ભારતીય ભાષા સંસ્થાન (મૈસુર)ના સહયોગથી 'કચ્છી બોલી'ના સર્વેક્ષણ કરવામાં આવી રહ્યું છે જેમાં પ્રથમ તબક્કામાં (ફેબ્રુઆરી ૨૦૧૭માં) ભુજ, માંડવી, મુંદ્રા, નખત્રાણા, લખપત જિલ્લાના મૂળ કચ્છી ભાષકના એકત્રિત કરેલ ડેટા - સામગ્રીના આધારે કુલ અઠ્ઠાવન ભાષકોના - Infornant Voice reading કરવામાં આવેલ.

આ સર્વેક્ષણના પ્રાથમિક તબક્કાના પૃથક્કરણના આધારે જુદા જુદા વિસ્તારમાં બોલાતી સ્થાનિક ભાષા (Native Language – Mother tongue)ના ઉચ્ચારણ કે શબ્દાવલીમાં જે ભિન્નતા - ભાતીગળતા લાગે છે, તે જે તે વિસ્તારની બોલીની વિશિષ્ટત - ભાતીગળતા છે. આ ભિન્નતા સમાન / સજાતીય ભાષક અને સીમા ભાષાંશમાં (homogenous કે homogeneous) જે તે વિસ્તારની સામાજિક સાંસ્કૃતિક પરિસ્થિતિ અને સામાજિક રાજકીય જુથના પ્રભાવ અને બોલી - સમાજની પ્રતિષ્ઠાને કારણે તેની અલગ ઓળખ આપવામાં આવે છે, જેને Speech of variety ના વર્ગમાં સમાવેશ થાય છે. આવી વિશિષ્ટ બોલીઓમાં નીચેની બોલીઓનો સમાવેશ થાય છે.

| | | | |
|---|---|---|---|
| ૧. | ભાટિયા કચ્છી | જ્ઞાતિ આધારીત | પૂર્વ કચ્છ |
| ૨. | ઓસવાળી કચ્છી | જ્ઞાતિ આધારીત | વાગડ |
| ૩. | અબડાસા કચ્છી | વિસ્તાર/પ્રાદેશિકતા | પ્રાદેશિક |
| ૪. | કાયસ્થી કચ્છી | જ્ઞાતિ આધારીત | ભુજ |
| ૫. | ચારણિયા-હરિજન કચ્છી | જ્ઞાતિ આધારીત | લુપ્ત |
| ૬. | થરી અને થરેલી કચ્છી | લુપ્ત થયેલ. | |

અલબત્ત, આવા ધોરણ આધારીત શ્રી કે.કા. શાસ્ત્રીજી 'કચ્છી'ની સત્તરેક બોલી હોવાનું અનુમાન કરે છે.

- **'કચ્છી'ની ભગિની બોલીઓ :**

ગુજરાત રાજ્યના જુદા જુદા વિસ્તારોમાં આશરે સુડતાલીસ જેટલી પ્રાદેશિક બોલીઓ બોલાય છે. 'બોલી વિજ્ઞાન'માં જણાવ્યા મુજબ જ્યારે બોલાતી ભાષાની 'ભાષા ભગિની'ની રેખાઓ ક્ષીણ હોય ત્યારે જે તે પ્રદેશ કે વિસ્તારની પ્રાદેશિકતા, સામાજિક - સાંસ્કૃતિક લાક્ષણિકતાઓને કારણે બોલીભેદ ઉદ્ભવે છે.

કચ્છી બોલીની ભગિની બોલી હોવા અંગેનો સ્વતંત્ર અભ્યાસ થયો હોવાનું જાણમાં નથી. કચ્છ પ્રદેશમાં બોલાતી 'કચ્છી'ની સમાન ગુણધર્મો ધરાવતી સૌરાષ્ટ્રના જામનગર જિલ્લામાં બોલાતી 'હાલારી કચ્છી' અને ઓખા મંડળ વિસ્તારમાં બોલાતી 'વાઘેરી કચ્છી'નું ગોત્ર એક જ જણાય છે, જેનો પ્રમાણભુત પુરાવો 'હાલારી બોલી' અને 'વાઘેરી બોલી'ના શોધ - નિબંધો પ્રમાણિત કરે છે.

(ડૉ. શાંતિભાઈ આચાર્ય અને શં.ગ. વ્યાસ) આ બંને નિબંધોમાં બોલીના વિનિતંત્ર, રૂપતંત્ર તેમજ વાક્ય વિન્યાસાત્મક ઘટકોનો તુલનાત્મક અભ્યાસ કરવામાં આવે તો આ ત્રણેય બોલીઓ વચ્ચેની ઘણી સામ્યતા - સમાનતા જોવા મળે છે. અને આના આધારે ‘હાલારી કચ્છી’ અને ‘વાઘેરી બોલી’ને ‘કચ્છીબોલી’ તરીકે સ્થાપિત કરી શકાય.

‘વાઘેરી બોલી’ વાઘેર જાતિ / કોમની બોલી પરથી અને ‘હાલારી કચ્છી’ પ્રદેશના પટથી નામાંકિત કરવામાં આવેલ છે. ‘હાલારી કચ્છી’ મૂળ ગુજરાતી ભાષા અને કચ્છી સાથે સંબંધ ધરાવે છે. વાઘેરી બોલી હાલારી કચ્છી અને કચ્છી બોલી સાથે સંબંધ ધરાવે છે. ત્રણેય બોલીની સંરચના, વિનિતંત્ર અને રૂપતંત્રની રચના સમાન છે.

આ બંને બોલી દ્વૈ-ભાષીયતાનો ઉત્તમ નમૂનો છે. આથી આ બંને બોલીઓને કચ્છીની ભગિની બોલી તરીકે સ્થાપિત થઇ શકે તેવી ક્ષમતા બંને બોલીઓમાં છે. ■

## ‘કચ્છી ભાષા ઓનલાઇન તાલીમ કોર્સ’ DIKSHA પોર્ટલ પર

તા. ૨૧ ફેબ્રુઆરી, ૨૦૨૨ને ‘આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિને’ જી.સી.ઈ.આર.ટી. - ગાંધીનગરની પ્રેરણાથી મહારાણીશ્રી ગંગાબાસાહેબ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન - ભુજના પ્રાચાર્ય શ્રી સંજયભાઈ ઠાકર અને કોર્સ ડાયરેક્ટર ડૉ. રક્ષાબેન ઉપાધ્યાયના માર્ગદર્શન થકી ‘કચ્છી ભાષા ઓનલાઇન તાલીમ કોર્સ’ ભારત સરકારના શિક્ષણ મંત્રાલયના ઓનલાઈન તાલીમ પોર્ટલ DIKSHA (ડિજીટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફોર નોલેજ શેરિંગ) – ઓનલાઈન લોન્ચ કરીને લીંક સાર્વજનિક કરવામાં આવી.

પ્રવર્તમાન સમયમાં કચ્છી ભાષાની ઓફલાઈન તાલીમ યોજાઈ શકે તેમ શક્ય ન હતું. સાંપ્રત સમયમાં નૂતન પ્રવાહમાં ઓનલાઈન કોર્સીસનું મહત્ત્વ હોવાથી તેમજ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦માં સૂચવ્યા મુજબ સ્થાનિક ભાષાને શિક્ષણ સાથે સાંકળવા ખૂબ મહત્ત્વ આપવામાં આવેલ હોવાથી ડાયટ - ભુજએ ‘કચ્છી ભાષા ઓનલાઇન તાલીમ કોર્સ’ તૈયાર કર્યો.

આ કોર્સ જી.સી.ઈ.આર.ટી. - ગાંધીનગરની વેબસાઈટ તેમજ યુ-ટ્યુબ અને વિવિધ બ્લોગ્સ પર પણ ઉપલબ્ધ છે. આ કોર્સ DIKSHA પોર્ટલ પર ત્રણ મહિના સુધી ઉપલબ્ધ રહેશે. આ ઓનલાઇન કોર્સ નીચે આપેલ લીંક પરથી જોઈન કરી શકાશે.

https://diksha.gov.in/explore–course/course/do_3134666219476992001513?referrer=utm_source%3Dmobile%26utm_campaign%3Dshare_content

## મનુજ

દુનિયા આખી તમારા ઉપર રોષે ભરાઈ હોય
ત્યારે પણ જો તમે શાંત રહી શકો,

દુનિયા આખી તમને શંકાની નજરે જોતી હોય,
ત્યારે પણ તમે તમારી જાતાં શ્રદ્ધા રાખી શકો,

તમે અપાર ધીરજથી પ્રતિક્ષા કરી શકતા હો,
જૂઠાણાંનો જવાબ જૂઠાણાંથી ન આપતા હો,

લોકોની નફરતથી વિચલિત ન થતા હો,
મહાન અથવા શાણા હોવાનો દાવો ના કરતા હો,

સ્વપ્નદૃષ્ટા હો પણ સ્વપ્નોના દાસ ના હો,
વિચારશીલ હો પણ માત્ર વિચાર્યા ના કરતા હો,

હાર અને જીત પ્રત્યે સમાન વલણ ધરાવતા હો,
તમારા દ્વારા કહેવાયેલ સત્યની તોડ-મરોડ જોઈને વ્યથિત ના થતા હો,
તમારી સઘળી મહેનત વ્યર્થ જાય ત્યારે તટસ્થ રહી શકતા હો,
તમારું સર્વસ્વ હણાઈ જાય ત્યારે એક હરફ ઉચ્ચાર્યા વિના
એકડે એકથી ફરી શરૂઆત કરી શકતા હો,

ભીડની વચ્ચે પણ તમારો સ્વતંત્ર અભિપ્રાય જાળવી શકતા હો,
રાજાઓની સાથે પણ સામાન્ય વ્યવહાર કરી શકતા હો,
દુશ્મનો અથવા મિત્રો – કોઈથી ઘવાતા ના હો,
એકંદરે ભરોસાપાત્ર હો,

જો તમારી મિનિટ સાંઇઠે સાંઇઠ સેકન્ડથી સભર હોય
...તો આ પૃથ્વી તમારી છે!
...તેની તમામ સંપત્તિના તમે માલિક છો!
...તમે સાચા અર્થમાં મનુજ છો!

– રૂડયાર્ડ કિપ્લિંગ

*હિકડી મા!*
*બિઈ માત્રભૂમી (કચ્છ)*
*ત્રિઈ માત્રભાસા (કચ્છી)*
*છાલ!*
*ઈનીં ત્રૉઈ જી*
*માયા વે પાં મથે*
*મા બોલીકે સિલામ!*

– વિશન નાગડા




# કચ્છી ભાષાના ગદ્યની ગાથા



ડૉ. કાંતિ ગોર 'કારણ'

કચ્છ એક પ્રદેશ વિશેષ, મેરામણ, મેરુ અને મરુભૂમિથી મંડિત ભૂમિ. માત્ર ભારતનો સૌથી મોટો જિલ્લો નહીં પણ પોતાનો અનોખો સાંસ્કૃતિક ઇતિહાસ ધરાવતું દીર્ઘકાળથી સ્વતંત્ર અસ્તિત્વ ધરાવતું રાજ્ય પણ છે.

ભારતનો એવો ત્રિભાષીય પ્રદેશ છે, જ્યાં રાજ્યના વહીવટની ભાષા ગુજરાતી, તો સમાંતરે લોકજીવનમાં પ્રવૃત્ત ભાષા કચ્છી; તો આદિપુર, ગાંધીધામ વિસ્તાર અને બન્ની જેવા વિસ્તારમાં પ્રયોજાતી ભાષા સિંધી છે. પણ આપણે તો વાત કરવી છે, કચ્છી ભાષાના સાહિત્યની. ભારત અને ભારતની બહાર અનેક વિસ્તારોમાં કચ્છીઓ અને કચ્છી ભાષા પ્રસરેલી છે અને પરિણામે કચ્છીમાં અનેક ભાષાઓના પ્રવાહો ભળેલા છે પણ અન્ય ભાષાઓની સમૃદ્ધિને કચ્છી પોતાનામાં સમરસ કરી દે છે, એ વાત અત્યારે અસ્થાને છે. છેલ્લા ત્રણસો વર્ષથી કચ્છી ગુજરાતી લિપિમાં લખાય છે, જે નિર્વિવાદ હકીકત છે. તેથી એની લિપિ પણ ગુજરાતી છે. જેમ હિંદી, અંગ્રેજી, બંગાળી, મરાઠી વગેરે ભાષાઓએ અન્ય લિપિઓને પોતાની લિપિ તરીકે સ્વીકારી લીધી છે તેમ કચ્છીની લિપિ પણ ગુજરાતી છે. તેથી એની લિપિ ન હોવાનો સવાલ પણ હવે રહેતો નથી. વળી એનું વિપુલ સાહિત્ય અને ભાષકોની વિશાળ સંખ્યા જોતાં હવે તે પૂર્ણ વિકસિત ભાષાના તમામ લક્ષણો ધરાવે છે. વળી ભાષાનો સાદો અર્થ 'ભાષતે ઇતિ ભાષા' થાય એટલે કે 'બોલાય તે ભાષા' તેમ 'બોલાય તે બોલી.' એ રીતે ઘણી ભાષાઓમાં બોલીનો અર્થ ભાષા જ થાય છે. કારણકે ઘણી બોલીઓમાં ભાષા શબ્દ પ્રયોજાતો નથી. ટૂંકમાં, કચ્છી એ ભાષા જ છે પણ આ મુદ્દાની વિસ્તૃત ચર્ચા માટે તો અલગ લેખ કરવો પડે. આ લેખનો એ ઉદ્દેશ નથી.

કચ્છીની તાસીર અને તાકાતને પ્રગટ કરતાં દુલેરાય કારાણીજીએ કચ્છીને 'રુક્ક જેડી નક્કર, સક્કર જેડી શીરી વારી, અક્કડ અનોખી અતિ' કહી છે. તો લાલજી નાનજી વકીલે એમના સંસ્કૃત વાગ્દેવી સ્તોત્રમાં કચ્છી વાણીની લાક્ષણિકતાઓ વર્ણવી છે. આ બાબતો પર અલગ લેખ થઇ શકે. આ વાણી બળુકી અને વિશિષ્ટ છે, તો એનું સાહિત્ય પણ વિશિષ્ટ જ છે. મુળભૂત રીતે બોલચાલની આ ભાષાના સાહિત્યની શરૂઆત પદ્યથી થઈ છે. બોલચાલની ભાષા હોવાથી એનું સાહિત્યસર્જન ગદ્યમાં થયું હશે એવું કોઈ માને તે સહજ છે. પણ દુનિયાની મોટાભાગની ભાષાઓની જેમ કચ્છીનું સાહિત્ય પદ્યથી શરૂ થયું છે અને હજુ પણ કાવ્ય સંગ્રહો જેટલા બહાર પડે છે તેનાથી અડધા પ્રમાણમાં પણ ગદ્યનાં પુસ્તકો બહાર પડતા નથી. પદ્યનાં સર્જન અંગે આ લેખકે અન્યત્ર પણ ઘણું લખ્યું છે પણ કચ્છીનું ગદ્ય પણ બળકટ અને સત્ત્વશીલ છે. આજે કચ્છીની ગદ્ય સર્જનની યાત્રા કરવી છે.

- **નવલકથાઓ :**

૧૯૮૬થી આજ સુધીમાં કચ્છીમાં આઠ નવલકથાઓ લખાઈ છે. જેમાં 'ભેંકાર ભોમકા', 'અવધૂત', 'અંગભંગ', 'ત્રવાટો' અને 'ત્રિષણા' એ પાંચ નવલકથા ગૌતમ જોશીની છે. એક 'ધાગ' નવલકથા જટુભાઈ પનિયાની છે. એક નવલકથા 'ચુકાવો' ચંદુલાલ કરમજિયાણીની છે. 'રતજા રૂંગા' નવલકથા વિશ્રામ ગઢવીની છે. વિશ્રામ ગઢવીની તાજેતરમાં બહાર પડેલી આ નવલકથા કચ્છીમાં લખાયેલી જાનપદી નવલકથા છે. કચ્છના કૃષિ આધારિત સમાજના જીવનની ઘટનાઓનું પ્રભાવી નિરૂપણ અને કચ્છની કાયમી સમસ્યા દુષ્કાળનું પ્રભાવક ચિત્રણ. માત્ર માણસો નહીં પણ પ્રાણી સૃષ્ટિ પર તેનો પ્રભાવ અને જીવંત પાત્ર ચિત્રણ તથા બળુકી કચ્છી ભાષા, તેના રૂઢી પ્રયોગો, કહેવતો આદિથી આ નવલકથા ઉત્તમ કૃતિ બની છે.

આ નવલકથાઓ કચ્છના લોકજીવન પર આધારિત છે. આ નવલકથાઓ ઉજળા ભવિષ્યની આશા જગાવે છે અને અન્ય ભાષાઓની ઉત્કૃષ્ટ નવલકથાઓની સાથે બેસી શકે એવી નવલકથાઓ આવશે એવી આશા જન્માવે છે.

- **વાર્તાઓ :**

કચ્છીમાં વાર્તાની શરૂઆત તો આકાશવાણી ભુજ પરથી શરૂ થઇ પણ પુસ્તકરૂપે કચ્છી ભાષામાં પ્રથમ વાર્તા સંગ્રહ 'ધિલજી ગાલ્યું' (૧૯૮૪) પદ્મશ્રી નારાયણ જોશી 'કારાયલ'નો બહાર પડ્યો છે. તેમણે ત્યારબાદ 'વતનજી ગાલ્યું' (૧૯૮૮) પણ આપ્યો છે. તળપદું બળકટ ગદ્ય, પ્રાણવાન શૈલી, ગ્રામીણ સમાજનું યથાતથ આલેખન, કહેવતો અને રૂઢિ પ્રયોગોનો વિનિયોગ આ વિશેષતાઓથી એમની વાર્તાઓ પ્રભાવક છે.

ધનજી ભાનુશાલી 'કડક બંગાલી'ના ચાર વાર્તાસંગ્રહ 'ખારી ખારી ખન', 'ઢોરવાડો', 'મિઠો મિઠો નમ', 'કોસો કોસો સી' જેવા વાર્તાસંગ્રહો કચ્છીને મળ્યા છે. પણ તેઓ વાર્તા આલેખન, વાર્તા લેખનના કસબ કરતાં ઘટનાને વધારે મહત્ત્વ આપે છે. અનુભવેલી, જોયેલી જાણેલી ઘટનાને તાદશ કરવાનો એમનો પ્રયત્ન રહ્યો છે.

ડૉ. રમેશ ભટ્ટ 'રશ્મિ' કચ્છી વાર્તા ક્ષેત્રે આશાસ્પદ અને વાર્તાના સ્વરૂપના જાણતલ સર્જક છે. 'લંભજો ટાઢો' અને 'સબદપિરભ', 'ઉગ્યા કંધા', 'મલાખડો' અને 'અજોર' એમના વાર્તાસંગ્રહો છે. સુસજ્જ શૈલી અને અભ્યાસુ સર્જક તરીકે એમની પાસેથી વધારે અપેક્ષાઓ છે. બહુશ્રુતતાની ઝલક એમની વાર્તાઓમાં દેખાય છે.

ગૌતમ જોશીએ પણ કચ્છીમાં ઘણી વાર્તાઓ આપી છે. 'મુંજી વારતાઉં' અને 'મન મોતીજા મણીયા' ભાગ ૧ અને ૨ તથા 'લેણાદેણી' જેવા સંગ્રહ એમણે આપ્યા છે. વાસ્તવિક ઘટનાઓ અલંકારમુક્ત ભાષાશૈલી તથા ગ્રામ્ય બળકટ કચ્છીને બદલે શહેરી સંસ્કારયુક્ત ભાષા તરત જ ધ્યાન ખેંચે છે. વાચકોનું રૂચિ રંજન એમનો હેતુ લાગે છે.

હરેશ દરજી 'કસભી'ના વાર્તા સંગ્રહ 'ઝરૂખો' અને 'સભન' પ્રગટ થયા છે. ચોટદાર શૈલીમાં લખાતી એમની વાર્તાઓમાં ઘટનાઓનું નિરૂપણ ખાસ ધ્યાન ખેંચે છે.

ગુજરાતીમાં વાર્તાકાર તરીકે લબ્ધપ્રતિષ્ઠિત માવજી મહેશ્વરીની વાર્તા સંગ્રહ 'રત' કચ્છીને મળે છે. લાઘવયુક્ત સોંસરી શૈલી, વાર્તાકલાની ટેકનિક, અપેક્ષિત સંવેગોનું યથાર્થ નિરૂપણ, સમાજનું વાસ્તવિક દર્શન કરવામાં એ માહિર છે. દલિત ચેતનાની ઝલક પણ એમાં દેખાય.

વિશ્રામ ગઢવીનો વાર્તા સંગ્રમ 'ઓમાણ', અસલ ચારણી શૈલીની કચ્છી સાથે કચ્છી ગ્રામ્ય વિસ્તાર જ્યાં ભેળસેળ વિનાની બળુકી કચ્છી બોલાય છે, તેનો માહોલ તાદશ કરે છે.

જગદીશ ગોર 'શરમાળ'નો વાર્તાસંગ્રહ 'ધઉસજી ધગલભાજી' (૧૯૯૫), કાનજી મહેશ્વરીનો વાર્તા સંચય 'લાગણી' અને રમેશ રોસિયાનો વાર્તા સંગ્રહ 'રાણારાઈ' વાર્તાકલાની દૃષ્ટિએ ઉલ્લેખનીય છે. હીરાલાલ બાવાનું પુસ્તક 'અણમોલ મોતી' કચ્છીઓની કચ્છ અને કચ્છ બહારની વાતોથી સમૃદ્ધ બન્યું છે. માધવ જોશી 'અશ્ક' દ્વારા સંપાદિત 'હલ સંજાબ' (૨૦૧૩) વાર્તા સંગ્રહમાં ૩૩ જેટલી અલગ અલગ લેખકોની વાર્તાઓ છે. 'જુધાઈજી પીડા' શામજી મહેશ્વરી 'શામ'નું વાર્તાનું પુસ્તક છે.

આ ઉપરાંત શિવજી મોઢ, છગનલાલ ભાવસાર, હીરાલાલ બાવા, લીલાધર ગડા, રામજી જોશી, જગદીશ ગોર, નેણશી ભાનુશાળી, ચંદ્રદુર્ગેશ જોશી, મુક્તા ઠક્કર 'ઉષ્મા', મુક્તા ખત્રી, શક્તિસિંહ જાડેજા, અરૂણા ઠક્કર, પ્રભુલાલ ધુફારિયા, ડૉ. કાંતિગોર 'કારણ' વગેરેનું વાર્તા સાહિત્ય પ્રકાશિત થતું રહ્યું છે. જેમના વાર્તાસંગ્રહ પ્રકાશિત થયા નથી. ચીંગારમાં પણ નવી નવી કલમોની વાર્તાઓ પ્રગટ થતી રહે છે.

- **નિબંધ :**

કચ્છીમાં નિબંધોનું ખેડાણ પ્રમાણમાં ઓછું થયું છે પણ ગુણવત્તાવાળું થયું છે. ૧૯૮૫થી આજ સુધીમાં કચ્છીમાં કુલ ચાર નિબંધ સંગ્રહ બહાર પડ્યા છે. ગૌતમ જોષીનો પ્રથમ નિબંધ 'સુગંધ' સંગ્રહ બહાર પડ્યો. જેમાં તેમણે કચ્છના વિશિષ્ટ તહેવારો, બાલ્યાવસ્થા, વૃદ્ધાવસ્થા વગેરેના સ્મરણો જીવંત રીતે આલેખ્યા છે. કાંતિ ગોરનો નિબંધ સંગ્રહ 'કચ્છી ભાષાજો કૌવત'માં કેટલાક અભ્યાસલેખો, બન્નીનો ઇતિહાસ, કવિ તેજ અને કારાણીજીની કવિતાની વિશેષતાઓ, આકાશવાણી પર રજૂ થયેલા કચ્છી નાટકોની અભ્યાસપૂર્ણ સમીક્ષા જેવા વિવિધ વિષયો સમાવિષ્ટ છે. લાલજી મેવાડાનો 'ધિલજી ધરી' પણ વિષય વૈવિધ્યને કારણે નોંધનીય છે. વિશ્રામ ગઢવીના નિબંધ સંગ્રહ 'ખીરોલા'માં ગ્રામીણ સમાજ સાથે ઓતપ્રોત એવા વિષયોનું બળકટ અસલ કચ્છીમાં નિરૂપણ થયું છે. પછી તે ખીરોલા જેવી કચ્છની વિશિષ્ટ વનસ્પતિ હોય કે મંદિરનો ઘંટ હોય, ટીટોડીનો ટહુંકો હોય કે લોકશાહીમાં મતદાન સાથે સંકળાયેલ 'નોટા'ની વ્યવસ્થા હોય. વિશ્રામ ગઢવીની કલમમાંથી એકધારી વહેતી કચ્છીમાં લખાયેલા ચોટદાર નિબંધો છે. તો વિશ્રામ ગઢવીના અન્ય નિબંધ સંગ્રહ 'છાબ' પણ જ્ઞાન, ભક્તિ અને એના આરાધકોને લગતા, કચ્છ અને તેની સાથે સંબંધિત ઘટનાઓને લગતા અને કચ્છી ભાષા અને સાહિત્ય સાથે સંબંધિત તથા અન્ય પ્રયોગાત્મક નિબંધોથી સમૃદ્ધ છે.

- **નાટકો :**

લાલજી નાનજી જોશીએ એમના પ્રખ્યાત પ્રલંબ કાવ્ય 'કચ્છજો કુરુક્ષેત્ર ઝારો' ઉપરાંત ઘણા બધા નાટકો કચ્છી અને ગુજરાતીમાં લખેલા, પણ એ છપાયા નહીં અને સચવાયા પણ નથી. પણ લિખિત અને પ્રકાશિત સ્વરૂપમાં કચ્છીમાં ચાર નાટકો વીર ખેંગાર, જગડુશા દાતાર, જામ અબડો અને ઝારેજો યુદ્ધ કારાણીજીએ આપ્યા છે. આ નાટકોની બળકટ કચ્છી ભાષા, જોશીલા અને ચોટદાર સંવાદો કારાણીજીની વર્ણનશક્તિ કાબિલેદાદ છે. કારાણીજી સારા કવિ પણ નાટકોમાં રંગમંચીય ક્ષમતાનો અભાવ. ત્રણથી ચાર પાનાના લાંબા વર્ણનાત્મક સંવાદો, મંચ પર રજૂ ન થઈ શકે એવી દૃશ્ય રચનાઓ, તેથી એ નાટકોને રંગમંચ પર પ્રસ્તુતિ અત્યંત મુશ્કેલ. પણ આ લેખકે એમના એક નાટક 'જામ અબડો'માં સારી એવી કાપકૂપ કરીને

વીસેક વખત તખતા પર રજૂ કર્યું. કારાણીની બળુકી કલમ પ્રેક્ષકો સુધી પહોંચી. નાટકોની વાત આગળ વધારીએ તો ભુજ આકાશવાણીના માધ્યમથી કચ્છી નાટકો લખાવા માંડ્યા. જેઠાલાલ જોશીનો એકાંકી સંગ્રહ 'મીંઢળબંધો હથ' ૨૦૦૭માં રજૂ થયો. તો કાંતિ ગોરનો એકાંકી સંગ્રહ 'મનજો મંચ' ૨૦૦૮માં પ્રકાશિત થયો. પણ આ બધા નાટકો આકાશવાણી અને રંગમંચ પર ભજવાઈ ચૂકેલા નાટકો હતા. એક નાટકને તો પ્રસાર ભારતીનું રાષ્ટ્રીય પારિતોષિક પણ મળેલું. આ જ લેખકનું દ્વિઅંકી નાટક 'હકલ કરે હીંયારી' રંગમંચ પર સફળતાથી ભજવાયું છે. આમેય નાટક ભજવાય ત્યારે જ નાટક બને છે. ન ભજવાય ત્યાં સુધી તો એ સ્ક્રીપ્ટ જ હોય છે. ધનલક્ષ્મી ગડાનો પણ ભીત્ત નામનો એક નાટ્ય સંચય પ્રકાશિત થયો છે. અરુણાબેન ઠક્કરનો નવ નાટકોનો એક સંગ્રહ પણ પ્રગટ થયો છે. મુંબઈના કચ્છ યુવક સંઘે અન્ય ભાષાઓમાંથી વિશન નાગડાએ કચ્છીમાં રૂપાંતરિત કરેલા નાટકો મુંબઇ અને કચ્છ ઉપરાંત વિસ્તારોમાં ભજવ્યા છે, પણ એ નાટકો પ્રકાશિત થયા નથી. આ ઉપરાંત અન્ય ઘણા લેખકોના નાટકો આકાશવાણી પરથી રજૂ થયા છે પણ તે ગ્રંથસ્થ થયા નથી.

- **બાલ સાહિત્ય :**

કારાણી બાપા ઉપરાંત મણિલાલ ગાલા, વિશન નાગડા અને ભારતી ગોર અને મંજુલાબેન ભટ્ટનું પ્રદાન બાલ સાહિત્ય ક્ષેત્રે વિશેષ ઉલ્લેખનીય છે.

બાલ સાહિત્યનો વિચાર કરતા જ કચ્છીના તમામ પ્રકારના સાહિત્યનું સફળતાથી ખેડાણ કરનાર કવિવર કારાણીજી યાદ આવે. એમનો સંગ્રહ 'બાલઆખાણી' મૂલ્યવાન સ્મરણીય બાળ વાર્તાઓ આપે છે. મોટાભાગની બાળ વાર્તાઓ જો કે ઇતિહાસ અને લોકસાહિત્ય પર આધારિત છે, પણ એનું પ્રસ્તુતીકરણ બાળ વાર્તાઓના સ્વરૂપને સરસ રીતે જાળવી રાખે છે. પણ બાળ વાર્તા ક્ષેત્રે મૂલ્યવાન અને મૌલિક પ્રદાન તો ભારતી ગોરનો બાળવાર્તા સંગ્રહ 'જાતરા' છે. બાળ માનસનું અધ્યયન કરીને એમણે અનુભવપુત્ બાળ વાર્તાઓ આપી છે, જેને ગુજરાતના લબ્ધ પ્રતિષ્ઠિત બાળ સાહિત્યના અભ્યાસુઓએ પ્રમાણી છે.

મંજુલાબેન ભટ્ટ 'યાચના'એ 'ગભુડેંજી ગાલિયું' નામે બાળવાર્તાઓ, 'હિતરે હિતરે પાણી' નામે બાળકાવ્યો અને 'ગભુરેં જ નાટક' નામે બાળ નાટકો આપ્યા છે.

મણિલાલ ગાલાએ 'આલડા સુલડા'ના પાંચ ભાગમાં બાલ આખાણીઓનું માત્ર સંપાદન નથી કર્યું પણ એનું પાઠાંતર તથા ધ્વનિમુદ્રણ આપ્યું અને એના સ્રોતની માહિતી આપીને એને પ્રમાણભૂત પણ બનાવ્યું છે. 'ઑઠમાઇઓ' પણ એમનો બાળસુલભ લોકગીત અને બાળ વાર્તાઓનો સંચય છે. ડૉ. વિશન નાગડા અને નીમુ નાગડાનું સંપાદન 'બાલગીત હાલેણા' પણ એવું જ સંપાદન છે. એ પુસ્તકની સાથે ઓડિયો સી.ડી. પણ પ્રગટ કરીને એને વાંચન સાથે શ્રવણક્ષમ બનાવ્યું છે.

- **અનુવાદ :**

કચ્છીમાં પ્રથમ અનુવાદ પુસ્તક જેમ્સ ગ્રે નામના પાદરીએ કરેલો 'મેથ્યુજી વાર્તા.' આ પુસ્તક ૧૮૩૪માં છપાયેલું.

કચ્છીમાં શ્રીમદ્ ભાગવદ્ ગીતાના ચાર અનુવાદો થયા છે : વજા ભગતે (૧૯૭૬), પ્રતાપરાય ત્રિવેદીએ (૧૯૭૬) એમણે ગીતાસાર નામે ૧૫મા અને ૧૮મા અધ્યાયના છંદોબધ્ધ અનુવાદ કર્યા છે. દુલેરાય કારાણી (૧૯૮૫) અને બાબુભાઈ ગોરીએ (૨૦૦૭)માં અનુવાદ કર્યો છે.

હાલમાં રવિ પેથાણી 'તિમિરે' રમણ મહર્ષિએ તારવેલા ગીતાના સારરૂપ ૪૫ શ્લોકનો પદ્યમાં દોહાના સ્વરૂપમાં કચ્છીમાં અનુવાદ કરેલ છે. એને ઇ-બુક રૂપે પ્રકાશિત કરેલ છે. જે 'ચીંગાર'માં પણ પ્રસિદ્ધ થયેલ છે.

આ ઉપરાંત શ્રી પ્રતાપરાય ત્રિવેદીએ રામચરિત માનસમાંથી શરદ વર્ણન અને વર્ષા વર્ણન અને રઘુવંશમાંથી અજવિલાપના કચ્છીમાં ઉત્તમ કોટિના અનુવાદ આપ્યા છે.

મણિલાલ ગાલાએ મેકમર્ડોના વૃત્તાંતનો અનુવાદ 'કચ્છ દેશ જ્યું ગાલિયું' (૨૦૦૩), ડૉ. સતીષ રોહડાના કચ્છીભાષા વિષયક પીએચ.ડી.ના નિબંધનો અનુવાદ અને ડૉ. ગીયર્સનના લિંગ્વિસ્ટીક સર્વેના કચ્છી વિષયક સર્વેનો પ્રમાણભુત અનુવાદ વાધોડ (૨૦૦૭)માં કર્યો છે. વળી રશિયન ચિત્રપટ વિશેષજ્ઞ તાસ્કોર્વસ્કીના રશિયન પુસ્તકના અંગ્રેજી અનુવાદિત પુસ્તક 'ટાઇમ વિધિન ટાઇમ'ના પસંદિત અંશોનો કચ્છી અનુવાદ 'કાર મિંજોટો કાર'ના નામે વાધોડનાં ઉપરોક્ત અંકમાં કર્યો છે. મણિલાલ ગાલાએ પોતાના કચ્છી કાવ્ય સંગ્રહ 'સંજીરેમેં ધરબાયેલી પીડા'નો ગુજરાતી અનુવાદ પણ આપ્યો છે. માધવ જોશીએ ધીરેન્દ્ર મહેતા કૃત વાર્તાસંગ્રહ 'હું એને જોઉં તે પહેલાં' અને ગુલાબ દેઢિયાના નિબંધ સંગ્રહ 'સુગંધ પર્વ'ના કચ્છી અનુવાદો 'કુંજલજી કુણકાર'માં આપ્યા છે.

કિશોર શાહે ધ્રુવ ભટ્ટની નવલકથા 'સમુદ્રાંતિકે'નો અનુવાદ 'ધરિયાવટ પારું ખણધો માડુ' નામે કર્યો છે.

મુનિશ્રી ભુવનચંદ્રજી મહારાજે કવિ તેજના પ્રતિનિધિ કાવ્યોનો અનુવાદ 'Rays of Light'ના નામે સશક્ત અને પ્રભાવશાળી અનુવાદ કર્યો છે.

ગૌતમ જોશીએ 'માણસાઈના દીવા'નો કચ્છી અનુવાદ, કવિ બોથામના હિંદી કાવ્યોનો કચ્છીમાં 'સરહદ'ના નામે કર્યો છે.

કલાધર મુતવાએ પણ ઉર્દુ કવિ શેખ અયાજના કાવ્યોનો કચ્છી અનુવાદ 'ઘાટ તો ઘૂઘાટ કરે' એ નામે કર્યો છે.

રવિ પેથાણીએ શિક્ષાપત્રીનો કચ્છીમાં અનુવાદ કર્યો છે.

જયંતી જોશી 'શબાબ' એ રવિશંકર નાનજી જોશીના ગુજરાતી પુસ્તકનો અનુવાદ કચ્છીમાં 'આખાણી અજબ ગજબજી' નામે કર્યો છે.

પણ કચ્છી અનુવાદોમાં શિરમોર કહી શકે તેવો અનુવાદ તો પ્રભાશંકર ફડકેએ કરેલો જ્ઞાનેશ્વર કૃત જ્ઞાનેશ્વરી ગીતાનો કરેલો સમશ્લોકી અનુવાદ છે.

ડૉ. કાશ્મીરા મહેતાએ પબુ ગઢવી 'પુષ્પ'ની ગઝલો અને કવિ તેજના મુક્તકોના અંગ્રેજીમાં અનુવાદ કર્યા છે. ડૉ. ધીરજ છેડાએ ૩૧ અલગ અલગ સર્જકોના કચ્છી કાવ્યોના અંગ્રેજીમાં અનુવાદ કર્યા છે અને 'ઇંકારનેશન' (૨૦૨૧) નામે સરસ પુસ્તક બહાર પાડ્યું છે.

ડૉ. કાંતિ ગોરે પંડિત જગન્નાથ રચિત ગંગાલહરીનો કચ્છી અનુવાદ કરેલ છે, જે પ્રકાશનના પથ પર છે. ઉપરાંત તેમણે કરેલો હિંદી એકાંકી 'વે જંબુદ્વીપ સે ચલે થે'નો કચ્છી અનુવાદ 'કુંજલજી કુણકાર'માં પ્રગટ થયો છે. કુંજલજી કુણકાર અને ચીંગારનાં અનુવાદ વિશેષાંકો પણ સારી અભ્યાસ સામગ્રી પૂરી પાડે છે.

- **વિવેચન :**

મદનકુમાર અંજારિયાનું પુસ્તક 'અરીસો' (૧૯૮૪) કચ્છીના સાહિત્યનું સમતોલ વિવેચન કે સમીક્ષા કરતું કચ્છીમાં લખાયેલું પુસ્તક છે.

તો ગુજરાતીના લબ્ધ પ્રતિષ્ઠિત સાહિત્યકાર ડૉ. ધીરેન્દ્ર મહેતાના ગુજરાતીમાં લખાયેલા ત્રણ પુસ્તકો 'ઘટડો મિંજ તો ગરે', 'મોરચંગના સૂર' અને 'રણ જણજણનું' કચ્છની સંસ્કૃતિ અને કચ્છીના સાહિત્યની ગતિવિધિ પર પ્રકાશ પાડતા પુસ્તકો છે.

કચ્છી ભાષાના અઠંગ અભ્યાસી અને અનેકવિધ ભાષાના વિદ્વાન વિવેચક પ્રભાશંકર ફડકેના બે પુસ્તકો 'શબ્દને સથવારે' અને 'કચ્છી કવિતા આસ્વાદના આલોકમાં' એમના વિશદ અને ઉંડાણપૂર્વકના અભ્યાસની નીપજ છે. 'કચ્છી કવિતા આસ્વાદના આલોકમાં' તો એમણે કચ્છી ભાષાના ૩૪ જેટલા કચ્છીના પ્રતિનિધિ કવિઓના કાવ્યોનો સમતોલ અને ઉત્તમ રસાસ્વાદ કરાવ્યો છે, જેને ભોળાભાઈ પટેલ અને હસુ યાજ્ઞિક જેવા વિદ્વાનોએ પ્રમાણ્યું છે. કચ્છી ન જાણતા ગુજરાતી અભ્યાસુઓ માટે કચ્છી કાવ્યોને માણવા માટેનું આ ઉત્તમ પુસ્તક છે.

કાંતિ ગોરના પુસ્તક 'ટીપે મેં મેરામણ'માં કચ્છી કવિઓની પંક્તિઓનો રસાસ્વાદ અન્ય ભાષાની સમાનભાવ કે વિચારની પંક્તિઓના સંદર્ભો સાથે કરાવવામાં આવ્યું છે, જેને રઘુવીર ચૌધરીની કલમના આશીર્વાદ મળ્યા છે. બાબુલાલ ગોરનું પુસ્તક 'અખરેંજો ઉજારો' કચ્છી ભાષામાં લખાયેલા પુસ્તકોનો પરિચય કરાવે છે. તાજેતરમાં જ રવિ પેથાણી 'તિમિર'નો કચ્છી પુસ્તકોનો રસાસ્વાદ કરાવતું પુસ્તક 'છબી' (૧૯૨૨) પ્રગટ થયું છે. જેમાં ૨૭ કચ્છી પુસ્તકોના ચોટદાર રસાસ્વાદ આલેખાયા છે. જેમાં દસ લેખ કચ્છીમાં અને ૧૭ લેખ ગુજરાતીમાં છે.

- **કચ્છીનું લોકસાહિત્ય :**

કચ્છી લોકસાહિત્યને સૌપ્રથમ પ્રકાશમાં લાવનાર સર્જક હતા જીવરામ અજરામર ગોર. એમના પુસ્તકો 'કચ્છની રસધાર' અને 'કચ્છદેશની જૂની વાર્તાઓ' ૧૯૫૨માં થયેલા એમના મરણોત્તર પ્રકાશનો છે, જે હાલ ઉપલબ્ધ નથી. અન્ય પુસ્તકોમાં કરમજી નાનજીયાણીએ લખેલ 'કચ્છી સુકેણી' (કહેવતો), કારાણીજીના છ પુસ્તકો 'કચ્છનું લોકસાહિત્ય' (૧૯૬૫), 'કચ્છ પ્રદેશનું લોકસાહિત્ય' (૧૯૭૨), 'કચ્છનું વિવિધલક્ષી લોકસાહિત્ય' (૧૯૭૯), 'કચ્છી કહેવતો' (૧૯૩૦), 'કચ્છી રમૂજી કહેવતો' (૧૯૮૧), 'કચ્છી પિરોલીઓ' (૧૯૭૫) કચ્છી લોક સાહિત્યને સુપેરે સ્થાપિત કરતા પુસ્તકો છે.

ગોવર્ધન શર્મા અને ભાવના મહેતાનું પુસ્તક 'કચ્છી લોકસાહિત્ય એક અધ્યયન' અને ઉમિયાશંકર અજાણીનું સંપાદન 'કચ્છી પિરોલીઓ' (૧૯૮૨), હરેશ દરજી કસભી લિખિત 'કચ્છી ચૌવકકોશ' (૨૦૧૧), અરવિંદ રાજગોરનું કચ્છી કહેવતો, ગૌતમ જોશીનું 'છીપરતેં ચિતર' (૨૦૦૮), લાલજી મેવાડાના પુસ્તકો પિરોલી પ્રધાનજી ભાગ-૧ (૨૦૧૭) અને ભાગ-૨ (૨૦૨૦) – આ બધા પુસ્તકો કચ્છી લોક સાહિત્યના વિવિધ સ્વરૂપો પર સારો પ્રકાશ પાડે છે. ઉપરાંત કચ્છના લોકસાહિત્ય પર ડૉક્ટરેટ કરનાર બે સંશોધકોના સંશોધન આધારિત પ્રકાશનો ડૉ. ઝોહરાબેન ઢોલિયાનું પુસ્તક 'કારાયલ' (કચ્છી લોકગીતોનો સંચય, ૧૯૯૮) અને ડૉ. દિનેશ જોશીનું પુસ્તક 'કચ્છી લોકગીતો : જીવંત દસ્તાવેજ' કચ્છી લોક સાહિત્યના અધ્યયન માટે મહત્ત્વના પુસ્તકો છે.

- **પત્રકારત્વ :**

'શબાબ'ની કચ્છમિત્રમાં જૂન ૧૯૮૧થી કચ્છીમાં ચાલતી સાપ્તાહિક કોલમ – ૪૧ વર્ષથી સતત ચાલુ લેખમાળા 'ધિલજી ગાલ્યું' ઉપરાંત સામયિકો મણિલાલ ગાલાનું વાધોડ અને માધવ જોશી 'અશ્ક'નું 'કુંજલજી કુણકાર' અને માવજી સાવલાનું 'કચ્છ કલામ' અવિસ્મરણીય સામયિકો છે. જેમાં કચ્છી સાહિત્યની ઉત્તમ સામગ્રી સચવાયેલી છે. આ ત્રણેય સામયિકો એમના સ્થાપક સર્જકોના અવસાનને લીધે બંધ પડેલા છે. જેમાંથી 'કચ્છ કલામ' તો એના ડિજિટલ સ્વરૂપમાં ઉપલબ્ધ છે પણ વાધોડ, 'કુંજલજી કુણકાર'ની સામગ્રી વહેલી તકે સચવાઈ જાય તે અનિવાર્ય રીતે આવશ્યક છે. કચ્છી સાહિત્ય અકાદમીનું મુખપત્ર 'ચીંગાર' અવિરતપણે પ્રગટ થતું રહે છે જેમાં ૨૫૦થી વધારે કચ્છી સર્જકોની રચનાઓ પ્રગટ થઈ ચૂકી છે. લાલજી મેવાડા

સંપાદિત સામયિક 'સંભાર' પણ શરૂ થયું છે.

- **પત્રલેખન :**

રામજી જોશીનું પુસ્તક 'કાગર કારાયલજે'ના પત્ર લેખનનું એકમાત્ર પુસ્તક છે.

- **પ્રવાસન :**

ઈંદરલઠ (૧૯૯૨) અને 'કુધરતજો જાધુ કચ્છ' (૨૦૦૯) અનુક્રમે ગૌતમ જોશી અને વિશ્રામ ગઢવીના પ્રવાસ વર્ણનના પુસ્તકો છે.

- **રોજનીશી :**

આ સાહિત્ય પ્રકાર માધવ જોશી 'અશ્ક' પાસેથી સાંપડ્યો છે. 'મુંજી પોથી'ના નામે કચ્છ કલામ અને કુંજલજી કુણકારમાં લખાયેલ લેખોનું પુસ્તક રૂપે પ્રકાશન થાય તે જરૂરી છે.

- **કચ્છી વ્યાકરણ અને ભાષા વિષયક પુસ્તકો :**

'કચ્છી હિંદી પહેલા પુસ્તક' (૧૯૪૯), લાલજી નાનજી વકીલ, કચ્છી ભાષાના સ્વરૂપની ચર્ચા કરતી આ પહેલી પુસ્તિકા છે. મકબુલ કચ્છી લિખિત 'કચ્છી બોલેજી કિરિયા' (૧૯૬૦) કચ્છી ભાષાના ઉચ્ચારણ સંબંધિત પુસ્તિકા છે. પણ પ્રતાપરાય ત્રિવેદીનું આ ક્ષેત્રે થયેલું પ્રદાન અત્યંત નોંધનીય છે. કચ્છી ધાતુકોશ નામે એમણે કચ્છી ભાષાના ક્રિયાપદોનાં મૂળ રૂપોનો વૈજ્ઞાનિક ઢબે પરિચય આપતું પુસ્તક આપ્યું છે. તો કચ્છી ભાષાનું વ્યાકરણનું પ્રથમ પુસ્તક કચ્છી મધ્યમ વ્યાકરણ પણ એમણે જ લખ્યું છે. પા પા પગલા (૧૯૩૨) દુલેરાય કારાણી, બારપોથી (૨૦૦૧) મણિલાલ ગાલા. આ પુસ્તિકાઓ કચ્છી ભાષા શીખવા માટેની પ્રારંભિક પુસ્તિકાઓ છે. ગીયર્સનના અહેવાલ અને કચ્છી ભાષાના સ્વરૂપની ચર્ચા કરતું પુસ્તક કચ્છી ભાષા (૨૦૦૨) ડૉ. ગોવર્ધન શર્મા અને ભાવના મહેતાએ પ્રકાશિત કરેલું છે. કચ્છી બોલી (૨૦૧૩)માં મહેન્દ્ર દોશીએ ગુજરાતી માધ્યમમાં અભ્યાસ કરતા કચ્છી ભાષી વિદ્યાર્થીઓને પડતી મુશ્કેલની સંદર્ભમાં બે ભાષાઓના સ્વરૂપની ચર્ચા કરતું પુસ્તક છે. કચ્છી ભાષા શીખવા માટે નારાયણ જોશી 'કારાયલ'એ લખેલા બે પુસ્તકો 'કચ્છી પાઠાવલી જાણ-૧' અને 'સુજાણ ભાગ-૨'ને અત્યંત લોકપ્રિયતા મળેલી છે.

- **શબ્દકોશ**

'કચ્છી ભાષા બૃહદ્ શબ્દકોશ ભાગ : ૧-૨' (૧૯૮૧, ૧૯૮૮) કચ્છી વૈયાકરણી પંડિત કવિ પ્રતાપરાય ત્રિવેદીનું પ્રદાન છે. દુલેરાય કારાણીએ સંક્ષિપ્ત 'કચ્છી ગુજરાતી શબ્દકોશ' (૧૯૮૨) આપેલ છે. 'નિંઢો શબ્દકોશ' એ મણિલાલ ગાલાનું કચ્છીમાં અર્થ સાથેનો ૨૦૦૦ શબ્દોનો સંગ્રહ છે. 'સંબંધ સોનેજી ખાણ' અને 'સબદજી સુરમ' એ લાલજી મેવાડા 'સ્વપ્ન'ના કચ્છી શબ્દોનાં વૈવિધ્યની ચર્ચા કરતા પુસ્તકો છે.

આ ઉપરાંત કચ્છીમાં થયેલા કેટલાક વિશેષ સંપાદનોની વિગત વિસ્તારભયે અહીં આલેખાઈ નથી. તો કેટલાક કચ્છી ગદ્યના પુસ્તકો પણ જાણકારીના અભાવે અહીં ઉલ્લેખ ન પામ્યા હોય તે શક્ય છે. લેખકો એની માહિતી આપશે તો આ લેખકના બહાર પડનાર પુસ્તકમાં એનો સમાવેશ થઈ શકશે. કચ્છી ગદ્ય સાહિત્યના સામાન્ય પરિચયનો આ પુસ્તકનો ઉદ્દેશ છે. તેથી વિસ્તૃત સમીક્ષાને અહીં અવકાશ નથી. ■

## મોલાતજા મીનારા

ધરતી મથે ઉતરી અચેલા,
        ચાંદ સિતારા અયો,
પુન્નઈ ડુખ અસાંકે,
        કવિતા કરાયવારા અયો,
        ચાંદ સિતારા અયો.

હલીમલી કઇંધા ઈશારા, ને
        મલધા ઘાયલ, મંજો મંજ.
ને નચાઇંધા મોરકે,
        કાં કોયલ કે ગારાયવારા અયો
        ચાંદ સિતારા અયો.

અસીં જાણે મઠા શાયર,
        મુસાયરેજા આંજે થકી,
ને આંકે કુરો કુછો?
        આંઇ મોલાતજા મીનારા અયો
        ચાંદ સિતારા અયો.


પૂજારી વજાય ઝાલર
        સવારે ઢોલીયેમેં સુતે સુતે,
ને ચે ઠાકરકે આંઈ
        મુકે કડા ડસે વારા અયો?
        ચાંદ સિતારા અયો.

થીયે ગલગલિયા ડસી આંકે,
        ને ઉભરેતો હિયો
લગે તો ભલા, ફૂલમાળ
        પેરીંધા કાં પેરાયવારા અયો
        ચાંદ સિતારા અયો.

*જયેશ ઠક્કર - વડોદરા*
*મો. ૯૮૨૪૮ ૭૭૫૮૫*




# ખુદી કો કર બુલંદ ઇતના...!



જયંતી જોષી 'શબાબ'

*ભારતે પશ્ચિમે તીરે*
*કચ્છ દેશે પ્રવર્તિતામ્ ।*
*લોક જિહ્વા ગ્રે સંસ્થિતાં,*
*તાં સદ્‌વાણીં નમામ્યહમ્ ॥*

*અલ્પા હસ્વા દીર્ઘાશ્ચ*
*વિસ્તૃતોચ્ચારણાઃ સ્વરાઃ ।*
*ગ-જ-ડે તિ વ્યંજનાશ્ચ*
*અન્યાભ્યાશ્ચ વિશેષતઃ ॥*

*પુલ્લિંગા સ્ત્રીલિંગાશ્ચ*
*નામાઃ સર્વાઃ વિશેષણાઃ ।*
*યદ્યપિ ના નાન્યતરાઃ ॥*

*મધુપાં જ્ઞાનમંજૂષાં,*
*સિંહસ્થાં શિખિવાહનામ્ ।*
*સુવક્ત્રાં વિમલાં નિત્યાં,*
*તાં સદ્‌વાણીં ભજામ્યહમ્ ॥*

*ભારતના આથમણે છેડે, કચ્છ દેશમાં પ્રચલિત, જનજીભે વસતી એ સદ્‌વાણી (કચ્છી)ને હું નમન કરું છું.*

*જે ભાષાના સ્વરો અલ્પ, હસ્વ અને દીર્ઘ વિસ્તૃત ઉચ્ચારણોવાળા તેમજ ગ, જ, ડ એવા વ્યંજનો પણ અન્ય ભાષાઓથી અલગ તરી આવે છે.*

*જે ભાષાનાં નામ, સર્વનામ, વિશેષણો, અવ્યયો અને ક્રિયાપદો ફક્ત સ્ત્રીલિંગ, પુલ્લિંગ જ. વળી નાન્યતરલિંગ વિહોણા છે.*

*જે ભાષા અમૃત (મધુ) પાનારી (મીઠાશથી ભરેલી), જ્ઞાન ભંડાર, સિંહે વસેલી, મયૂરવાહિની, સુમુખી, વિમલા (નખશીખ શુદ્ધ) અને નિત્યા (શાશ્વત) છે, એ સદ્‌વાણીને હું ભજું છું (એની સ્તુતિ કરું છું.)*

★

આવી સુંદર, અનોખી ભાષા હોય, જેના શબ્દ ભંડોળમાં એંસી હજારથીયે વધુ શબ્દો હોય અને પોતીકું વ્યાકરણ હોવા ઉપરાંત સમગ્ર વિશ્વમાં જેના ભાષકો વીસેક લાખથી વધુ હોય એ ભાષાની બંધારણીય માન્યતાનો પ્રશ્ન લગભગ પોણી સદીથી લટકતો હોય, એ વિડંબના નહીં તો શું?

આદાનપ્રદાન અને કરવા જેવા કામ જો સમયસર કરવામાં ન આવે તો સમય એનો રસ પી જતો હોય છે.

*એટલું જ કહી શકાય કે –*

***"તમન્ના ન રહી હો તો રસ ક્યાંથી લાવું?***
***પછી ધ્રુવ જેવું તપસ ક્યાંથી લાવું?***
***લાવું તો પાછી જવાનીને લાવું,***
***પરંતુ સળગતું હવસ ક્યાંથી લાવું?***
***જીવનભર તો રાખ્યા જનમકુંડલીમાં,***
***કબરમાં જ્યુપીટર વિનસ ક્યાંથી લાવું?***

*(અજ્ઞાત કવિશ્રી)*

લક્ષ્યપ્રાપ્તિ માટેની આરત સાચી. પરંતુ પ્રમાદપુરમાં એને સસમય, સાચો માર્ગ કોણ બતાડે? પણ આમ છતાં લક્ષ્ય પ્રાપ્તિમાં અરણ્ય રૂદન તો અરણ્યરૂદન. ને આમ છતાં લક્ષ્ય પ્રાપ્તિ માટે ટાગોરની પંક્તિઓમાં કહ્યા મુજબ :

***"યદી તોર ડાક સુને કેઉ ન આસે,***
***તબે એકલા ચલો, એકલા ચલો રે."***

લક્ષ્ય પ્રાપ્તિ માટે ચલ! ચલ! સિવાય ક્યાં કોઈ વિકલ્પ છે?

આના માટે આપણા પ્રયાસોની ફળશ્રુતિ અને તેનું મૂલ્યાંકન કરવું રહ્યું.

પ્રયાસોમાં, ભાષાની પ્રાચીનતા અને તેનું નિરંતર પ્રચલન, ભાષાભાષીઓની સંખ્યા અને વ્યાપ, ભાષાની સમૃદ્ધિ અને વ્યાકરણ તથા ભાષાના અવિરત ઉત્કર્ષ તો આ લેખને મથાળે આપણે લીધેલી સ્તુતિના રચયિતા અને કચ્છી ભાષાના મૂર્ધન્ય કવિ વકીલ લાલજી નાનજી જોષીના ૧૯૪૮થી તથા સમકાલીન સાહિત્યકારોના પ્રયાસોથી સર્વસ્વીકૃત છે.

ગુજરાત સરકાર દ્વારા એવા પ્રયાસોની સ્વીકૃતિને કારણે જ કચ્છીને અલગ અકાદમી, તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજી દ્વારા પ્રાપ્ત થઈ. કેન્દ્રિય સાહિત્ય અકાદમી દ્વારા કચ્છીના બે સાહિત્યકારો કવિશ્રી તેજપાલ ધારશી

'તેજ'જી તેમજ માધવ જોષી 'અશ્ક'જીનું સસન્માન અભિવાદન તથા તાજેતરમાં ભાષા પ્રચારના ભેખધારી શ્રી નારાયણ જોષી 'કારાયલ'જીને મળેલું 'પદ્મશ્રી' સન્માન છે. પ્રજા જાગૃતિ આવી જરૂર છે.

આ પ્રશ્નના જવાબમાં હું શ્રદ્ધેય સાહિત્યકાર શ્રી ગૌતમ શર્માજીના આ શે'રથી આપવાનું પસંદ કરીશ....

*આકાશથી ઉતરતી હર બુંદને પૂછું,*
*'ગૌતમ'ના રણમાં આટલી ભીનાશ ક્યાં સુધી?*

તો પછી અત્યાર સુધી ભાષાને માન્યતા આપવા માટેના પ્રયાસો ઓછા કેમ પડ્યા? એ બાબતે ચિંતન કરવાની આવશ્યક્તા છે.

પ્રજા, કચ્છી ભાષી અને કચ્છી પ્રેમીજનો પાસે શી અપેક્ષા હોય? સત્તાધારી પક્ષને બહુમતી પ્રાપ્ત થાય ત્યાં સુધી આપણે એ ભાષાને આપણા હૃદયાસને માન્યતા આપી છે. તેની પ્રતીતિ કરાવતા આવા પગલા ભરવા જોઈએ :

૧. પ્રત્યેક શિક્ષક પ્રતિબદ્ધતાપૂર્વક વિદ્યાર્થીઓને ઓછામાં ઓછું કામકાજના પ્રત્યેક દિવસે એક એક કલાક શીખવી શકો.
૨. વિદ્વાનો, સાહિત્યકારો, ભાષાને કેળવી તેમાં ઉત્કૃષ્ટ પ્રદાન કરવાની દિશામાં પગલા લઈ શકે.
૩. આર્થિક રીતે સંપન્ન લોકો આર્થિક સહાય દ્વારા પ્રેરણા અને પ્રોત્સાહન દ્વારા સહાયતા કરી શકે.
૪. આ હેતુ માટે વધુને વધુ ફંડ ફાળવાય તથા તે એ જ હેતુ માટે વપરાય. તે જોવા ઉપરાંત વણવપરાયેલું ફંડ 'લેપ્સ' ન જતાં આગામી વર્ષના ફંડમાં ઉમેરાય, એ જોઈ શકે. અન્ય સાથી સભ્યોને આ 'નોબલ કોઝ' માટે પ્રેરી, તેમને પણ એમાં જોડી શકે. કારણકે –

*'તુજ સંગે કોઈ વૈષ્ણવ થાયે, તો તું વૈષ્ણવ સાચો,*
*તારા સંગનો રંગ ન લાગે, ત્યાં સુધી તું કાચો!'*

અમને લાગે છે કે આ રીતે કામ કરતાં મંઝીલ સ્વયં આપણું સરનામું પૂછતી આવશે. કંઈ અમસ્તુ જ નથી કહેવાયું કે....

*"ખુદી કો કર બુલંદ ઈતના કી હર તકદીર સે પહલે*
*ખુદા બંદે સે ખુદ પૂછે, બતા તેરી રઝા ક્યા હૈ?"*

## માત્ર લાગણી વ્યક્ત કરવાથી જ નહીં પરંતુ દમદાર રજૂઆત દ્વારા જ કચ્છી ભાષાને માન્યતા મળશે...

કચ્છી ભાષાને માન્યતા આપવા માટે છેલ્લા ઘણા સમયથી કચ્છના સાહિત્યકારો તેમજ સામાજિક અગ્રણીઓ વ્યથાભરેલી લાગણી સાથે રજૂઆત કરતા આવ્યા છે. એમાં પણ છેલ્લા એકાદ વર્ષથી તો કચ્છી સાહિત્ય સંબંધિત એવો કોઈપણ કાર્યક્રમ નહીં યોજાયો હોય કે જેમાં આપણી કચ્છી ભાષાને માન્યતા અપાવવા અંગેની વાત ના થઈ હોય!!

વાત પણ સાચી જ છે કે દરેક 'કચ્છી માડુ'ની લાગણી તો એવી જ છે કે આપણી કચ્છી ભાષાને હવે માન્યતા મળવી જ જોઈએ.

પરંતુ સાથે સાથે એ પણ એટલી જ વાસ્તવિક્તા છે કે માત્ર લાગણી વ્યક્ત કરવાથી કાર્ય પાર પડતું નથી. જ્યાં સુધી કચ્છની સમગ્ર પ્રજા આ માંગણી સાથે નહીં જોડાય અને પ્રજાકીય પ્રતિનિધિઓ પણ મજબૂત ઈચ્છાશક્તિ સાથે દમદાર રજૂઆત નહીં કરે ત્યાં સુધી પરિણામ 'મૃગજળ' જેવું ભાષે છે. આશા રાખીએ કે હવે આંતરીક ખોટી ચર્ચાઓ બંધ કરી સર્વે પદાધિકારીઓએ કચ્છનું પાણી બતાવીને તથા આપણા વડાપ્રધાનની કચ્છ પ્રત્યેની લાગણીને ચરિતાર્થ કરી બતાવવા પરિણામલક્ષી પગલા ભર્યે જ છૂટકો!!

ગુજરાત સરકારે જ્યારે સને ૨૦૦૫માં કચ્છી સાહિત્ય અકાદમીની રચનાને મંજૂરી આપી ત્યારે તેના પ્રથમ અધ્યક્ષ શ્રી કીર્તિભાઈ ખત્રીના વડપણ હેઠળ હું પણ કારોબારી સભ્ય તરીકે ચુંટાયો હતો અને લગભગ પાંચ વર્ષ સુધી તમામના સહકાર સાથે કચ્છી સાહિત્ય અંગેના કાર્યક્રમો યોજી અકાદમીને ધમધમતી કરી હતી. સાથે સાથે મેં વહીવટી કાર્ય પણ સંભાળ્યું હતું અને મને બરોબર યાદ છે કે કચ્છી ભાષાને માન્યતા મળે તે માટે કચ્છી સાહિત્ય અકાદમી દ્વારા ખૂબ જ પત્ર વ્યવહાર થયેલો અને ગુજરાત વિધાનસભામાં કચ્છી ભાષાને માન્યતા આપવા માટેનો ઠરાવ પસાર કરાવી, કેન્દ્ર સરકારને જરૂરી દરખાસ્ત મૂકવા સુધીનો તખ્તો ઘડાયો હતો. આ અંગેનો તમામ પત્ર વ્યવહાર ગાંધીનગર ખાતે અકાદમીની કચેરીમાં હોવો જ જોઈએ, જે આપણી માંગણીના સમર્થનમાં ઉપયોગી થઈ શકે. હવે તો આ વિષયને યુધ્ધના ધોરણે હાથ પર લેવાની તાતી જરૂરિયાત છે.

કોઈ એકલદોકલ સંસ્થા કે વ્યક્તિ આ વિષય પર "યશ" લેવાની વૃત્તિથી દૂર રહીને 'સહિયારા' પ્રયત્નો દ્વારા કચ્છી ભાષાને માન્યતા મળે તેના પ્રામાણિક પ્રયત્નો કે અથાગ પરિશ્રમ કરવાની જરૂર છે. ડૉ. જયંત ખત્રી સ્મારક સાહિત્ય સભા 'સંસ્મૃતિ' ભુજ અને તેના તમામ હોદ્દેદારો વિનમ્રભાવે આ પ્રકરણમાં સાથે જ રહેશે એ કહેવાની ભાગ્યે જ જરૂર રહે છે.

***ઝવેરીલાલ એસ. સોનેજી***
***મંત્રી, 'સંસ્મૃત', ભુજ, કચ્છ***




# કચ્છી ભાષાને બંધારણીય માન્યતા એ સમયની માંગ છે

## પ્રજાકીય-રાજકીય ઇચ્છા શક્તિ આવશ્યક

શંકરભાઈ એલ. સચદે

એક અભિપ્રાય મુજબ કચ્છી ભાષાનો ઇતિહાસ હડપ્પા, મોંહે-જો-દરો તથા ધોળાવીરા સંસ્કૃતિ જેટલો જૂનો છે.

કચ્છી બોલીનો ભાષાકીય ઉલ્લેખ અતિ પ્રાચીન ગ્રંથો, પુરાણો અને પ્રાચીન અવશેષોમાં કરવામાં આવેલ છે.

નવમી સદીમાં કચ્છ પ્રદેશમાં 'જાડેજા શાસન'ની સ્થાપના થઇ. જાડેજા વંશજોએ આશરે ૮૦૦ વર્ષ શાસન કર્યું. આ શાસનકાળ દરમિયાન સ્થાનિક ભાષાને 'જાડેજી કચ્છી' તરીકે નામ આપી તેને વિકસાવી અને લોકભોગ્ય બનાવી. આ સમયમાં કચ્છી ભાષાનું વિશિષ્ટ અને સ્વતંત્ર રૂપ જોવા મળ્યું.

એક અહેવાલ પ્રમાણે ગુજરાતી ભાષી અને ગુજરાત રાજ્યમાં કચ્છી ભાષા સહિત જુદી જુદી ભાષા બોલતા લોકોની સંખ્યા નીચે મુજબ છે :

| ભાષા | ભાષા બોલનારની સંખ્યા |
|---|---|
| ગુજરાતી | ૫૩.૨૧% |
| કચ્છી | ૪૨.૩૩% |
| ઉર્દુ | ૦૦.૮૪% |
| હિંદી | ૦૦.૮૦% |
| મારવાડી | ૦૦.૨૭% |
| પંજાબી | ૦૦.૧૦% |

***બે ભાષા બોલનાર લોકોની સંખ્યા નીચે મુજબ છે :***

| | |
|---|---|
| કચ્છી | ૮૨.૨૭% |
| ગુજરાતી | ૮૦.૨૭% |

કચ્છી ભાષા સ્વતંત્ર ભાષાના લક્ષણો ધરાવે છે. તે હકીકતને નીચે જણાવેલ ચાર શોધ નિબંધોથી સમર્થન મળે છે.

૧. Phonology and Morphology of Jadeja Dialect – ડૉ. મુખરજી.

૨. Descriptive Study of Kachchhi Dialect – ડૉ. રહોડા.

૩. Segmental Phoneme of Kachchhi Dialect – ડૉ. આચાર્ય.

૪. કચ્છીનું બંધારણ – ડૉ. છાયા.

ગુજરાત સરકારે કચ્છી ભાષાને સ્વતંત્ર ભાષા તેમજ બોલી તરીકે સ્વીકૃતિ આપેલ છે. ભાષાના વર્ગીકરણ કરવા માટેના નીચે જણાવેલ નિયમોનું કચ્છી ભાષામાં પાલન થાય છે.

૧. બોલાતી ભાષાનું લિખિત સ્વરૂપમાં લિપ્યંતર.

૨. સાહિત્ય માટે લિપિનો ઉપયોગ.

૩. પ્રચાર પ્રસારના માધ્યમો જેવા કે રેડિયો, ટી.વી. વગેરે

૪. ભાષાકીય શોધ નિબંધો.

ભારત સરકાર સંચાલિત ભારતીય ભાષા સંસ્થાન - મૈસુર તથા Ciii ના સહયોગથી યોજવામાં આવેલ વર્કશોપની ફળશ્રુતિ સ્વરૂપે તૈયાર કરવામાં આવેલ અહેવાલમાં કચ્છી ભાષાના પુસ્તક અંગે નીચે મુજબની નોંધ લેવામાં આવી છે.

This books is comprehensive in nature. It will be a reference book for further studies in Kutchchhi language.

આ અભિપ્રાય કચ્છી ભાષા વૈકલ્પિક ભાષા તરીકે સક્ષમ હોવાની પુષ્ટિ કરે છે.

ભાષા વિજ્ઞાની ડૉ. પ્રબોધભાઈએ જણાવેલ છે કે, ગુજરાતી ભાષા પછી બીજા સ્થાન પર બોલાતી કચ્છી ભાષાના ભાષકોની સંખ્યા પરથી કચ્છી ભાષા ગુજરાતમાં ગુજરાતી પછી બીજા સ્થાને આવે છે.

આપણા દેશના બંધારણના આઠમા ખંડના આર્ટીકલ ૩૪૧(૧) અને ૩૫૧ હેઠળ દરેક નાગરિકને ભાષાની પસંદગી કરવાનો અને તેનો ઉપયોગ કરવાનો અબાધિત અધિકાર આપવામાં આવેલ છે. તેથી બંધારણના આર્ટીકલ ૩૫૧ હેઠળની જોગવાઈના લાભ કચ્છી ભાષાને આપવામાં આવે તે સમયની માંગ છે. કારણકે કચ્છ દેશના જુદા જુદા રાજ્યો તથા વિશ્વમાં જુદા જુદા દેશોમાં વસતા અંદાજિત ૧૯,૭૩,૦૦૦ કચ્છીઓની ભાષા કચ્છી છે.

તા. ૨૬-૦૧-૨૦૦૧ના ભૂકંપ પછી, કચ્છ એ ગ્લોબલ કચ્છ બન્યું છે. યુનેસ્કો દ્વારા માન્યતા પ્રાપ્ત ધોળાવીરા, ન્યુયોર્ક ટાઇમ્સ દ્વારા માન્યતા પ્રાપ્ત કડીઆ ધ્રો, પ્રધાનમંત્રી મા.શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા માન્યતા પ્રાપ્ત સફેદ રણ તથા નૂતન નરનારાયણ મંદિર - ભુજ સહિત સ્વામિનારાયણ સંપ્રદાયના જુદા

જુદા મંદિરો, ભદ્રેશ્વર, ૭૨ જિનાલય સહિત જૈનોની પંચતીર્થી, ધર્મગ્રંથો દ્વારા માન્યતા પ્રાપ્ત નારાયણ સરોવર, માતાના મઢ, જેસલ તોરલની સમાધિ, હાજીપીર દરગાહ તથા વોરા સમાજના નુરાની બાગ જેવા ધાર્મિક સ્થાનો, જુદા જુદા બીચો વગેરેના કારણે વિશ્વના પ્રવાસન નકશામાં કચ્છે વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કર્યું છે.

કચ્છી ભાષાને પ્રભાવક બનાવવા માટે શ્રી દુલેરાયભાઈ કારણી, કચ્છમિત્ર, આકાશવાણી - ભુજ, સર્વશ્રી માધવભાઈ, જયંતીભાઈ, નારાયણભાઈ તથા ગૌતમભાઈ જોશી, ડૉ. કાંતિભાઈ ગોર વગેરે દ્વારા મહત્ત્વનું યોગદાન આપવામાં આવે છે. છેલ્લા કેટલાક સમયથી કચ્છી સાહિત્ય મંડળ તથા શ્રી લાલજીભાઈ મેવાડા પણ missionary zeal થી કામ કરી રહ્યા છે. જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન તથા વી.આર.ટી.આઈ.ના યોગદાનની પણ નોંધ લેવી જોઈએ.




*વિશ્વ કચ્છી દિવસે 'કચ્છમિત્ર' દૈનિકના દરેક પાના પર સમજી શકાય તેવા શિર્ષકો આપી કચ્છી ભાષાને વધારે પ્રભાવક બનાવવા પ્રયત્નશીલ એવા 'કચ્છમિત્ર'ના તંત્રી શ્રી દીપકભાઈ માંકડનું કચ્છના વરિષ્ઠ ધારાશાસ્ત્રી તથા ભુજના પૂર્વ નગરપતિ શ્રી શંકરભાઈ સચદે પુષ્પગુચ્છ દ્વારા સન્માન કરી રહ્યા છે.*

કચ્છી ભાષાને માન્યતા મળે તે માટે ઘણા વર્ષોથી જુદા જુદા સ્તરોએ વખતોવખત રજુઆતો થઈ છે. આમ છતાં માન્યતા માટેના પેરામિટર્સ સંતોષાતા હોવા અંગે રજુઆત કરવા માટે અથવા ખૂટતા પેરામિટર્સ જો અને જે હોય તો અને તેની પૂર્તતા કરવા માટે ડૉ. મહેન્દ્રભાઈ દોશી, રહે. મૂળ માંડવી-કચ્છ, હાલે અમદાવાદ જેવા ભાષાશાસ્ત્રીઓ / ભાષાવિદો ઉપયોગી થઈ શકે. તાજેતરમાં ગુજરાતી સાહિત્ય પરિષદે પણ કચ્છી ભાષાને માન્યતા મળે તે માટે ઠરાવ કરેલ છે. ગુજરાત વિધાનસભાના અધ્યક્ષા કચ્છના મા. ડો. નીમાબેન આચાર્ય છે. ગુજરાતી સાહિત્ય અકાદમીના ચેરમેન સવાઈ કચ્છી ડૉ. વિષ્ણુભાઈ પંડ્યા છે. બંને Statutory Forums દ્વારા કચ્છી ભાષાને માન્યતા મળે તે માટે ઠરાવો પસાર કરી શકાય. રાજ્ય સભામાં અબડાસાના પૂર્વ ધારાસભ્ય મા.શ્રી શક્તિસિંહજીભાઈ ગોહીલે કચ્છની પ્રજાની લાગણીનો પડઘો પાડ્યો છે. સદ્‌નસીબે કચ્છના લોકસભાના સભ્ય શ્રી વિનોદભાઈ ચાવડા એક શિક્ષિત - દિક્ષીત રાજકીય અગ્રણી છે. ભારતીય જનતા પાર્ટી, ગુજરાતના મહામંત્રી છે અને સૌથી વિશેષ પ્રધાનમંત્રી મા. શ્રી નરેન્દ્રભાઈ મોદીની સૌથી નજીક છે. તેમની Good offices પરિણામલક્ષી બની શકે.

માતૃભાષાનો મહિમા સમજવા માટે ઇઝરાયેલ અને બાંગ્લાદેશ જ્વલંત ઉદાહરણો છે. ૧૯૪૮માં ઇઝરાયલની રચના થઇ. સ્થાનિક હિબ્રુ ભાષાને અધિકૃત ભાષા તરીકે સ્વીકૃતિ મળી. ઉચ્ચ શિક્ષણ માટે હિબ્રુ યુનિવર્સિટી ઓફ જેરૂસલેમની સ્થાપના થઇ. વિશ્વભરના વિદ્યાર્થીઓ ત્યાં ભણે છે. ઇઝરાયેલ ૯૫% સાક્ષરતા ધરાવતો દેશ બન્યો છે.

પૂર્વ પાકિસ્તાન બાંગ્લાભાષી વિસ્તાર હતો. પશ્ચિમ પાકિસ્તાન ઉર્દુ, પંજાબી તથા સિંધી ભાષાઓનો વિસ્તાર હતો. હિંદુ હોય કે મુસલમાન બાંગ્લાભાષીઓને પોતાની માતૃભાષા માટે પ્રચંડ અનુરાગ! પાકિસ્તાની સરકારે ઉર્દુને રાજભાષા જાહેર કરી. પૂર્વ પાકિસ્તાન પર ઠોકી બેસાડી. પૂર્વ પાકિસ્તાનમાં ઉર્દુનો વિરોધ થયો. સભા સરઘસો થયા. પાકિસ્તાન સરકારે હિંસક માર્ગ અપનાવ્યો. યુધ્ધ થયું. દુનિયાના ઇતિહાસમાં માતૃભાષા માટે લડતાં લડતાં પહેલીવાર લોકોએ શહાદત વહોરી. માત્ર ને માત્ર ભાષાની ખેવનાથી દુનિયાના નકશામાં એક દેશ બાંગ્લાદેશ અસ્તિત્વમાં આવેલ છે.

આખર તૌર કચ્છી ભાષાને માન્યતા અપાવવા સહિતના કચ્છના પ્રશ્નોના ઉકેલ માટે સેલ્ફ એસ્ટીમ, સેલ્ફ રીસ્પેક્ટ તથા સેલ્ફ ડિટરમિનેશનની ભાવના પ્રજ્જવલિત કરી, પ્રજાકીય તથા રાજકીય ઇચ્છાશક્તિ વધારે પ્રબળ બનાવવાની જરૂર છે. ■

## મોભત વધારીયું...

કચ્છમેં અવતરી પાં આનંધ મનાયું,
કચ્છી માડુજી હાણે પાં ઇજ્જત વધારીયું.

ને ખમીરસે જીએ ઇન ધિલકે વધાયું
જગમેં અવતરીને મહોભત વધારીયું.

માડુ કે માડુ કે મિલી કરે મોભતજી ગાલ્યું,
હથ મિલાયા હાણે પાં ધિલ કે મિલાયું.

કચ્છ ધરા જો પાણી હાણે પાં વતાયું
વેરકે ભૂલી 'ધિલકશ' મે'ફીલ મનાયું.

કચ્છમેં અવતરી પાં આનંધ મનાયું....

***દિલીપ આચાર્ય 'દિલકશ' - ભુજ***





## અમારી વિશેષતાઓ – સિંગલ વિન્ડો પ્લેટફોર્મ

- VT/VX ની ૬૫૦+ શાખાઓ
- ISO 9001:2015 પ્રમાણિત કંપની
- Robust Systems & Processes પર કાર્યરત
- Trace & Track Facility સાથે સંપુર્ણ કોમ્પ્યુટરાઈઝ નેટવર્ક
- બુકીંગ થી ડિલીવરી સુધી સામાનને Complete Insurance Cover
- ૧૦ કિલોથી ફુલ ટ્રક લોડ સુધીના પાર્સલ સ્વીકારીએ છીએ
- ૧૦૦૦૦૦+ સંતુષ્ટ ગ્રાહકો
- Hard Freight Surface Transportation માં ૬ દાયકાનો અનુભવ
- રોડ, એર અને રેઈલ દ્વારા Door to Door Express Cargo
- વિસ્તૃત થઈ શકતી Sypply Chain & Inventory Management

V-TRANS®
Driving Excellence

Our other Divisions | V-Xpress Safe and Reliable - For Your Peace of Mind | V-Logis Warehousing & Inventory Management

Unit 6, Corporate Park, VN Purav Marg, Chembur, Mumbai, Maharashtra - 400071
Toll Free: 1800 220 180 / Website: vtransgroup.com / Email: info@vtransgroup.com
Download: V-Trans APP from Google/IOS

"Mangal Mandir" - Regd. under Postal Registration No. GAMC-315/2021-2023 Valid upto 31st December, 2023 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 5th of Every Month.
R.N.I. No. of RNP is 33266/1978 • Published on 1st of Every Month


આ પુસ્તકોનાં પ્રાપ્તિસ્થાન

# ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

**ગૂર્જર સાહિત્યભવન**
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ,
અમદાવાદ-380001,
ફોન : 079-22149660, 09227055777
ઈ-મેઈલ : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
102, લેન્ડમાર્ક બિલ્ડિંગ,
ટાઇટેનિયમ સિટીસેન્ટર પાસે,
સીમા હૉલ સામે,
પ્રહ્લાદનગર, અમદાવાદ-380 015
ફોન : 079-26934340, 98252 68759
ઈ-મેઈલ :
gurjarprakashan@gmail.com
વેબસાઇટ :
www.gspbooksmall.com

## ભારત સરકાર દ્વારા પદ્મભૂષણથી સન્માનિત
### ક્રાંતિકારી વિચારક અને વિશ્વપ્રવાસી
# સ્વામી સચ્ચિદાનંદનાં પુસ્તકો



| | |
|---|---|
| (1) ભારતીય દર્શનો | 150 |
| (2) શિવતત્ત્વનિર્દેશ | 100 |
| (3) પ્રવચનમંગલ | 110 |
| (4) આપણે અને સમાજ | 150 |
| (5) સંસાર-રામાયણS (E) | 500 |
| (6) શ્રીકૃષ્ણલીલારહસ્યS | 250 |
| (7) વિદેશયાત્રાના પ્રેરક પ્રસંગો | 170 |
| (8) વેદાન્ત-સમીક્ષાS | 175 |
| (9) મારા અનુભવોS | 200 |
| (10) ધર્મ | 90 |
| (11) ચાલો, અભિગમ બદલીએS | 120 |
| (12) ગીતા અને આપણા પ્રશ્નો | 150 |
| (13) અધોગતિનું મૂળ : વર્ણવ્યવસ્થા | 260 |
| (14) શું ઈશ્વર અવતાર લે છે ? | 50 |
| (15) નવા વિચારોS | 160 |
| (16) નવી દષ્ટિ | 150 |
| (17) પૃથ્વી-પ્રદક્ષિણાS | 180 |
| (18) ભારતીય યુદ્ધોનો સંક્ષિપ્ત ઇતિહાસ | 200 |
| (19) નવી આશા | 140 |
| (20) હવે તો જાગીએ | 120 |
| (21) હિમાલયના હીંડોળે (H) | 100 |
| (22) નવી દિશા (H)(E) | 100 |
| (23) આપણે અને પશ્ચિમ | 220 |
| (24) ભારતમાં અંગ્રેજોનાં યુદ્ધો | 170 |
| (25) પ્રશ્નોના મૂળમાં | 180 |
| (26) ઇજિપ્ત-ઇસ્રાઈલની ઝાંખી | 140 |
| (27) ટાન્ઝાનિયામાં 17 દિવસ | 150 |
| (28) મારી બાયપાસ સર્જરી | 30 |
| (29) યુરોપની અટારીએથી | 90 |
| (30) દક્ષિણ આફ્રિકાની ઊડતી મુલાકાત | 125 |
| (31) રાષ્ટ્રના સળગતા પ્રશ્નો | 150 |
| (32) ચીન – મારી નજરે | 180 |
| (33) ઉપસંહાર | 100 |
| (34) અગવડોમાં આરાધના | 45 |
| (35) પશ્ચિમ થઈને રશિયા | 250 |
| (36) યુદ્ધ અને યુદ્ધનેતા (H) | 150 |
| (37) નર-નારીના સંબંધો, લગ્નસંસ્થા તથા આવેગો અને લાગણીઓ | 200 |
| (38) મારા ઉપકારકો | 45 |
| (39) પૂર્વમાં નવું પશ્ચિમ | 220 |
| (40) આફ્રિકા-પ્રવાસનાં સંસ્મરણો | 70 |
| (41) આપણી દુર્બળતાઓ | 90 |
| (42) શ્રીલંકાની સફરે | 130 |
| (43) દક્ષિણ-પૂર્વનો પ્રવાસ | 125 |
| (44) માનવ-સંબંધો | 130 |
| (45) રાષ્ટ્રીય તીર્થ આંદામાન | 125 |
| (46) ટર્કી અને ઇજિપ્ત | 150 |
| (47) સ્થાપત્ય અને શૌર્યની ભૂમિ રાજસ્થાન | 180 |
| (48) ફરી પાછા પૂર્વમાં | 100 |
| (49) સિક્કિમ અને ભુતાનનો પ્રવાસ | 100 |
| (50) ભર્તૃહરિનાં બે શતકો | 170 |
| (51) પૂર્વ-યુરોપનો પ્રવાસ | 200 |
| (52) મોરિશિયસ અને દુબઈનો પ્રવાસ | 100 |
| (53) ચાણકયની રાજનીતિ | 360 |
| (54) મારા પૂર્વાશ્રમનાં સંસ્મરણો | 90 |
| (55) લેહ, લદ્દાખ, કારગિલ, કાશ્મીર | 80 |
| (56) હિમાલયનાં ચાર ધામ | 80 |
| (57) વાસ્તવિકતા (E) | 180 |
| (58) કાન્હડદેપ્રબંધ-સાર | 70 |
| (59) બોધગયામાં નેત્રશ્રાદ્ધ | 75 |
| (60) મહાભારતની જીવનકથાઓ | 180 |
| (61) તામિલનાડુની યાત્રા | 100 |
| (62) પૌરાણિક કથાઓ | 200 |
| (63) જૂનાગઢનો આઝાદીજંગ | 50 |
| (64) 'મહાભારત'નું ચિંતન | 350 |
| (65) 'રામાયણ'નું ચિંતન | 350 |
| (66) સિખ (શીખ) ધર્મના પક્ષમાં | 110 |
| (67) શિવાજીની શૌર્યગાથા | 230 |
| (68) શહીદોની ક્રાંતિગાથાઓ | 200 |
| (69) મહર્ષિ દયાનંદ સરસ્વતી | 160 |
| (70) ગીતાજીનું ચિંતન : સંયુક્ત આવૃત્તિ | 650 |
| (71) અમરકંટક અને મધ્યપ્રદેશનો મહિમા | 120 |
| (72) સંતચરિત્રો અને ચિંતન | 200 |
| (73) ભાગવતનું ચિંતન | 140 |
| (74) પૂર્વની સાત બહેનો | 110 |
| (75) મહાન મહિલાઓ | 150 |
| (76) ત્યાગ-અહિંસા-આતંકવાદ | 150 |
| (77) સાચા મહાપુરુષો | 180 |
| (78) ઉપનિષદોની કથાઓ અને ચિંતન | 160 |
| (79) બુદ્ધ-જાતક-ચિંતન : 1 | 300 |
| (80) બુદ્ધ-જાતક-ચિંતન : 2 | 300 |
| (81) સરદારસાહેબ : મારી નજરે | 50 |
| (82) સૌરાષ્ટ્રનો મધપૂડો | 160 |
| (83) ફાંસીના વરરાજાઓ | 150 |
| (84) કાલાપાની | 80 |
| (85) ક્રાન્તિકથાઓ | 160 |
| (86) કચ્છી કથાઓ | 140 |
| (87) વિષ્ણુસહસ્ત્રનામ (ભાગ-1) | 250 |
| (88) વિષ્ણુસહસ્ત્રનામ (ભાગ-2) | 350 |
| (89) પ્રશ્ન એ જ ઉત્તર | 80 |
| (90) મહાભારત-સાર | 250 |
| (91) જો સરદાર સાહેબ વડાપ્રધાન બન્યા હોત તો ? | 20 |
| (92) વિદુર નીતિ | 300 |
| (93) વાલ્મીકિ-રામાયણ-સાર | 325 |
| (94) ચાણક્યની વ્યવહારનીતિ | 150 |
| (95) મુનશી પ્રેમચંદજીનો પુનરાવતાર | 150 |
| (96) સૌરાષ્ટનું શૂરાતન | 150 |
| (97) વસ્તુપાળ અને તેજપાળ | 150 |
| (98) બુદ્ધચરિત્રચિંતન | 120 |
| (99) શ્રી હનુમાનચાલીસા | 70 |
| (100) હમ્પી, વેલૂર અને હળેબીડૂ પ્રવાસ | 50 |
| (101) શ્રી કબીરજીનું ચિંતન | 150 |
| (102) લક્ષદ્વીપ-પ્રવાસ | 65 |
| (103) કોલંબસ અને વાસ્કો દ ગામા ભારતમાં કેમ ન પાક્યા ? | 80 |
| (104) સિકંદર અને નેપોલિયન | 125 |
| (105) મહાન લિંકન | 100 |
| (106) કૌસાની,રાણીખેત અને નૈનિતાલ ઊડતો પ્રવાસ | 45 |
| (107) ગોંડલ-બાપુ મહારાજા ભગવતસિંહજી | 125 |
| (108) તનોટમાતા અને લોંગોવાલનું યુદ્ધ | 60 |
| (109) મહાદેવી અહલ્યાબાઈ હોળકર | 90 |
| (110) આદિ સુધારક રાજા રામમોહન રાય | 70 |
| (111) કડવામીઠા અનુભવો | 120 |
| (112) બીજાપુરથી નાંદેડ | 60 |
| (114) ગંગાસતીની અમર વાણી | 300 |
| (115) ગોવાપ્રવાસ | 40 |
| (116) ઋષિવર શ્રી પ્રભાશંકર પટ્ટણી | 90 |
| (117) નેપાળ-યાત્રા | 75 |
| (118) ખોટા ઉપદેશોનાં ખોટાં પરિણામ | 70 |
| (119) હરિદ્વારની યાત્રા | 60 |
| (120) અબળામાંથી પ્રબળા સિંધુતાઈ સપકાળ | 90 |
| (121) આંદામાનનો ત્રીજો પ્રવાસ | 50 |
| (122) વીરતા પરમો ધર્મ: | 150 |
| (123) કાશ્મીરનો ટૂંકો ઇતિહાસ | 130 |
| (124) આપણી બોધકથાઓ | 225 |
| (125) અમારી અધૂરી નર્મદા-પરિક્રમા | 100 |
| (126) વિચારોનો ગુલદસ્તો | 100 |
| (127) મોગલોની આંતરિક હિંસા | 250 |
| (128) ઇઝરાયલનાં ચમત્કારિક પરાક્રમો | 50 |
| (129) છેડતીથી બરબાદી | 70 |
| (130) વીરાંગના મલાલા યુસુફજઈ | 60 |
| (131) પટના અને પન્ના | 60 |
| (132) અમારા વૃદ્ધાશ્રમોના કડવા અનુભવો | 90 |
| (133) માનસ મંગલાચરણ મંથન | 125 |
| (134) કાશી-અયોધ્યાની યાત્રા | 100 |
| (135) માનસ-મધપૂડો | 140 |


*If undelivered please return to :*

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલની સામે, પાલડી - એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૧ થી ૬૦૦૬

**To,**